દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 290 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 December 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૯ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



ફોરમ વર્લ્ડવાઈડ પ્રસ્તુત કરે છે

# EUROPE'26

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

**એપ્રિલ થી ઓક્ટોબર સુધી - "1500+ પ્રવાસીઓ" ની યુરોપ ગ્રુપ ટુરો "કિચન કેરેવાન" સાથે આયોજીત કરનાર એક માત્ર પાયોનીયર**

**ચેતવણી: યુરોપના પ્રવાસીઓ માટે 'પબ્લિક એડવાઈઝરી'**
**સ્વિત્ઝર્લેન્ડના પ્રવાસનું સત્ય: મૌખિક વાતો નહીં, લેખિત વચનો (Written Commitments) માંગો**

## 2026 યુરોપ ટૂર બુક કરતા પહેલા દરેક પરિવાર માટે અવશ્ય વાંચવું

યુરોપની યાત્રા જીવનની યાદગાર સફર હોય છે. પરંતુ જ્યારે પરિવાર માટે 15–20 લાખ રૂપિયાની રકમ ખર્ચાઈ રહી હોય ત્યારે સ્પષ્ટતા, સત્ય અને ખાતરી—આ ત્રણ બાબતો અત્યંત જરૂરી બની જાય છે. ખાસ કરીને સ્વિટ્ઝર્લૅન્ડ સેક્ટર એ ભાગ છે જ્યાં નવા નિશાળિયા ઓપરેટરો પ્રવાસીઓને સૌથી વધારે ગેરમાર્ગે દોરે છે. આ લેખ તમને તે તમામ હકીકતો સમજાવે છે જે જાણ્યા વગર યુરોપ ટૂર બુક ન કરવી જોઈએ.

**૧. ઈન્ટરલેકનમાં ૫ રાત રોકાણ: એક મીઠી ભ્રમણા**
**ઈન્ટરલેકન સ્વિસનું હાર્ટ છે, પણ શું ત્યાં સળંગ ૫ રાત રહેવું વ્યવહારિક છે ? ના.**
મોટાભાગના સાઈટસીંગ (જીનીવા, ઝુરિક, રાઈન ફોલ્સ, લ્યુસર્ન ) ઈન્ટરલેકનથી ઘણા દૂર છે. જો કોઈ તમને ૫ રાત ઈન્ટરલેકનનું વચન આપે તો સમજવું કે તમારો સમય બસની મુસાફરીમાં જશે.
☛અમારી સલાહ: સાચા સ્વિસ પ્રવાસ માટે ઝુરિક, જીનીવા અને લ્યુસર્ન વચ્ચે રોકાણ વહેંચવું (Split Stay) અનિવાર્ય છે. આ રાઉટીંગ લેખિતમાં માંગો.

**૨. હોટેલ બદલવાની 'રમત' (Last-Minute Hotel Switching)**
બુકિંગ લેવા માટે પહેલા 'સેન્ટ્રલ હોટેલ' બતાવાય છે અને ટૂર પહેલા "Availability" ના બહાને શહેરથી ૨૦ કિ.મી. દૂર ઉતારી દેવાય છે.
☛ તમારો અધિકાર: બુકિંગ સમયે જ હોટેલના નામ, લોકેશન અને Pin Code લેખિતમાં માંગો.




100% PURE VEG & JAIN FOOD

THE TRUTH

**૩. કિચન કેરેવાન: હકીકત કે માત્ર માર્કેટિંગ?**
આજે બધા 'કિચન કેરેવાન' નો દાવો કરે છે. પણ શું ત્યાં જમવાનું તાજું બને છે? કે પછી બાહરથી 'બોક્સ ફૂડ' લાવીને પીરસાય છે?
☛ સવાલ પૂછો: "શું બ્રેકફાસ્ટ, લંચ અને ડિનર સાઈટ પર લાઈવ બને છે? કે બાહરથી આવે છે?" શું તમે ડિનર લાઈવ ગરમા ગરમ ખવડાવશો કે TIFFIN ડિનર આપશો ?
યાદ રાખો: ફોરમ વર્લ્ડવાઈડે ૨૦૦૬ માં યુરોપમાં સૌપ્રથમ કિચન કેરેવાન શરૂ કર્યું હતું. અમે જે કહીએ છીએ, તે જ પીરસીએ છીએ.

**ઘર ઘર માં લોકપ્રિય એવા "ફોરમ વિરલ શાહ" ના કુશળ માર્ગદર્શન હેઠળ . 20 વર્ષો ના અનુભવ સાથે . યુરોપ માં કિચન કેરેવાન સુવિધાઓ નો ઈતિહાસ રચનાર એ જ ફોરમ વર્લ્ડવાઈડ**


**હરો ફરો ધુરંધરો સાથે, ન કે નવા નિસાડિયા સાથે.**

ફોરમ વર્લ્ડવાઈડ નો મેગા ઓફર નો લાભ લો.. બુક કરાવો તમારા 2026 ના પ્રવાસો, અમારા 2025 ના જુના ભાવે.. 15 DECEMBER સુધીજ

***ITALY | AUSTRIA | SWISS | FRANCE | BELGIUM | NETHERLANDS***

| | | | |
|---|---|---|---|
| Grand Europe | 17 DAYS | Charm Europe | 10 DAYS |
| Glimpse Europe | 13 DAYS | Essense of Italy (New Tour By FWW) | 10 DAYS |

- ફક્ત અમારી સાથે માણો સ્વિટ્ઝર્લૅન્ડ ના 3 MOUNTAINS - MT. TITLIS WITH ICE FLYER, JUNGFRAU, HARDER KULM WITH FUNICULAR RIDE
- સવાર - બપોર - સાંજ અમારા રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ ઘર જેવી રસોઈ ( જૈન પણ )
- દરેક સ્થળે કિચન કેરેવાન ની સુવિધા ( SWIZTERLAND & PARIS માં પણ )
- હાર્ટ ઓફ સ્વિટ્ઝર્લૅન્ડ ઇન્ટરલૅકન માં 3 રાત્રી મુકામ (ફક્ત અમારી સાથે)
- અગત્ય ના બધાજ જોવા લાયક સાઈટસીઈંગ નો સમાવેશ
- સવાર અને સાંજે ગરમાગરમ મસાલા ચા
- ૧૧ સુંદર શહેરો ની મુલાકાત
- RHINE FALLS માં બોટ રાઈડ
- GSTAAD - DDLJ પોઇન્ટ
- પેરિસ બાઈ નાઈટ ટુર
- એકેન્સી લેક ક્રુઝ












**CHOOSE THE COMPANY THAT DELIVERS — NOT DIVERTS**

**FORAM 9324366095 | JAY 9167008678 | BHAKTI 9321236935**
**DINESH 8591728602 | DHRUV 8169369686 | DIVYA 9833998338**

**HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI**

WWW.FORAMWORLDWIDE.COM I INFO@FORAMWORLDWIDE.COM I FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | RAJKOT | PUNE | USA | UAE

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પશ્ચિમ બંગાળ અને તમિળનાડુમાં એનડીએ જીતશેઃ અમિત શાહ

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ અને સહકાર ખાતાના પ્રધાન અમિત શાહે રવિવારે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ અને તમિળનાડુમાં આગામી વિધાનસભા ચૂંટણીઓમાં એનડીએની મોટી જીત થશે, કારણ કે ભારતના લોકોએ કૉંગ્રેસ અને તેના સાથી પક્ષોને નકારી કાઢ્યા છે. તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા જ્યાં તેમણે રૂ. ૧,૫૦૦ કરોડના ખર્ચે ત્રણ રમતગમત સંકુલ સહિત અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે ૨૦૨૯ વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ અને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ પછી, અમદાવાદ ૨૦૩૬ ઑલિમ્પિકનું પણ આયોજન કરશે.

તેમણે કહ્યું કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પછી ભાજપનો વિજયનો સિલસિલો ચાલુ જ રહ્યો છે. આજે આ તબક્કાથી, હું મમતાબેન (મમતા બેનર્જી) અને સ્ટાલિનજીને તૈયાર રહેવા કહેવા માગુ છું. બિહાર પછી, પશ્ચિમ બંગાળ અને તમિળનાડુમાં એનડીએનો વિજય થશે. પરિણામો આવવા દો. બંગાળ અને તમિળનાડુમાં તેમનો હાલના સત્તાધારી પક્ષનો સફાયો થઈ જશે, તેમ શાહે કહ્યું હતું. તેમણે મતદાર યાદી અને ઈવીએમમાં ગેરરીતિઓ અંગે વિપક્ષી નેતાના આરોપો પર રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું હતું. શાહે કહ્યું હતું કે રાહુલ ગાંધી ઈવીએમ અને મતદાર યાદી પર દોષારોપણ કરતા રહે છે, જ્યારે હકીકત એ છે કે દેશના લોકો કૉંગ્રેસ અને તેના ગઠબંધન ભાગીદારોને સ્વીકારી રહ્યા નથી, તેમણે ઉમેર્યું હતું કે વિપક્ષી પક્ષો પાસે કોઈ નેતા કે નીતિ નથી અને દેશના કોઈપણ ખૂણામાં તેમને સ્વીકારવામાં આવતા નથી, તેમ શાહે કહ્યું હતું.

# ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડીની આગાહીઃ ૧૦.૬ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડું સ્થળ

અમદાવાદઃ ગુજરાત સહિત સમગ્ર ઉત્તર ભારતમાં શિયાળાનો પ્રકોપ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે. રાજ્યભરમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. અનેક શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે ઊતરી ગયું છે. નલિયા ૧૦.૬ ડિગ્રી સાથે ગુજરાતનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. આગામી દિવસોમાં વધુ આકરી ઠંડી પડવાની આગાહી કરવામાં આવી છે. ભૂજમાં ૧૩.૫ ડિગ્રી અને રાજકોટમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. ગાંધીનગર અને રાજકોટમાં ૧૬ ડિગ્રી, જ્યારે અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૬.૪ ડિગ્રી નોંધાતા લોકોમાં ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બન્યો છે.

તાપમાન ઘટતાં સમગ્ર રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે અને સવાર-સાંજ લોકો ઘરેથી બહાર નીકળવામાં હવે સંકોચ અનુભવી રહ્યા છે.

# ખાદી બની ગુજરાતનું નવું ગૌરવઃ ત્રણ વર્ષમાં ₹ ૧,૭૦૦ કરોડથી વધુનું વેચાણ

અમદાવાદઃ રાજ્યમાં ખાદીને પ્રોત્સાહન આપવા ગુજરાત રાજ્યની સ્થાપનાથી ‘ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ’ની રચના એક વૈધાનિક બોર્ડ તરીકે કરવામાં આવી હતી. રાજ્યમાં ખાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ દરમિયાન રૂ. ૧,૭૦૦ કરોડથી વધુનું વેચાણ કરીને સ્વદેશી અભિયાનમાં વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે રૂ. ૬૮૩ કરોડથી વધુ ખાદી ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવ્યું છે. ખાદી ઉત્પાદન પ્રવૃત્તિ ક્ષેત્રે સંકળાયેલા હજારો કાંતનાર-વણનાર કારીગરોને સતત રોજગારી મળી રહી હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આજે આધુનિક યુગમાં પણ યુવાઓની પહેલી પસંદ ખાદી રહી છે, ત્યારે ગાંધીજીની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન ૧૦ ટકા ઉપરાંત વધારાનું ૨૦ ટકા બજાર પ્રોત્સાહન સંસ્થાઓને આપવામાં આવે છે. આ પ્રોત્સાહન, સંસ્થાએ છૂટક વેચાણ દરમિયાન ગ્રાહકોને આપવાનું હોય છે. જેથી આમ નાગરિકોને ખાદી ઉત્પાદનો મૂળ કિંમત પર ૩૦ ટકાના ડિસ્કાઉન્ટ ભાવે મળે છે. જેના પરિણામે મોટા પ્રમાણમાં નાગરિકો ખાદી ખરીદવા આકર્ષાય છે.

# ગોંડલના રાજકુમાર જાટ મૃત્યુ કેસમાં આરોપી ગણેશ જાડેજાનો નાર્કો ટેસ્ટ ૧૨-૧૩ ડિસેમ્બર સુધી ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના ગોંડલ પંથકમાં ભારે ચર્ચા જગાવનાર રાજકુમાર જાટ અપમૃત્યુ કેસમાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આ કેસના સંડોવાયેલા ગણેશ ગોંડલને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ) ખાતે લાવવામાં આવ્યો હતો. સોમવારથી શરૂ થયેલી નાર્કો ટેસ્ટ માટેની આ પ્રક્રિયા આગામી ૧૨થી ૧૩ ડિસેમ્બર સુધી ચાલવાની છે. જોકે, સીધો નાર્કો ટેસ્ટ કરતા પહેલા ગણેશ ગોંડલના વિવિધ મેડિકલ રિપોર્ટ્સ કરવામાં આવશે અને તેઓ શારીરિક રીતે ફિટ જણાય તો જ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુના નેતૃત્વમાં ચાલી રહેલી તપાસમાં હવે વૈજ્ઞાનિક ઢબે પુરાવા એકત્ર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

આ કેસમાં સત્ય બહાર લાવવા માટે ગણેશ ગોંડલને ગાંધીનગર એફએસએલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ૮ ડિસેમ્બરથી એટલે કે પ્રક્રિયાના પ્રથમ દિવસથી લઈને આગામી ૧૩ ડિસેમ્બર સુધી કુલ ચાર દિવસ સુધી નાર્કો ટેસ્ટ સંબંધિત વિવિધ તબક્કાઓ હાથ ધરાશે. મહત્ત્વની વાત એ છે કે, નાર્કો એનાલિસિસ ટેસ્ટ માટે ખુદ ગણેશ ગોંડલ દ્વારા અગાઉ પોતાની સંમતિ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, નાર્કો ટેસ્ટ એ એક જટિલ પ્રક્રિયા હોવાથી તે સીધેસીધી કરવામાં આવતી નથી. પ્રોટોકોલ મુજબ, એફએસએલમાં સૌથી પહેલા ગણેશ ગોંડલના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવશે. આ માટે વિવિધ મેડિકલ ટેસ્ટ કરવામાં આવશે. જો નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા તેમને મેડિકલી ફિટ જાહેર કરવામાં આવશે, ત્યારબાદ જ નાર્કો ટેસ્ટનો મુખ્ય તબક્કો શરૂ કરવામાં આવશે. આ ટેસ્ટ દ્વારા ઘટના સમયે ખરેખર શું બન્યું હતું તેની વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવશે.

# કંડલાના મીઠા પોર્ટની ૨૫૦ કરોડથી વધુની ૧૦૦ એકર જમીન દબાણમુક્ત, ૫૦૦ પોલીસ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના કંડલા ખાતેના મીઠા પોર્ટ પર સોમવારની વહેલી સવારથી જ ૨૦ જેસીબી અને ૧૦૦ ટ્રેક્ટર-ટ્રોલી સાથે ૫૦૦ જેટલા પોલીસ કર્માચારીઓના ચુસ્ત બદોબસ્ત સાથે મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાઇ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, દીનદયાલ પોર્ટ ઓથોરિટી (ડીપીએ) અને પૂર્વ કચ્છ જિલ્લા પોલીસે સંયુક્ત રીતે આ કામગીરી વહેલી સવારથી શરૂ કરી દીધી છે, જે સાંજ સુધી ચાલુ રહેશે. દબાણ દૂર કરવા માટે પૂર્વ કચ્છ જિલ્લામાંથી આશરે ૪૦ અધિકારી અને ૫૦૦ જેટલા પોલીસ કર્મચારીને સુરક્ષાના કારણોસર તહેનાત કરવામાં આવ્યા છે.

આ મેગા ડિમોલિશનને દરિયાઈ સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. અંદાજે ૫,૦૦૦ જેટલા લોકોની વસ્તી ધરાવતા મીઠા પોર્ટ વિસ્તારમાં પેટ્રોલિયમ એક્ટ અને ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ સંબંધિત ગુનાઓનું પ્રમાણ વધુ જોવા મળતું હતું. અસામાજિક પ્રવૃતિઓ ધરાવતા આ વિસ્તારમાં દબાણો તોડવાની કામગીરી નોટિસનો સમયગાળો પૂર્ણ થયે ચાલુ કરી દેવામાં આવી હોવાનું અંજાર નાયબ પોલીસવડા મુકેશ ચૌધરીએ જણાવ્યું હતું.

# ગુજરાતની જેલોમાં વકીલો માટે યોગ્ય સુવિધાઓની માગ ડી.જી.પી.ને રજૂઆત

## હર્ષ સંઘવી સાથે એડવોકેટની મુલાકાતઃ સગવડ કરી આપવા હૈયાધારણ

અમદાવાદઃ ગુજરાતની સેન્ટ્રલ, જિલ્લા, અને સબ-જેલોમાં કેદીઓને મળવા આવતા વકીલો માટે યોગ્ય અને સન્માનીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની માંગ સાથે એડવોકેટે ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, જેલ વિભાગ, ગુજરાતને એક વિસ્તૃત અરજી આપી હતી. આ ઉપરાંત એડવોકેટ ગૃહપ્રધાન હર્ષ સંઘવીની પણ મુલાકાત લીધી હતી. જેમાં તેમણે સગવડ કરી આપવા હૈયાધારણ આપી છે.

જેલમાં વકીલ મુલાકાતની પ્રક્રિયામાં પડતી મુશ્કેલીઓ પર ભાર મૂકતા હાઇકોર્ટના એડવોટે દેવ કેલ્લાએ જણાવ્યું હતું કે, કોર્ટના હુકમથી જેલમાં રહેતા તમામ કેદીઓના બંધારણીય હક્કોની રક્ષા કરવીએ વકીલોની મહત્વપૂર્ણ જવાબદારી છે. કેસની કાર્યવાહી ઝડપી બને અને અંડર ટ્રાયલ કેદીઓને યોગ્ય ન્યાય મળે તે માટે વકીલોએ આરોપીઓ પાસેથી કેસની વિગતવાર માહિતી મેળવવા મુલાકાત કરવી અનિવાર્ય છે. જોકે, હાલની પ્રણાલીમાં વકીલોને મુલાકાતની અરજી આપવા માટે અંદાજિત બે કલાક અગાઉ જવું પડે છે અને ત્યારબાદ કેદીઓની મુલાકાત માટે ખૂબ જ રાહ જોવી પડે છે. આના કારણે વકીલોને પોતાનો કિંમતી સમય ફાળવવો પડે છે. આ મુદ્દે લેખિતમાં નીચે મુજબની રજૂઆત કરવામાં આવી હતી. વકીલ-કેદી મુલાકાત માટે ઓનલાઈન પોર્ટલની સુવિધાઃ વકીલોને જેલમાં રૂબરૂ જઈને અરજી આપવી પડે છે અને ત્યારબાદ ઘણી રાહ જોવી પડે છે. ભારત સરકારે નેશનલ પ્રિઝન પોર્ટલ શરૂ કર્યું હોવા છતાં, તે ઘણીવાર ચાલતું ન હોવાથી મુશ્કેલી પડે છે. તેથી, ગુજરાત સરકાર દ્વારા એક નવા ઓનલાઈન પોર્ટલની શરૂઆત કરવામાં આવે તો જેલમાં ભીડ ઓછી થશે, વહીવટી બોજ ઘટશે અને પ્રક્રિયા સરળ બનશે. વકીલો માટે યોગ્ય બેઠક વ્યવસ્થાનો અભાવઃ હાલમાં, ગુજરાત રાજ્યની જિલ્લા અને સબ-જેલો ખાતે વકીલો માટે કોઈ નિયત બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ નથી. જેના કારણે મુલાકાતી વકીલોને લાંબા સમય સુધી ઊભા રહેવું પડે છે. તેથી, તમામ જેલ પરિસરોમાં યોગ્ય બેઠક વ્યવસ્થા ફાળવવા અરજ કરવામાં આવી છે.

# ભાવનગરમાંથી મોટું આંતરરાષ્ટ્રીય કૌભાંડ પકડાયુંઃ બે બેંક કર્મચારી સહિત દસ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસની સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા એક ખૂબ જ મોટા આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમનો પર્દાફાશ થયો છે. આ ગુનાનો રેલો ચીન અને દુબઈ સુધી પહોંચ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ભાવનગરમાંથી સંચાલિત કૌભાંડ રૂ. ૭૧૯ કરોડનું હોવાનું જાણવા મળ્યું હતું. આ પ્રકરણમાં ભાવનગરની એક ખાનગી બેંકના બે કર્માચારી પણ સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. મ્યુલ બેંક અકાઉન્ટ, આંગડીયા પેઢી અને મની લોંડરિંગ મારફતે આટલી માટી ઉચાપત કરી હોવાનુ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર આ ગુનો ૨૬ રાજ્ય અને પાંચ કેન્દ્રશાસિત પ્રદેશમાં ફેલાયેલું છે. ભાવનગરની ઈન્ડસઈન્ડ બેંકની શાખામાં ૧૧૦ જેટલા બોગસ ખાતાઓ ખોલવામાં આવ્યા હતા અને ભોગ બનેલા લોકોનાં નાણાં તેમા જમા થતાં હતાં.

આ ગેંગ દ્વારા મહારાષ્ટ્ર, તમળિનાડુ, તેલંગણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, કર્ણાટક, કેરળમાં ગુનો આચરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે અને દરેક રાજ્યની પોલીસ તેમને શોધતી હોવાનું પણ જાણવા મળ્યું હતું.

પોલીસે દસ આરોપી સામે ગુનો નોંધી, તેમના મોબાઈલ સહિતના સંસાધનો જપ્ત કરી તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએમ જણાવ્યું હતું.

# મનસુખ વસાવાને ચૈતર વસાવાનો જવાબઃ મારી વિરુદ્ધ પુરાવા આપો નહીં તો હું માનહાનિનો કેસ કરીશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવાએ નર્મદા જિલ્લામાં રાજકીય નેતાઓ અને વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચાર અંગે કરેલા ગંભીર આક્ષેપો બાદ વિવાદ વકર્યો છે. વસાવાએ ભ્રષ્ટાચાર કરનારાઓના નામ કે પુરાવા જાહેર કર્યા નહોતા, પરંતુ મુખ્ય નિશાન આમ આદમી પાર્ટી (આપ)ની ટીમને બનાવ્યું હતું. તેના જવાબમાં આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ આ આક્ષેપોને પાયાવિહોણા ગણાવી, ઉલટાનું ભાજપ પર જ આદિજાતિ વિકાસના ફંડના દુરુપયોગનો આરોપ લગાવી રાજકીય માહોલ ગરમાવ્યો છે. મનસુખ વસાવાએ આક્ષેપ કર્યો હતો કે આપની ટીમ એજન્ટો મૂકી વિકાસ કાર્યોમાં ક્ષતિઓ શોધી તોડ કરે છે. એક વર્ષ પહેલાં આપના એક નેતાએ રેન્જ ફોરેસ્ટ ઓફિસર (આરએફઓ) પાસેથી રૂ. ૫૦ લાખનો તોડ કર્યો હતો. હત્યાના પીડિતોને સહાય અપાવવા માટે પણ તમામ પક્ષના નેતાઓ સહિતની ટીમે રૂ. ૧૦-૧૦ લાખનો તોડ કર્યો હતો.

જેની સામે ચૈતર વસાવાનો વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, જો ભાજપના સાંસદ મારા વિરુદ્ધ પુરાવા નહીં આપે તો અમે માનીશું કે તેમને મનોચિકિત્સક પાસે સારવાર લેવાની જરૂરત છે. મારા વિરુદ્ધ પુરાવા રજૂ કરવામાં આવે, નહીં તો હું માનહાનિનો કેસ કરીશ. આ સાથે મનરેગા કૌભાંડ સમયે પણ મનસુખ વસાવાએ આરોપોને નકાર્યા હતા, પરંતુ બાદમાં કૌભાંડ બહાર આવ્યું હતું. મનસુખ વસાવા ભ્રષ્ટાચાર કરનારાઓનું લિસ્ટ સરકારને આપે તેવો પડકાર ફેંક્યો હતો.

# ગીર સોમનાથના તાલાલામાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપ, કેન્દ્રબિન્દુ ૧૨ કિ.મી દૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભૂકંપના આંચકાએ લોકોની ચિંતા વધારી છે. તેમાં પણ ગીર સોમનાથના તાલાલામાં સતત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા છે. ડિસેમ્બર મહિનાની શરૂઆતથી જ સતત ધ્રૂજારી અનુભવાઈ રહી છે. ત્યારે સોમવારે સવારે ૧૦:૫૧ વાગ્યે તાલાલામાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્ર બિન્દુ તાલાલાથી ૧૨ કિલોમીટર દૂર નોંધાયું હતું. જો કે કોઈ જાનહાની કે મોટું નુકસાન થયું હોવાના સમાચાર નથી. આ ઘટનાની જાણ તાલાલા મામલતદાર કચેરી દ્વારા જિલ્લા કક્ષાએ કરવામાં આવી હતી. ખાસ કરીને સાસણગીર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સવારે ૧૦.૫૧ વાગ્યે આ ભૂકંપના આંચકા અનુભવાતા સ્થાનિકોમાં થોડો ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક સમય અનુસાર ભૂકંપની તીવ્રતા ૩.૧ રહી હતી.

ભૂકંપનું કેન્દ્રબિંદુ (એપી સેન્ટર) તાલાલાથી ૧૨ કિલોમીટર દૂર ઉત્તર-પૂર્વ દિશામાં હરીપુર ગામ નજીકના જંગલ વિસ્તારમાં નોંધાયું હતું. ભૂકંપ જમીનની સપાટીથી માત્ર ૪.૧ કિલોમીટરની ઓછી ઊંડાઈએ ઉદ્‌ભવ્યો હોવાથી તેની તીવ્રતા વધુ અનુભવાઈ હતી.

# અમદાવાદનો સુભાષ બ્રિજ ૧૫ ડિસેમ્બર સુધી બંધ રહેશેઃ ચાર એજન્સી ટેસ્ટિંગ કરશે

અમદાવાદઃ શહેરના સૌથી વ્યસ્ત અને મુખ્ય રોડ મનાતા સુભાષબ્રિજ પર તિરાડ અને સ્પાનનો ભાગ બેસી જવાની ઘટના મામલે મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર હરકતમાં આવ્યું છે. બ્રિજ નિર્માણ અને કન્સલ્ટન્ટ એજન્સીઓએ સુભાષબ્રિજના ટેસ્ટિંગની કામગીરી શરૂ કરી છે. અલગ અલગ ત્રણ એજન્સી અને કન્સલ્ટન્ટ દ્વારા બ્રિજના રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે. આગામી ૧૫ ડિસેમ્બર સુધી બ્રિજના ટેસ્ટની કામગીરી ચાલવાની હોવાના કારણે હજી એક અઠવાડિયા સુધી બ્રિજ બંધ રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ સૂત્રોના જણાવ્યા મુજબ, શહેરના સુભાષબ્રિજ પર પડેલી તિરાડ અને ભાગ બેસી જવા મામલે બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા અલગ અલગ ત્રણ એજન્સી પાસે આખા સુભાષબ્રિજના ટેસ્ટિંગની કામગીરી કરાવવામાં આવી રહી છે. આઠ ડિસેમ્બરના રોજ વડોદરાની જીઓ ડાયનેમિક્સ નામની કંપની દ્વારા સુભાષબ્રિજની તપાસ કરવામાં આવી રહી છે. બ્રિજના તમામ પિલર અને તમામ સ્પાનના ઇન્ટિગ્રિટી ટેસ્ટ કરવામાં આવશે. તમામ પાસાં પર તપાસ કરીને બે દિવસ બાદ બ્રિજનો રિપોર્ટ આપવામાં આવશે. નવ ડિસેમ્બરના રોજ મંગળવારે સુભાષબ્રિજના ઇન્સ્પેક્શન અને ટેસ્ટ માટે આવશે. બે દિવસ બાદ આઈઆઈટી મુંબઈ અને આઈઆઈટી રૂડકીની ટીમ પણ બ્રિજના ઇન્ફેક્શન અને ટેસ્ટ માટે આવશે, જેથી આખા અઠવાડિયા દરમિયાન સુભાષબ્રિજના ટેસ્ટ અને ઇન્સ્પેક્શનની કામગીરી કરવામાં આવશે. સોમવારે સાંજ સુધીમાં તમામ ટેસ્ટ પૂર્ણ થઈ ગયા બાદ બ્રિજ અંગેનો નિર્ણય લેવામાં આવી શકે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સૂત્રોના જણાવ્યા મુજબ, એક અઠવાડિયા સુધી બ્રિજના ઇન્સ્પેક્શન અને ટેસ્ટની કામગીરી અલગ અલગ એજન્સીઓ દ્વારા કરવામાં આવશે. એ તમામ એજન્સીઓનાં સૂચનો અને રિપોર્ટના આધારે રાજ્ય સરકાર નિર્ણય લેશે.

# સુરત પોલીસે ચોરને જ ચોરેલા રોકડા રૂપિયા અને દાગીના આપતા હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરની રાંદેર પોલીસે ‘તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ હેઠળ, પોલીસે ચોરને જ હજારો રૂપિયા અને સોનાના દાગીના આપી દીધા હતા. આ સમગ્ર મામલો બહાર આવતા ખળભળાટ મચી ગયો હતો. પોલીસ પાસેથી મોટો દલ્લો મળ્યા બાદ ચોર પણ ફરાર થઈ ગયો હતો, હવે પોલીસે તેને શોધવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

આ સમગ્ર મામલે મળતી માહિતી પ્રમાણે, મકાન માલિક આકાશ શિરોયાનાં ઘરમાંથી એક અજાણ્યા વ્યક્તિએ ચોરી કરીને રૂ.૨.૬૯ લાખ રોકડ અને સોનાના દાગીના ચોર્યા હતા. આ અંગેની ફરિયાદ નોંધવામાં આવી હતી. જે બાદ પોલીસને એક બાઈક બિનવારસી હાલતમાં મળી હતી. જેમાં એક થેલી લટકાવેલી હતી. આ થેલીમાંથી રોકડા રૂપિયા, દાગીના અને એક દારૂની બોટલ પણ મળી હતી.પોલીસ બાઈકના નંબરના આધારે દક્ષેશ પટેલ સુધી પહોંચી હતી અને રાંદેર પોલીસે મોટી ગફલત કરી નાખી હતી.

પોલીસને લાગ્યું હતું કે, આ દક્ષેશ પટેલ જ ખરો માલિક છે અને કોઈપણ પ્રકારની દસ્તાવેજી અથવા ક્રોસ-વેરિફિકેશન કર્યા વિના ચોર પાસેથી મળેલા રૂપિયા અને દાગીના તેને જ પરત સોંપી દીધા હતા.

# અમદાવાદ ઍરપોર્ટ પર ઈન્ડિગોની ૩૨ ફ્લાઇટ્સ રદઃ મુસાફરો અટવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈન્ડિગો એરલાઈન્સમાં ચાલી રહેલી ઓપરેશનલ કટોકટી અને ક્રૂની ગેરહાજરીના કારણે સોમવારે પણ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (જીટ્ઠઈઅ) પર ફ્લાઇટ વિક્ષેપ યથાવત રહ્યો હતો. દિવસ દરમિયાન ૩૨ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી, જેમાં ૩૯ આગમન અને ૪૬ પ્રસ્થાનનો સમાવેશ થાય છે. આના કારણે સેંકડો મુસાફરો એરપોર્ટ પર અટવાઈ ગયા હતા.

અમદાવાદ એરપોર્ટ માટે આ બીજો મોટો વિક્ષેપ હતો; રવિવારે પણ ૬૫થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. ઘણા મુસાફરોએ ફરિયાદ કરી હતી કે એરલાઈને તેમને ફ્લાઇટ રદ થવાની જાણકારી છેલ્લી ઘડીએ આપી હતી, જેના કારણે તેમની મુસાફરીની યોજનાઓ ખોરવાઈ ગઈ હતી. સોમવારે જે મુખ્ય રૂટની ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી તેમાં દિલ્હી, મુંબઈ અને હૈદરાબાદ જેવાં મેટ્રો શહેરો તેમ જ ગોવા, પુણે, ચેન્નઈ, અમૃતસર, શ્રીનગર, લખનૌ, બેંગલુરુ અને કોલકાતા જેવા અન્ય મુખ્ય શહેરોના રૂટનો સમાવેશ થાય છે. પ્રથમ રદ મધ્યરાત્રિ પછી તરત જ શરૂ થઈ હતી અને દિવસભર ચાલી હતી. ગયા અઠવાડિયે મોટા પાયે ક્રૂની ગેરહાજરીને કારણે ઈન્ડિગો દેશભરમાં મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. શુક્રવારે એરલાઈને સમગ્ર ભારતમાં રેકોર્ડ ૧૬૦૦ ફ્લાઇટ્સ રદ કરી હતી, જે કટોકટીની ગંભીરતા દર્શાવે છે.

# નવસારીની મીઠાઈની દુકાનમાં નવ વર્ષમાં દસમી વાર ચોરીનો નવો રેકોર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ચોરીનો એક અનોખો કિસ્સો સામે આવ્યો હતો. મિઠાઈની દુકાનમાં ૯ વર્ષમાં ૧૦મી વાર ચોરી થઈ હતી. ગઠિયા સેંકડો કિલો કાજુ કતરી સહિતની મોંઘી મીઠાઈ ઉઠાવી ગયા હતા. દુકાન માલિકના જણાવ્યા પ્રમાણે, ચોરો રોકડની સાથે લાઇટ ડેઝર્ટ ઉઠાવતાં ગયા હતા.

નડિયાદમાં ૨૦૧૫માં મિઠાઈની દુકાન ખોલનારા વેપારીના જણાવ્યા પ્રમાણે, તેમણે ત્રણ વખત પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ઉપરાંત અન્ય ચોરીની ઘટનામાં પોલીસે જાણવા જોગ નોંધ કરી હતી. જોકે હજુ સુધી એક પણ ચોરીની ઘટનાનો ભેદ ઉકેલાયો નથી. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, આસપાસની કેટલીક દુકાનોમાં ત્રણ કે ચાર ચોરીના પ્રયાસો થયા છે. પરંતુ મારી દુકાનમાં થયેલી ચોરીઓ તો એક રેકોર્ડ છે. વેપારીએ ચોરીની ઘટના અટકાવવા સીસીટીવી લગાવ્યા હતા પરંતુ ચોરો ડિજિટલ વીડિયો રેકોર્ડર પણ ઉઠાવતા ગયા હતા. વેપારીના કહેવા મુજબ, દુકાનમાં ચોરીની ઘટના રોકવા માટે તેમણે શક્ય તમામ તરકીબ અપનાવી છે પરંતુ કંઈ પરિણામ મળ્યું નથી. મારી દુકાનની બહાર એક પોઈન્ટ પર પોલીસની ચોકી છે. વીવીઆઈપી મુલાકાત અને તહેવારો દરમિયાન પોલીસકર્મીઓને બંદોબસ્તમાં ફાળવી દેવામાં આવે છે, આ દિવસોમાં જ ચોરીની ઘટના નોંધાઈ છે.

# સુરતમાં આઠ દિવસમાં ૨,૯૫૮ વાહનચાલક સામે કડક કાર્યવાહી

અમદાવાદઃ સુરતમાં ટ્રાફિક નિયમોનું કડક અને અસરકારક પાલન થાય તે હેતુથી સુરત શહેર ટ્રાફિક શાખા દ્વારા તાજેતરમાં એક વિશેષ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસે કડક વલણ અપનાવ્યું હતું, જેના કારણે મોટી સંખ્યામાં કેસ નોંધાયા હતા. ૨૮ નવેમ્બર થી ૫ ડિસેમ્બર દરમિયાન હાથ ધરવામાં આવેલી આ સઘન કાર્યવાહીથી શહેરીજનોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સુરત શહેર ટ્રાફિક શાખા દ્વારા આ સઘન ડ્રાઇવ દરમિયાન મુખ્યત્વે એવા વાહનચાલકોને નિશાન બનાવવામાં આવ્યા હતા જેઓ સામાન્ય રીતે રોડ સેફટીના નિયમોની અવગણના કરતા હોય છે. આ ઝુંબેશમાં રોંગ સાઇડમાં વાહન ચલાવતા ડ્રાઇવરો, હેલ્મેટ વિના વાહન હંકારતા ચાલકો, નિર્ધારિત મર્યાદા કરતાં વધારે ઝડપે વાહન ચલાવતા લોકો અને ટ્રાફિક સિગ્નલનો ભંગ કરનારા વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય નાના-મોટા ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા કેસો પણ નોંધવામાં આવ્યા હતા. સુરત ટ્રાફિક શાખાની આ વિશેષ ઝુંબેશમાં એક અઠવાડિયામાં નિયમભંગના કુલ ૨,૯૫૮ કેસ નોંધવામાં આવ્યા હતા. ટ્રાફિક પોલીસે સ્થળ પર જ દંડ વસૂલ કરીને અને ઈ-ચલણના માધ્યમથી કાર્યવાહી કરીને આ તમામ કેસ નોંધ્યા હતા.

# હોમગાર્ડ્ઝ જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે હોમગાર્ડ જવાનોની નિવૃત્તિ વયમર્યાદામાં ત્રણ વર્ષનો વધારો કરવા અંગે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. રાજ્ય સરકારે મુંબઇ હોમગાડ્ર્ઝ રૂલ્સ, ૧૯૫૩ના નિયમ- ૯ માં આ અંગે સુધારો કર્યા બાદ આ નિર્ણય જાહેર કર્યો હતો, જેને પરિણામે હવે હોમગાર્ડઝ સભ્યોની નિવૃત્તિ વયમર્યાદા ૫૫ વર્ષથી વધારીને ૫૮ વર્ષની રહેશે. બૃહદ મુંબઇ રાજ્યમાં ૬ઠ્ઠી ડીસેમ્બર, ૧૯૪૭ના રોજ પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓમાં આંતરિક સુરક્ષા માટે હોમગાર્ડઝ દળની રચના કરવામાં આવી હતી.

નાયબ મુખ્ય પ્રધાન અને રાજ્ય ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આ દળ પોલીસના પૂરકબળ તરીકે ઉત્તમ કામગીરી કરી રહ્યું છે. હોમગાર્ડઝના જવાનો માનદ સેવા આપીને ચૂંટણી બંદોબસ્ત, ટ્રાફિક ફરજો, રાત્રી પેટ્રોલિંગ, વી.આઈ.પી. બંદોબસ્ત, ધાર્મિક,મેળા બંદોબસ્ત સહિતની દૈનિક તમામ ફરજો પોલીસ સાથે ખંતપૂર્વક નિભાવે છે. આ નિર્ણયથી હોમગાર્ડઝ સભ્યોમાં રાષ્ટ્ર-સેવા કરવા માટેનો જુસ્સો વધશે, અને તેઓ વધુ ત્રણ વર્ષ માટે પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવી શકશે., તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આ નિર્ણયથી હોમગાર્ડઝ સભ્યોને વધુ ત્રણ વર્ષ રાષ્ટ્ર અને સમાજની સેવા કરવાનો મોકો મળશે.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 290 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માર્ગશીર્ષ વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 December 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૯ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# નહેરુએ ‘વંદે માતરમ્’ સાથે વિશ્વાસઘાત કર્યોઃ મોદી






નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે, મોહંમદ અલી ઝીણાની કોમી ચિંતાઓનો પડઘો પાડી સ્વતંત્ર ભારતના સૌપ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ રાષ્ટ્રગાન ‘વંદે મારતમ્’ સાથે વિશ્વાસઘાત કર્યો હતો અને ‘વંદ માતરમ્’ના ટૂકડેટુકડા કર્યા હતા જેણે ભારતને તુષ્ટિકરણના માર્ગે મૂક્યું અને અંતે એને લીધે દેશના ભાગલા પડયા.

મોદીએ કૉંગ્રેસ પર સમાજિક એકતાનું બહાનું કાઢીને રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્‌ના ટૂકડે ટૂકડા કરી નાખ્યા હતા. તેમણે કહ્યું કે કૉંગ્રેસ હજી પણ તુષ્ટિકરણનું રાજકારણ (જુઓ પાનું ૨) ▶▶



**લોકસભામાં ચર્ચા કરતા વડા પ્રધાને આક્ષેપ કર્યો કે કૉંગ્રેસ આ મામલે ગાંધીજીની ઈચ્છાની ઉપરવટ ગઈ**

## બંગાળની ચૂંટણી આવી રહી છે એટલે ‘વંદે માતરમ્’ પર ચર્ચા કરાવી સરકારેઃ પ્રિયંકા



નવી દિલ્હી : કૉંગ્રેસે સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર ‘ઈતિહાસને ફરી લખવાનો પ્રયાસ’નો અને ‘વંદે માતરમ્’ ચર્ચાને રાજકીય રંગ આપવાનો આક્ષેપ કર્યો હતો. કૉંગ્રેસે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ ગમે એટલો પ્રયાસ કરે પરંતુ તે જવાહરલાલ નહેરુના યોગદાનને કલંક લગાડી નહી શકે. વિરોધ પક્ષે કહ્યું હતું કે કૉંગ્રેસે ‘વંદે માતરમ્’ જે મહત્ત્વને લાયક હતું એ આપ્યું હતું અને તેને રાષ્ટ્રીય ગીતનો મોભો આપ્યો હતો. કૉંગ્રેસના લોકસભાના નાયબ નેતા ગૌરવ ગોગોઈએ આક્ષેપ કર્યો હતો કે વડા પ્રધાનને કોઈ પણ મુદ્દા પર બોલતી વખતે ભારતના પ્રથમ વડા પ્રધાન નહેરુ અને (જુઓ પાનું ૨) ▶▶






## ઈન્ડિગો સામે દાખલારૂપ પગલાં લેવાશેઃ સરકાર

**કટોકટીનું કોઈ કારણ જડતું નથી કહીને ઈન્ડિગોએ હાથ ઉપર કરી દીધાઃ ઍરલાઈનના સીઈઓ અને સીઓઓને સમન્સ**

મુંબઈ : ઈન્ડિગોએ સોમવારે ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)ને જવાબ આપ્યો હતો કે છેલ્લા એક અઠવાડિયામાં હજારો ફ્લાઈટ રદ થઈ અને ફ્લાઈટમાં મોટો વિલંબ થયો એવા તેના ઑપરેશનમાં વ્યાપક તૂટી પડવા માટે કોઈ એક કારણ શોધી શક્યું નથી. એવિયેશનના નિયામક ડીજીસીએને આપેલા ઔપચારિક જવાબમાં ઈન્ડિગોએ પેસેન્જરની થયેલી હાડમારી માટે ખેદ વ્યક્ત કરતા કહ્યું હતું કે અમને જડમાં રહેલા કારણને શોધવા માટેની સર્વગ્રાહી સમીક્ષા કરવા માટે વધુ સમય જોઈશે.

નાગરિક ઉડ્ડયન ખાતાના પ્રધાન કે. રામમોહન નાયડુએ સોમવારે રાજ્યસભામાં કહ્યું હતું કે સરકારે ઈન્ડિગો સામે દાખલારૂપ પગલાં લેશે જેથી બીજી (જુઓ પાનું ૨) ▶▶

## ઈન્ડિગો મામલો ગંભીરઃ સુપ્રીમ કૉર્ટ

### હાલ દખલ નહીં પણ દિલ્હી હાઈ કૉર્ટમાં આવતી કાલે સુનાવણી

નવી દિલ્હીઃ ઈન્ડિગો ઍરલાઈન્સ દ્વારા સેંકડો ફ્લાઈટ રદ કરવામાં આવી હોવાને મામલે અદાલતની દરમિયાનગીરીની માગણી કરતી અરજીને તાકીદે સુનાવણી કરવાનું સુપ્રીમ કૉર્ટે સોમવારે એમ કહીને નકારી કાઢ્યું હતું કે કેન્દ્ર સરકારે વર્તમાન પરિસ્થિતિની નોંધ લઈ તેમાં સુધારો કરવાનાં પગલાં લીધાં છે.

જોકે સુપ્રીમ કૉર્ટે ઈન્ડિગો દ્વારા સંખ્યાબંધ ફ્લાઇટ્સ કેન્સલ કરાતા સર્જાયેલી કટોકટીને ગંભીર મામલો ગણાવ્યો હતો. આ મામલે દિલ્હીની હાઈ કૉર્ટમાં કરવામાં આવેલી એક અરજી પર અદાલત આવતી કાલે એટલે કે બુધવારે સુનાવણી કરશે.ઈન્ડિગો ઍરલાઈન્સ દ્વારા સેંકડો (જુઓ પાનું ૨) ▶▶

## સાડા પાંચ વર્ષમાં ૬.૧૫ લાખ કરોડ રૂપિયાની અધધધ લોનના નામનું બૅન્કોએ નાહી નાખ્યું

નવી દિલ્હીઃ જાહેર ક્ષેત્રની બૅન્કોએ છેલ્લા સાડા પાંચ વર્ષમાં ૬.૧૫ લાખ કરોડ રૂપિયાની લોન માંડી વાળી છે, એમ સોમવારે સંસદને જણાવવામાં આવ્યું હતું.

રાજ્ય કક્ષાના નાણા પ્રધાન પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે રિઝર્વ બૅન્કના ડેટા મુજબ, જાહેર ક્ષેત્રની બેંકોએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષ અને ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ (કામચલાઉ ડેટા) સુધી કુલ ૬,૧૫,૬૪૭ કરોડ રૂપિયાની લોન માંડી વાળી છે.’’ નાણાકીય વર્ષ (જુઓ પાનું ૨) ▶▶

## જાપાનમાં ૭.૬નો ભૂકંપ, સુનામી

ટોક્યોઃ ઉત્તર જાપાનના દરિયાકિનારે સોમવારે ૭.૬ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના પગલે પ્રદેશના દરિયાકાંઠાના સમુદાયોમાં ૪૦ સેન્ટિમીટર સુધીની સુનામી આવી હોવાનું જાપાનની હવામાન એજન્સીએ જણાવ્યું હતું.

એજન્સીએ જણાવ્યું હતું કે આ તીવ્રતાનો ભૂકંપ જાપાનના મુખ્ય હોન્શુ ટાપુના ઉત્તરીય પ્રાંત એઓમોરીની બરાબર પૂર્વમાં અને હોકાઇડો ટાપુની બરાબર દક્ષિણમાં આવ્યો હતો. તેણે જણાવ્યું કે હોકાઇડો પ્રીફેક્ચરના ઉરાકાવા શહેરમાં અને (જુઓ પાનું ૨) ▶▶

## ‘વંદે માતરમ્’ ક્યારેય ઈસ્લામ વિરોધી નહોતુંઃ રાજનાથ સિંહ

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે સોમવારે કહ્યું હતું કે ‘વંદે માતરમ્’ રાષ્ટ્રગીતનો કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના મૂલ્યાંકન કરવાનો આ સમય છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે સંપૂર્ણ ગીત અને ‘આનંદ મઠ’ પુસ્તક ક્યારેય ઈસ્લામવિરોધી નહોતું અને તે બંગાળના નવાબ તેમ જ બ્રિટિશ સામ્રાજ્ય વિરુદ્ધની લોકોની લાગણીઓનું પ્રતિબિંબ પાડે છે.

‘વંદે માતરમ્’ રાષ્ટ્રગીતના ૧૫૦મા વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલ ચર્ચામાં ભાગ લેતાં રાજનાથસિંહે કૉંગ્રેસ પર આક્રમક પ્રહાર કરતા તેમણે દાવો કર્યો હતો કે તુષ્ટિકરણનું રાજકારણ દેશના (જુઓ પાનું ૨) ▶▶




એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાબરના નામે મસ્જિદોના વાવરને પોષવા જેવો નથી

**તૃણમૂલ** કૉંગ્રેસ (ટીએમસી)ના સસ્પેન્ડ કરાયેલા ધારાસભ્ય હુમાયુ કબીરે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના નિર્માણનો પાયો નાખ્યો તેના કારણે ઊભું થયેલું કમઠાણ શાંત પડ્યું નથી ત્યાં હવે હૈદરાબાદમાં બાબરી મસ્જિદ મેમોરિયલ અને વેલ્ફેર ઇન્સ્ટિટ્યૂશન બનાવવાનું એલાન થયું છે. હૈદરાબાદમાં તહરીક મુસ્લિમ શબ્બન નામની સંસ્થા કામ કરે છે કે જેના વિશે અત્યાર લગી કોઈએ કશું સાંભળ્યું નહોતું. મુશ્તાક મલિક આ સંસ્થાના પ્રમુખ છે ને મલિક કઈ વાડીનો મૂળો છે એ પણ કોઈને ખબર નથી.

અચાનક ફૂટી નિકળેલા આ મુશ્તાક મલિકે બાબરી ધ્વંશની વરસીએ એલાન કરી દીધું કે, ગ્રેટર હૈદરાબાદમાં બાબરી મસ્જિદ મેમોરિયલ અને વેલ્ફેર ઇન્સ્ટિટ્યૂશન બનાવવામાં આવશે અને આવતા વરસે બાબરી ધ્વંશની વરસી આવે ત્યાં સુધીમાં તો બધું ફાઈનલ થઈ જશે. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ હિંદુવાદી સંગઠનોની કારસેવા દરમિયાન બાબરી મસ્જિદનો ધ્વંસ કરી દેવાયો હતો. શનિવારે મસ્જિદ તોડી પાડવામાં આવ્યાની ૩૩મી વરસીએ મોટા ભાગના મુસ્લિમ આગેવાનો અને સંગઠનો શાણપણ વાપરીને ચૂપ રહ્યાં ને કોઈ કાર્યક્રમ ના આપ્યા પણ જેમને કોમવાદ ફેલાવીને મુસ્લિમોના ઠેકેદાર બનીને રાજકીય રોટલો શેકવામાં રસ છે એવા કેટલાક મુસ્લિમ આગેવાનોએ બાબરી ધ્વંસનો ખરખરો કર્યો ને મુશ્તાક મલિક તેમાંથી એક છે.

હુમાયુ કબીરમાંથી પ્રેરણા લઈને પોતાને હૈદરાબાદમાં બાબરી મસ્જિદનું સ્મારક બનાવવાનો વિચાર આવ્યો હોવાનું ના લાગે એટલા માટે મુશ્તાક મલિકે દાવો કર્યો છે કે, પોતે છેક ૨૦૧૯થી હૈદરાબાદમાં બાબરી મસ્જિદનું સ્મારક બનાવવાની વાત કરે છે અને આ સ્મારક કેવી રીતે અને કેટલા સમયમાં બનાવવામાં આવશે તેની જાહેરાત અમે ટૂંક સમયમાં કરીશું.

મુશ્તાક મલિકે મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદનો પાયો નખાયો એ કાર્યક્રમનો ઉલ્લેખ કરીને વખાણ પણ કર્યાં. બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગામાં ધારાસભ્ય હુમાયુ કબીરે શનિવારે અયોધ્યાની બાબરી મસ્જિદ જેવી જ મસ્જિદનો પાયો નાંખ્યો એ કાર્યક્રમમાં ૨ લાખથી વધુ લોકોની ભીડ ઉમટી હતી. બંગાળના અલગ-અલગ જિલ્લાઓમાંથી લોકો ઈંટો લઈને આવ્યા હતા ને તેનો ઉપયોગ પાયો નાખવા માટે કરાયો. ઘણા મુસ્લિમો પોતાના માથા પર ઈંટો લઈને આવેલા તો ઘણા ટ્રેક્ટર-ટ્રોલી, રિક્ષા કે વાનમાં ઈંટો લઈને કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. મલિકનું કહેવું છે કે, મુસ્લિમો સો-સો કિલોમીટર ચાલીને પહોંચ્યા એ જોઈને ગર્વ થાય છે.

મલિકે દાવો કર્યો કે, બાબરી મસ્જિદ રામમંદિર તોડીને બનાવાઈ હતી તેના કોઈ પુરાવા નથી કેમ કે બાબરના અવસાનના ૬૦ વર્ષ પછી રામચરિત માનસ લખનારા સંત તુલસીદાસે તેમના ગ્રંથમાં અયોધ્યામાં રામમંદિર તોડાયું હોવાનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. મલિકે એકદમ હાસ્યાસ્પદ વાત એ કરી કે, બાબરી મસ્જિદ નામ મોગલ આક્રમણખોર બાબરના નામ પરથી પડ્યું એમ માનવાને કોઈ કારણ નથી કેમ કે બાબરી મસ્જિદ બાંધવા માટે બાબરે નાણાં આપેલો એવો કોઈ ઉલ્લેખ નથી.

બાબર પછી હુમાયુનું રાજ આવ્યું અને પછી અકબર શહેનશાહ બનેલો. અકબરના મહેલમાં હિંદુ રીતિ-રિવાજો પળાતા હતા અને પ્રાર્થનાઓ પણ થતી હતી. જોધાબાઈ અકબરના મહેલમાં રહેતાં હતાં પ્રાર્થનાઓ અને હવન થતા હતા. અકબરના શાસનકાળમાં તુલસીદાસ જીવંત હતા અને તુલસીદાસ અકબર સાથે વાત કરી શકતા હતા. માનસિંહ અકબરના સેનાપતિ હતા અને તુલસીદાસ આ વિશે તેમને પણ પૂછી શક્યા હોત પણ તુલસીદાસની રામાયણમાં આવી કોઈ વાત આવતી નથી કે બાબરે રામમંદિર તોડ્યાનો ઉલ્લેખ નથી તેથી બાબરે મંદિર તોડ્યું એ વાતને માની ના શકાય. મલિકનું તો એવું પણ કહ્યું કે, અયોધ્યાના બાબર નામના કોઈ સ્થાનિક વ્યક્તિએ મસ્જિદ બનાવવા નાણાં આપ્યાં હોય ને તેના નામ પરથી બાબરી મસ્જિદ નામ અપાયું હોય એ શક્ય છે.

મલિકે એવો દાવો પણ કર્યો કે, બાબરી મસ્જિદ રામમંદિર તોડીને બનાવાઈ હતી એ રાજકીય કુપ્રચાર સિવાય કંઈ નથી અને ભાજપ-આરએસએસ પોતાના ફાયદા માટે આ કુપ્રચાર ચલાવે છે. આ દેશને વિભાજિત કરવા માટેનો રાજકીય પ્રોપેગેન્ડા છે અને તેના કારણે હિન્દુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી અને દલિતો વચ્ચેનો ભાઈચારો તૂટી ગયો છે અને નફરતના બીજ વાવવામાં આવ્યા છે.

મલિકની બધી વાતો માંડવી શક્ય નથી પણ તેમણે બાબરનો બચાવ કર્યો છે એ આઘાતજનક છે. બાબરના શાસનમાં રામ જન્મભૂમિ મંદિર તોડાયું હોવાના ઘણા પુરાવા મળે છે અને ઘણાં લખાણોમાં તેનો ઉલ્લેખ છે. ઈતિહાસકારોએ બાબરે રામમંદિર તોડ્યું તેનો ઉલ્લેખ કર્યો છે અને આ ઈતિહાસકારો હિંદુ નહીં મુસ્લિમ હતા. ૧૫૨૫માં બાબરે ભારત પર આક્રમણ કર્યું અને ૧૫૨૬માં દિલ્હીની ગાદી કબજે કરી. ૧૫૨૮માં તેના એક સેનાપતિ મીર બકીએ અયોધ્યા પર હુમલો કર્યો ત્યારે રામજન્મભૂમિ મંદિર તોડી મસ્જિદ બનાવી તેવું કહેવાય છે.

મીર બકીએ રામજન્મભૂમિ મંદિર કેમ તોડ્યું તે વિશે મૌલવી અબ્દુલ કરીમે પર્શિયનમાં લખેલી બુકમાં લખ્યું છે. આ લખાણ પ્રમાણે, બાબર કલંદર નામના સૂફી સંતનો વેશ ધારણ કરીને અયોધ્યા આવેલો. બાબર શાહ જલાલ તથા સૈયદ મુસા આશિકાન નામના સૂફી સંતોને મળ્યો હતો. તેમણે બાબરને ભારત પર આક્રમણમાં મદદ કરવાની ખાતરી આપી પણ બદલામાં રામ જન્મભૂમિ મંદિર તોડવાની શરત રાખી હતી.

બાબરે એ શરત માન્ય રાખી હતી તેથી મોગલ સલ્તનતની સ્થાપના કરી પછી મીર બકીને મોકલીને રામમંદિર તોડાવીને તેના સ્થાને મસ્જિદ બનાવડાવીને પોતાનું વચન પાળ્યું હતું. મૌલવી અબ્દુલ કરીમના પૌત્ર મૌલવી ગફ્ફારે પર્શિયન બુકનો ઉર્દૂમાં અનુવાદ કર્યો તેમાં આ બધી વિગતો છે. ૧૯૩૨માં છપાયેલી મૂળ બુકમાં બહુ વિસ્તૃત રીતે આ લખાયેલું છે ને આ પુસ્તક અયોધ્યાના લાલા સીતારામ પાસે સચવાયેલું છે. મુશ્તાક મલિક સહિતના નમૂનાઓએ આ ઈતિહાસ વાંચવાની જરૂર છે.

મુશ્તાક મલિક રામચરિતમાનસનો હવાલો આપે છે એ પણ હાસ્યાસ્પદ છે. રામચરિત માનસ ભગવાન રામનું અવધી ભાષામા કહેવાયેલું જીવનચરિત્ર છે, ઈતિહાસનું પુસ્તક નથી તેથી તેમાં અયોધ્યાનું રામમંદિર તોડી પાડ્યાનો ઉલ્લેખ ના હોય તેના કારણે બાબરે રામમંદિર નહોતું તોડ્યું એવું ના કહેવાય. અકબર હિંદુ ધર્મને માન આપતો તેના કારણે તેનો દાદો પણ માન આપતો એ વાત પણ હમ્બગ જ કહેવાય.

ખેર, આ બધી વાતોને કાને ધરવા જેવી નથી કે મહત્ત્વ આપવા જેવી નથી પણ બાબરી મસ્જિદનો જે વાવર શરૂ થયો છે તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. આ દેશમાં મંદિર બનાવી શકાય છે, ગુરુદ્વારા બનાવી શકાય છે, ચર્ચ બનાવી શકાય છે ને મસ્જિદ પણ બનાવી શકાય છે તેથી હુમાયુ કબીર કે મુશ્તાક મલિક મસ્જિદ બનાવે એ ગેરકાયદેસર નથી ને ખોટું પણ નથી પણ બાબરના નામે આ ખેલ કરાઈ રહ્યા છે એ ખોટું છે. બાબરી મસ્જિદ જેવા ભૂલાઈ ગયેલા પ્રકરણને ફરી ઉખેળીને મુસ્લિમોમાં ઉશ્કેરાટ પેદા કરવાના કારસા થઈ રહ્યા છે એ ખતરનાક છે. આ કારસાઓને મુસ્લિમોએ નિષ્ફળ બનાવવા જોઈએ કેમ કે તેના કારણે કબીર કે મલિકને ફાયદો થઈ શકે પણ મુસ્લિમોને ફાયદો નથી થવાનો. ઊલટાનું સમાજમાં વૈમનસ્ય વધશે ને ઝેર વધશે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, મંગળવાર, તા. ૯-૧૨-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧૮, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૨ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૨ સુધી (તા. ૧૦), પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૦, (મજયાઅમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૩૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૦ (તા. ૧૦)
- ઓટઃ સવારે ક. ૦૯-૨૦, રાત્રે ક. ૨૦-૫૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - પંચમી. ૬
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, મંગળ-બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, સર્પપૂજા, માલ વેંચવો, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ મંગળ-શનિ ચતુષ્કોણ ઈર્ષ્યાળુ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ વફાદાર, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય

ખગોળ જ્યોતિષઃ મંગળ-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ (તા. ૧૦)

- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## ટ્રમ્પની ઐસીતૈસીઃ થાઈલૅન્ડે ફરી કર્યો કમ્બોડિયા પર હુમલો

નવી દિલ્હીઃ અગાઉ આ વરસે બંને દેશ વચ્ચે કરવામાં આવેલા શસ્ત્રવિરામના કરારનો ભંગ કરવાનો બંને દેશે એકમેક પર આક્ષેપ કર્યા બાદ થાઈલૅન્ડે સોમવારે બંને દેશ વચ્ચેની વિવાદાસ્પદ સરહદ નજીક કમ્બોડિયા પર હવાઈહુમલો કર્યો હતો.

લાંબા સમયથી ચાલી રહેલો સરહદી વિવાદ જુલાઈ મહિનામાં પાંચ દિવસના યુદ્ધમાં પરિણમ્યો હતો જેમાં ડઝનબંધ સૈનિકો અને નાગરિકોનાં મોત થયાં હતાં.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે મધ્યસ્થી કરી ઑક્ટોબરમાં બંને દેશ પાસે શસ્ત્રવિરામ કરાર પર સહી કરાવી હતી. જોકે ત્યાર બાદ પણ બેને દેશ વચ્ચેનો તણાવ ચાલુ જ રહ્યો હતો.

થાઈલૅન્ડની સેનાએ કહ્યું હતું કે ૫૦,૦૦૦ કરતાં પણ વધુ લોકો આશ્રય મેળવવા સરહદી વિસ્તાર છોડીને જતા રહ્યા છે.

કમ્બોડિયાના માહિતી ખાતાના પ્રધાન નેથ ફેક્ત્રાએ કહ્યું હતું કે સરહદી વિસ્તારમાં આવેલા અનેક ગામ ખાલી કરાવવામાં આવ્યા હતા.

અધિકારીઓના જણાવ્યાનુસાર બંને દેશ વચ્ચે થયેલી અથડામણમાં એક થાઈ સૈનિક અને કંબોડિયાના ચાર નાગરિકનાં મોત થયાં હતાં.

થાઈલૅન્ડના વડા પ્રધાન અનુતિ ચર્નવિરાકુલે કહ્યું હતું કે દેશ અને નાગરિકોની સુરક્ષા માટે જરૂર જણાશે તો સૈન્ય કાર્યવાહી કરવામાં આવશે.

થાઈલૅન્ડ ક્યારેય હિંસાની તરફદારી નથી કરતું. થાઈલૅન્ડે ક્યારેય યુદ્ધનો આરંભ નથી કર્યો કે નથી ક્યારેય કોઈ પર આક્રમણ કર્યું, પરંતુ અમારા દેશની સ્વાયત્તતા સામે જોખમ ઊભું થશે તો તે અમે સહન નહીં કરી લઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## ચીનમાં ટ્રાન્ઝિટ હૉલ્ટ વખતે સતર્ક રહેજોઃ ભારતીયોને સરકારની ચેતવણી

નવી દિલ્હીઃ ભારતે સોમવારે તેના નાગરિકોને ચીનમાં મુસાફરી કરતી વખતે અથવા ચીનમાંથી પસાર થતી વખતે અત્યંત સાવધાની રાખવાની સલાહ આપી છે. નવી દિલ્હીનો આ નિર્ણય શાંઘાઇ એરપોર્ટ પર અરૂણાચલ પ્રદેશની એક ભારતીય મહિલાની અટકાયત કરવામાં આવ્યાના બે અઠવાડિયા પછી આવ્યો છે. તે વખતે અધિકારીઓએ ટ્રાન્ઝિટ હૉલ્ટ દરમિયાન તેના ભારતીય પાસપોર્ટને માન્ય રાખવાનો ઇનકાર કરી દીધો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે અમે આશા કરીએ છીએ કે ચીની અધિકારીઓ ખાતરી આપે કે ચીની એરપોર્ટ પરથી પસાર થતા ભારતીય નાગરિકોને ખાસ પ્રકારે નિશાન બનાવવામાં આવશે નહીં. તેમને મનસ્વી રીતે અટકાયતમાં લેવામાં આવશે નહીં અથવા હેરાન કરવામાં આવશે નહીં. તેમજ ચીની પક્ષ આંતરરાષ્ટ્રીય હવાઇ મુસાફરીને નિયંત્રિત કરતા નિયમોનું પાલન કરશે.

જયસ્વાલ ૨૧ નવેમ્બરના રોજ અરૂણાચલ પ્રદેશની એક મહિલા સાથે જોડાયેલી ઘટના અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. તેમણે કહ્યું કે વિદેશ મંત્રાલય ભારતીય નાગરિકોને ચીનમાં મુસાફરી કરતી વખતે અથવા ત્યાંથી પસાર થતી વખતે ખૂબ કાળજી રાખવાની સલાહ આપે છે.

## બંકિમદા નહીં બંકિમબાબુ કહોઃ મોદીને ટોકયા ટીએમસીના સાંસદ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'વંદે માતરમ'ના લેખક બંકિમ ચંદ્ર ચેટર્જીને 'બંકિમ દા' કહેતા તૃણમૂલ કોંગ્રેસે તેની સામે વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ વડા પ્રધાને મહાન કવિના નામની સાથે વધુ આદરણીય શબ્દ 'બાબુ' ઉમેરી દીધો હતો.

રાષ્ટ્રીય ગીત વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે લોકસભામાં ચર્ચા દરમિયાન તૃણમૂલ કોંગ્રેસના સભ્ય સૌગતા રોયે વડા પ્રધાનને ચેટર્જીનો ઉલ્લેખ કરતી વખતે 'બાબુ' શબ્દનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

વડા પ્રધાને કહ્યું કે હું બંકિમ બાબુ કહીશ. આભાર, હું તમારી લાગણીઓનું સન્માન કરું છું. મોદીએ હળવા અંદાજમાં તરત પૂછ્યું કે શું તેઓ હજુ પણ રોયને 'દાદા' કહી શકે છે. મોદીએ કહ્યું કે હું તમને દાદા કહી શકું છું, ખરું ને? કે તમને તેમાં પણ વાંધો છે? ગૃહમાં ચર્ચાની શરૂઆતમાં તૃણમૂલ કોંગ્રેસના સભ્યએ કેટલીક ટિપ્પણીઓ કરી હતી, ત્યારબાદ વડા પ્રધાને રોયના ખબરઅંતર પૂછ્યા હતા.

## ગોવાની નાઈટ ક્લબના માલિકના મગરના આંસુ

પણજીઃ પચીસ વ્યક્તિનો ભોગ લેનારી આગની ઘટના જ્યાં બની હતી તે નોર્થ ગોવા નાઈટ ક્લબના માલિકોમાંનાં એક સૌરભ લૂથરાએ અસરગ્રસ્તના પરિવારજનોને જરૂરી તમામ સહાય, સપોર્ટ તેમ જ સહકાર આપવા અને ઘટના અંગે ખેદ વ્યક્ત કરવા સોશ્યિલ મીડિયાનો ઉપયોગ કર્યો હતો.

નોર્થ ગોવાના અરપોરા વિસ્તારમાં આવેલી નાઈટ ક્લબના વ્યવસ્થાપકોની ધરપકડ કરવા ગોવાથી દિલ્હી પોલીસ ટુકડી રવાના કરવામાં આવી હોવા વચ્ચે સોશ્યલ મીડિયા પર આ પૉસ્ટ મૂકવામાં આવી હતી.

પૉસ્ટમાં ક્લબના માલિકે ઘટનાને કમનસીબ લેખાવી અસરગ્રસ્તોના પરિવારજનો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. પણજીથી લગભગ પચીસ કિ.મી.ને અંતરે આવેલી નાઈટ ક્લબમાં લાગેલી આગે પચીસ જણનો ભોગ લીધો હતો. મૃતકોમાં નાઈટ ક્લબના ૨૦ કર્મચારી અને દિલ્હીના ચાર સહિત કુલ પાંચ પર્યટકોનો સમવેશ થતો હતો.(એજન્સી)

## અમારો વળતો જવાબ ખતરનાક હશેઃ અસીમ મુનીરની શેખી

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ અને ચીફ ઑફ આર્મી સ્ટાફ ફિલ્ડ માર્શલ આસીમ મુનીરે પાકિસ્તાન શાંતિપૂર્ણ દેશ હોવાનું જણાવી સોમવારે ચેતવણી આપતા કહ્યું હતું કે દેશની પ્રાદેશિક એકતા અને સ્વાયત્તતાની પરીક્ષા કરવાની કોઈને પરવાનગી આપવામાં નહીં આવે.

દેશના પ્રથમ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ તરીકે કરવામાં આવેલી તેમની વરણી બદલ જીએચક્યૂ હૅડક્વાર્ટર ખાતે ગાર્ડ ઑફ ઑનરથી તેમનું સન્માન કરવામાં આવ્યા બાદ લશ્કરી દળના અધિકારીઓને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે અમારા પર આક્રમણ કરવામાં આવશે તેવા સંજોગોમાં અમારી જવાબ ખૂબ જ ઝડપી, ગંભીર અને ખતરનાક હશે. આ કાર્યક્રમમાં પાકિસ્તાન ઍરફોર્સના વડા ઍર ચીફ માર્શલ ઝહિર અહમદ બાબર સિધ્ધુ, ચીફ ઑફ ધ નેવલ સ્ટાફ એડમિરલ નાવેદગ અશરફ અને સેનાની ત્રણે પાંખના વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી.

પહેલા પાનાનું ચાલુ

### નહેરુએ

રમે છે. મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નહેરૂની ટીકા કરતા કહ્યું હતું કે નહેરુ એ વાત સાથે સંમત થયા હતા કે વંદે માતરમ્ મુસ્લિમોને શત્રુ બનાવી દેશે.

વંદે માતરમ્ પર લોકસભામાં ચર્ચા દરમિયાન મોદીએ નહેરુએ સુભાષ ચંદ્ર બોઝને લખેલા પત્રનો દાખલો આપ્યો હતો જેમાં નહેરુએ લખ્યું હતું કે વંદે માતરમ્ મુસ્લિમોને નારાજ કરશે.

મોદીએ કહ્યું હતું કે લખનઊમાં મોહમ્મદ અલી ઝીણાએ વિરોધ નોંધાવતા નહેરુએ આ પત્ર લખ્યો હતો. મોદીએ કહ્યું હતું કે નહેરુએ પત્રમાં લખ્યું હતું કે મેં ગીતની પાર્શ્વભૂમિ તપાસી છે અને આ ગીત મુસ્લિમોને ક્રોધિત કરી શકે. ત્યાર બાદ કૉંગ્રેસે બંકીમચંદ્ર ચેટરજીના બંગાળમાં અધિવેશન બોલાવીને વંદે માતરમ્‌ના ઉપયોગની સમીક્ષા કરવાનો નિર્ણય લીધો હતો. ૨૬ ઑક્ટોબરે કૉંગ્રેસે વંદે માતરમ્ પર સમાધાન કર્યું હતું. સામાજિક એકતાના નામે તેના ટૂકડા કરવામાં આવ્યા. તુષ્ટિકરણના રાજકારણના દબાણમાં કૉંગ્રેસ વંદે માતરમ્‌ના ટૂકડા કરવા તૈયાર થઈ. આ જ કારણથી કૉંગ્રેસ વિભાજનની માગણી સામે ઝૂકી ગઈ.મોદીએ એ વાત પણ યાદ કરી હતી કે મહાત્મા ગાંધીએ ૧૯૦૫માં લખ્યું હતું કે વંદે માતરમ્ એટલું લોકપ્રિય બની ગયું છે કે તેને રાષ્ટ્રગીત બનાવવું જોઈએ અને એવું આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે શા માટે તેની સાથે અન્યાય થાય છે.

કયાં પરિબળો મહાત્મા ગાંધીજીના ઈચ્છા પર ઉપરવટ ગયાં હતાં એવો સવાલ મોદીએ પૂછ્યો હતો. (એજન્સી)

### બંગાળની ચૂંટણી

કૉંગ્રેસનો ઉલ્લેખ કરવાની આદત પડી ગઈ છે. કૉંગ્રેસનાં સંસદસભ્ય પ્રિયંકા ગાંધી વાડરાએ મોદીના એ દાવાને નકારી કાઢ્યો હતો કે નહેરુએ બોઝને પત્ર લખ્યો હતો કે 'વંદે માતરમ્'ને લીધે મુસ્લિમો કોપિત થશે.

પ્રિયંકાએ કહ્યું હતું કે મોદીએ નહેરુના પત્રમાંથી તેમને પસંદ હોય એ ભાગ ટાંક્યો છે. પ્રિયંકાએ એવો પણ સવાલ કર્યો હોત કે સંસદે 'વંદે માતરમ્' પર ડીબેટ રાખવાની શી જરૂર હતી કારણ કે આ રાષ્ટ્રીય ગીત અંગે કોઈ વિવાદ નથી. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકાર આ ચર્ચા વડે લોકના મુદ્દાથી ધ્યાન બીજે ભટકાવા માગે છે અને બંગાળમાં ચૂંટણી આવી રહી છે એટલે આ ચર્ચા થઈ રહી છે.

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે ભાજપની આલોચના કરતા કહ્યું હતું કે જે લોકોએ આઝાદીની ચળવળમાં ભાગ લીધો નથી એ લોકો 'વંદે માતરમ્'ના મૂલ્યો પર હવે વાત કરી રહ્યા છે.

અખિલેશે ભારપૂર્વક કહ્યું હતું કે રાષ્ટ્રીય ગીતનો કોઈએ પર તમારા મત લાદવાના ઓજાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ. 'વંદે માતરમ્'નું અનુસરણ તેની ભાવનામાં કરવું જોઈએ અને આ ગીતે આઝાદીની ચળવળે લોકો વચ્ચે સેતુ બનાવ્યો હતો.

લોકસભાના સ્પીકર ઓમ બીરલાએ 'વંદે માતરમ્'ને ભારતની એકતા અને તાકાતનું પ્રતિબિંબ છે એમ કહ્યું હતું.

શરૂઆતની ટિપ્પણીમાં બીરલાએ કહ્યુ હતું કે દેશ 'વંદે માતરમ્'ની ૧૫૦ વર્ષની ભવ્ય યાત્રાનું દેશની ઉજવણી કરી રહ્યું છે ત્યારે આ ગીત દરેક ભારતના હૃદયમાં અંકાયેલું રહેશે. આજે આપણે એ બધા નાયકોને યાદ કરીએ છીએ જેમના બલિદાન અને આસ્થાએ 'વંદે માતરમ્'ને ગીત નહીં, પરંતુ રાષ્ટ્રીય નિશાની બનાવ્યું છે. (એજન્સી)

### ઈન્ડિગો સામે

ઍરલાઇન્સ નિયમોનો ભંગ કરતા પહેલા વિચાર કરે. નાયડુએ કહ્યું હતું કે ઍરલાઈનને તેના રોજિંદા ઑપરેશનના માધ્યમથી ક્રૂ અને ડ્યૂટી રોસ્ટર મેનેજ કરવામાં વિફળ ગયા છે. અમે કડક પગલાં લઈશું. તેમણે કહ્યું હતું કે ઓટોમેટિક મેસેજસ્વિચિંગ સિસ્ટમની ખામીને લીધે આ કટોકટી ઊભી થઈ નથી.

ડીજીસીએના જણાવ્યા પ્રમાણે ઍરલાઈને આઠ ડિસેમ્બરે સાંજના ૬-૦૧ કલાકે આ જવાબ આપ્યો હતો. આમાં ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર અને ચીફ ઓપરેટિંગ ઑફિસરે સહી કરી હતી.

ઈન્ડિગોએ કહ્યું હતું કે ગ્રાહકોને પડેલી હાડમારી અને તકલીફ બદલ તે માફી માગે છે અને ઊંડો ખેદ વ્યક્ત કરે છે. ઍરલાઈને વિક્ષેપો માટે અનેક પરિબળોની સંયુક્ત અસરને દોષ આપ્યો છે. ઍરલાઈનનું કહેવું છે કે આ પરિબળોએ કમનસીબ અને અનપેક્ષિત રીતે સાથે કામ કર્યું હતું. ઈન્ડિગોએ તેના જવાબમાં કહ્યું હતું કે ઑપરેશનના મોટા કદ અને સંકીર્ણતાને લીધે આ સમયે ચોક્કસ કારણ બતાવવું સંભવ નથી. ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશને ઈન્ડિગોના ફ્લાઈટના વિક્ષેપની તપાસ કરવા રચેલી સમિતિએ ઍરલાઈનના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર (સીઈઓ) પીટર એલ્બર્સ અને ચીફ ઑપરેટિંગ ઑફિસર ઈસિડ્રે પોરક્વેરસને તેડું મોકલાવ્યા છે, એવી માહિતી સૂત્રોએ આપી હતી.

તપાસ કરનારી ચાર સભ્યની સમિતિમાં જોઈન્ટ ડીજી સંજય બ્રહ્માને, ડેપ્યુટી ડિરેક્ટર જનરલ અમિત ગુપ્તા, સિનિયર ફ્લાઈટ ઑપરેશન્સ કપિલ માંગલિક અને એફઓઆઈ લોકેશ રામપાલનો સમાવેશ થાય છે. સમિતિને ઈન્ડિગોના ઑપરેશનમાં વ્યાપક વિક્ષેપના મૂળભૂત કારણો શોધવાનું કહેવામાં આવ્યું છે. આ સમિતિને માનવબળના આયોજન, બદલાતી રોસ્ટર સિસ્ટમ અને ઍરલાઈનનો છેલ્લામાં છેલ્લા ડ્યૂટી પિરિયડ અને પાઈલટના આરામના નિયમોને અમલમાં મૂકવાની ઍરલાઈનની તૈયારીની તપાસ કરવાની છૂટ આપી છે. ડીજીસીએ ફૈઝ એહમદ કિડવાઈએ પાંચ ડિસેમ્બરે જાહેરાત કરી હતી કે સમિતિ તપાસ કરશે અને સુધારેલા એફડીટીએલ જોગવાઈના અમલની સમીક્ષા કરશે. સમિતિ ઍરલાઈને સ્વીકારેલી ખામીઓને તપાસશે અને કટોકટી ઊભી કરનાર આયોજનમાં નિષ્ફળતા માટેની જવાબદારી અને પ્રતિબદ્ધતા નક્કી કરશે. સમિતિને ૧૫ દિવસમાં અહેવાલ આપવાનું કહ્યું હતું. (એજન્સી)

### સાડાપાંચ વર્ષમાં

૨૦૨૨-૨૩થી સરકાર દ્વારા જાહેર ક્ષેત્રની બેંકો (પીએસબી)માં કોઈ મૂડી રોકાણ કરવામાં આવ્યું નથી. તેમણે ઉમેર્યું હતું કે, પીએસબીએ તેમના નાણાકીય પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, નફાકારક બની છે અને તેમની મૂડી સ્થિતિ મજબૂત બનાવી છે.પીએસબી હવે તેમની મૂડી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે બજારના સ્ત્રોતો અને આંતરિક સંચય પર આધાર રાખે છે અને તેમણે ૧ એપ્રિલ, ૨૦૨૧ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી ઇક્વિટી અને બોન્ડ દ્વારા બજારમાંથી ₹૧.૭૯ લાખ કરોડ મૂડી એકત્ર કરી છે, એમ તેમણે જણાવ્યું હતું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આરબીઆઈની માર્ગદર્શિકા અને બેંકોના બોર્ડ દ્વારા મંજૂર કરાયેલ નીતિ અનુસાર, બેંકો એનપીએ, જેમાં ચાર વર્ષ પૂર્ણ થયા પછી સંપૂર્ણ જોગવાઈ કરવામાં આવી હોય તેવા એનપીએનો પણ સમાવેશ થાય છે, રાઇટ-ઓફ્ફ કરે છે. તેમણે કહ્યું કે, આવા રાઇટ-ઓફ્ફથી દેવાદારોની ચુકવણી કરવાની જવાબદારીઓ માફ થતી નથી.

### જાપાનમાં

એઓમોરી પ્રીફેક્ચરના મુત્સુ ઓગાવારા બંદરે ૪૦ સેન્ટિમીટરની સુનામી આવી હતી. જોકે આનાથી પણ મોટા સુનામીના મોજાં આવી શકે છે એવી ચેતવણી અપાઈ છે.જાહેર પ્રસારણકર્તા એનએચકેએ અહેવાલ આપ્યો હતો કે એઓમોરી શહેરના હાચિનોહેની એક હોટેલમાં અનેક લોકો ઘાયલ થયા હતા.વડા પ્રધાન સનાએ ટાકાઇચીએ પત્રકારોને આપેલા સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું કે સરકારે નુકસાનીનું તાત્કાલિક મૂલ્યાંકન કરવા માટે એક કટોકટી ટાસ્ક ફોર્સની સ્થાપના કરી છે.તેમણે કહ્યું, ''અમે લોકોને બચાવવાને પ્રાથમિકતા આપી રહ્યા છીએ અને અમે અમારાથી બનતું બધું કરી રહ્યા છીએ.''

એનએચકેએ અહેવાલ આપ્યો હતો કે પ્રદેશમાં આવેલા પરમાણુ ઊર્જા પ્લાન્ટ્સમાં સલામતી તપાસ કરવામાં આવી રહી છે. (એપી)

### ઈન્ડિગો મામલો

ફ્લાઈટ રદ કરવામાં આવી હોવાને કારણે લાખો પ્રવાસીઓએ ભારે પરેશાની અને હાલાકીનો સામનો કરવો પડ્યો હોવાની પણ અદાલતે નોંધ લીધી હતી.

આ ગંભીર બાબત છે. લાખો લોકો દેશના જુદા જુદા ઍરપોર્ટ પર અટવાઈ ગયા હતા. અમે જાણીએ છીએ કે પરિસ્થિતિ સુધારવા ભારત સરકારે સમયસરનાં પગાં લીધાં છે. અમે જાણીએ છીએ કે લોકોને આરોગ્ય સહિતની અનેક બાબતે સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે, એમ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલા બાગચીના વડપણ હેઠળની ખંડપીઠે કહ્યું હતું.

વકીલે આ મુદ્દાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે છેલ્લાં થોડાક દિવસ દરમિયાન ઈન્ડિગો ઍરલાઈન્સ દ્વારા સેંકડો ફ્લાઈટ રદ કરવામાં આવી હતી, પરંતુ તેની જાણકારી પ્રવાસીઓને નહોતી આપી. આ ઉપરાંત ૨,૫૦૦ જેટલી ફ્લાઈટ વિલંબમાં પડી હતી જેને કારણે દેશભરના ૯૫ જેટલા ઍરપોર્ટ પર પ્રવાસીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. (એજન્સી)

### 'વંદે માતરમ્'

ભાગલાનું કારણ બન્યું હતું.

હવે 'વંદે માતરમ્' રાષ્ટ્રગીત અને તેનાં ઈતિહાસનો કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના મૂલ્યાંકન કરવાનો સમય આવી ગયો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે દરેકે આ ગીતની પ્રથમ બે કડી સાંભળી છે, પરંતુ બાકીની કડીઓથી લોકો પરિચિત નથી.

મૂળ ગીતની મોટાભાગની કડીઓ ભૂલાઈ ગઈ છે. આ કડીઓ ભારતની મૂળ પ્રકૃતિનું નિરૂપણ કરે છે, એમ તેમણે કહ્યું હતું.

આ ગીતને તેનું અગાઉનું ગૌરવ અપાવવાની તેમણે હાકલ કરી હતી. દેશને સ્વતંત્રતા મળ્યા બાદ આ ગીતને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યું હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ ગીતને તેની પાત્રતા મુજબ માન્યતા નહોતી મળી.

અમુક લોકોને 'આનંદ મઠ' નવલકથા પણ કોમવાદી લાગી હતી અને આ કારણે જ 'વંદે માતરમ્' રાષ્ટ્રગીતને પણ નિશાન બનાવવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

'આનંદ મઠ' નવલકથા કે 'વંદે માતરમ્' રાષ્ટ્રગીત કોઈપણ ધર્મ કે જાતિવિરોધી નહોતું એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે એ સમયે બંગાળ દુષ્કાળનો સામનો કરી રહ્યું હતું અને બંગાળના નવાબ બ્રિટિશરોના દબાણ હેઠળ ભૂખમરાનો સામનો કરી રહેલા ખેડૂકો પાસેથી ભારે કરવેરો અને મહેસૂલ વસૂલી રહ્યા હતા. આ અન્યાયનો વિરોધ કરવા 'આનંદ મઠ' નવલકથા લખાઈ હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# મોરા બંદરથી મુંબઈના ભાઉચા ધક્કાને જોડતી રો-રો સેવા એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે

મુંબઈ: ઉરણ તાલુકાના પ્રસિદ્ધ મોરા બંદરથી મુંબઈના ભાઉચા ધક્કાને જોડતી રો-રો સેવા ઘણા વર્ષોથી વિલંબિત છે. આશરે ૭૫ કરોડ રૂપિયાના ખર્ચે ચાલી રહેલું આ કામ હવે આખરે એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે, એવી માહિતી મહારાષ્ટ્ર મેરિટાઇમ બોર્ડના અધિકારીઓએ આપી હતી. અનેક વખત મુદત વધારવા છતાં પણ, આ સેવા શરૂ થઈ શકી નહોતી. પરંતુ હવે આપેલા સમયમાં કાર્ય પૂર્ણ થશે, એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ રો-રો પ્રોજેક્ટનું કામ ટેકનિકલ સમસ્યાને કારણે વારંવાર અટકી રહ્યું હતું. ક્યારેક કામના ટેન્ડર, ક્યારેક હવામાન, તો ક્યારેક ટેકનિકલ માપણીને કારણે કામમાં વિલંબ થઈ રહ્યો હતો. આમ ૨૦૧૮ થી શરૂ થયેલો આ પ્રોજેક્ટ કાચબાની ગતિએ આગળ વધી રહ્યો હતો. જોકે, છેલ્લા ચાર-પાંચ મહિનાથી કામમાં સારો વેગ જોવા મળી રહ્યો છે. હાલમાં કુલ પ્રોજેક્ટનું ૫૦ ટકા કામ પૂર્ણ થયું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

આ માર્ગ પર રેવસ જેટ્ટીનું બાંધકામ સૌથી મોટી અડચણ બની રહ્યું છે. શરૂઆતના અંદાજ કરતાં ખર્ચ વધવાથી આ કામ પર વધારાનો પાંચ કરોડ રૂપિયાનો બોજ પડ્યો છે. જેટ્ટીની રચના, ઊંડાઈ વધારવી તેમજ સુરક્ષાની દૃષ્ટિએ જરૂરી ફેરફારો કરવાના કામોને કારણે સમય અને ખર્ચ બંને વધ્યા છે. તેથી જેટ્ટી પૂરી થવામાં હજી થોડા મહિના લાગશે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# એમપીએસસીની પરીક્ષા મુલતવી, નવું ટાઈમ ટેબલ જાહેર

મુંબઈ: મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી)ની પૂર્વ પરીક્ષા મુલતવી રાખવામાં આવશે કે સમયસર યોજાશે તે અંગે વિદ્યાર્થીઓમાં મૂંઝવણ હતી. અંતે આયોગે એક પરિપત્ર બહાર પાડીને સ્પષ્ટતા કરી હતી કે પરીક્ષા મુલતવી રાખવામાં આવી છે.

રાજ્યમાં મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતની ચૂંટણીના પરિણામો ૨૧ ડિસેમ્બરે જાહેર થવાના હોવાથી એમપીએસસી પ્રિલિમ્સની પરીક્ષા તે દિવસે થવા અંગે વિદ્યાર્થીઓમાં મૂંઝવણ હતી. એમપીએસસીના ઉમેદવારો દ્વારા પરીક્ષા મુલતવી રાખવાની માગ કરવામાં આવી હતી. હવે કમિશને નિર્ણય લઈ પરીક્ષાની નવી તારીખો પણ જાહેર કરી દીધી છે.

મહારાષ્ટ્ર ગ્રુપ-સી સર્વિસીસ કમ્બાઈન્ડ પ્રિલિમ્સ પરીક્ષા ૨૦૨૫ અનુક્રમે ૪ જાન્યુઆરી, ૨૦૨૬ અને ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ યોજાવાની છે. આ અંગેની સુધારણા આયોગની વેબસાઇટ પર રજૂ કરવામાં આવી છે. આયોગે માગેલી જાણકારી અનુસાર પરીક્ષા પેટા કેન્દ્ર અને કેટલાક જિલ્લા કેન્દ્રો પર મતગણતરીના સ્થળ વચ્ચેનું ટૂંકું અંતર, લાઉડસ્પીકરનો ઘોંઘાટ, ટ્રાફિક જામ, પરીક્ષા દરમિયાન વિજેતા ઉમેદવારોની સરઘસો તેમજ પરીક્ષા લેવા માટે સ્ટાફની અછત વગેરેને ધ્યાનમાં લઈ આયોગે પરીક્ષા મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. ■

# ફડણવીસના બાવીસ નિકટવર્તી વિધાનસભ્યો પાટલી બદલવા ઉત્સુક: આદિત્ય ઠાકરેનો દાવો

નાગપુર: શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ સોમવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે નિકટતા ધરાવતા મહાયુતિના સાથી પક્ષના ૨૨ વિધાન સભ્યો પક્ષ બદલવા માટે તૈયાર છે. તેમનો ઈશારો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના તરફ હતો.

જૂન ૨૦૨૨માં શિંદેની આગેવાની હેઠળના બળવાને પગલે શિવસેના વિભાજિત થતા તત્કાલીન ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહા વિકાસ અઘાડી સરકાર પડી ભાંગી હતી. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૪માં વિધાનસભા સ્પીકર રાહુલ નારવેકરે કહ્યું હતું કે એકનાથ શિંદેની આગેવાની હેઠળનું જૂથ અસલી શિવસેના છે. આ શિવસેના ભાજપ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની એનસીપી સાથે રાજ્યમાં શાસક મહાયુતિનો હિસ્સો છે.

શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાનું નામ લીધા વિના આદિત્ય ઠાકરેએ દાવો કર્યો કે ટ્રેઝરી બાજુ પર એક પક્ષ અને બે જૂથ છે. એક જૂથના બાવીસ વિધાન સભ્યો સીએમની નિકટ આવી ગયા છે. તેમની પાસે સારું ભંડોળ છે અને તેમણે મુખ્ય પ્રધાનના ઈશારે બધું કરી રહ્યા છે. ૨૨ વિધાન સભ્યો પક્ષ બદલવા માટે તૈયાર છે.

વરલીના વિધાન સભ્યએ એમ પણ કહ્યું હતું કે આ ૨૨ વિધાન સભ્યોમાંથી કોઈ એક પોતાને વાઇસ કેપ્ટન ગણાવે છે. આ ગર્ભિત ઈશારો જે ઉદ્યોગ પ્રધાન ઉદય સામંત તરફ છે. ભૂતકાળમાં શિવસેના (યુબીટી) એ દાવો કર્યો હતો કે શિંદે અને અજિત પવાર સાથે સામંત રાજ્યના ત્રીજા નાયબ મુખ્ય પ્રધાન બની શકે છે.

રાજ્ય વિધાનસભાના બંને ગૃહોમાં વિપક્ષના નેતાઓની નિમણૂક પર નિષ્ક્રિયતાના મુદ્દે આદિત્ય ઠાકરેએ પૂછ્યું કે સરકાર વિરોધ પક્ષ નેતા (લીડર ઓફ ઓપોઝિશન - એલઓપી)થી કેમ ડરે છે?

શિવસેના (યુબીટી) નેતા ભાસ્કર જાધવને તેમના પક્ષ દ્વારા વિધાનસભામાં વિપક્ષના પદ માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. ૨૦ વિધાન સભ્યો સાથે નીચલા ગૃહમાં શિવસેના (યુબીટી) સૌથી મોટું વિપક્ષી સંગઠન છે, પરંતુ સ્પીકર દ્વારા કેબિનેટ રેન્કની નિમણૂક અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી.

ભૂતકાળમાં જાધવે રાજ્ય વિધાનસભાને પત્ર લખીને શું વિપક્ષના પદ પર દાવો કરવા માટે વિપક્ષ પાસે વિધાનસભાની કુલ સંખ્યાના ૧૦ ટકા (૨૮૮ માંથી ૨૯ બેઠકો) હોવી જોઈએ એવો કોઈ નિયમ છે કે કેમ એની જાણકારી માગી હતી. કુલ ૨૮૮ બેઠકોમાંથી કોઈ પણ પક્ષ ૧૦ ટકા બેઠક જીતી શક્યો નથી. (પીટીઆઈ)■

## ફડણવીસે આપી પ્રતિક્રિયા

'જો એવું કહેવામાં આવશે તો કાલે કોઈ પણ કહી શકે કે આદિત્ય ઠાકરેના વીસ વિધાનસભ્યો, અને તે પણ ભાજપના જાળમાં ફસાયા છે. આમ કોઈના કહેવાથી થોડુંક જ કઈ થાય છે? અને અમારે શિંદે સેનાના વિધાનસભ્યોને અમારી તરફ લઈને શું કરવુ છે? તેઓ અમારા જ છે. શિંદે સેના છે તે અમારો સાથી પક્ષ છે, તે ખરી શિવસેના છે. તેથી અમારે તેમના ધારાસભ્યો લઈને શું કરવું છે? અમે આ પ્રકારનું રાજકારણ નથી કરતા. ઉલટાનું શિવસેના મજબૂત થવી જોઈએ, તેના માટે અમે તેમની પાછળ મજબૂત રીતે ઊભા છીએ. અને ભવિષ્યમાં શિવસેના, ભારતીય જનતા પાર્ટી અને અમારું મહાગઠબંધન વધુ મજબૂત થતું જોવા મળશે એમ ફડણવીસે કહ્યું હતું. ■

# વિરાર-દહાણુ રોડ પર ત્રીજા અને ચોથા લેનનું કામ શરૂ: લોકલના સમયપત્રકમાં ફેરફાર

વસઈ: વિરાર અને દહાણુ રોડ રેલ્વે સ્ટેશનો વચ્ચે ત્રીજા અને ચોથા ટ્રેકનું કામ હાથ ધરવામાં આવશે. તેથી પ્લેટફોર્મ નંબર-૩એ ના વિસ્તરણ અને પાંચએ ના નિર્માણ માટે, દાદરથી ઉપડતી વિરાર ટ્રેનોના સમયપત્રકમાં કામચલાઉ ફેરફાર કરવામાં આવ્યો છે.

વિરારથી દહાણુ રોડ સુધીની મુસાફરીને વધુ અનુકૂળ બનાવવા માટે પશ્ચિમ રેલવે વહીવટીતંત્ર દ્વારા બંને સ્ટેશનો વચ્ચે ત્રીજો અને ચોથો ટ્રેક બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યના ભાગ રૂપે, વિરાર સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૩એ ને પહોળું કરવામાં આવી રહ્યું છે. દરમિયાન વિરાર-દહાણુ ટ્રેનોની ક્ષમતા વધારવા માટે પ્લેટફોર્મ નંબર પાંચ એ બનાવવાનું કામ પણ શરૂ કરવામાં આવ્યું છે. આને કારણે, વિરાર સ્ટેશન પરની ટ્રેન સેવાઓમાં કામચલાઉ ફેરફારો કરવામાં આવ્યા છે. રેલવે વહીવટીતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા આ કાર્યોને કારણે, વિરાર રેલવે સ્ટેશનની મુસાફરોની ક્ષમતામાં વધારો થશે. ઉપરાંત ભવિષ્યમાં રેલ પરિવહન પણ સરળ બનશે. તેથી, પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. ■

## સાયનનો ₹ ૨૪૭ કરોડનો પ્લોટ

# વિશ્વ હિન્દુ પરિષદને ફક્ત વાર્ષિક ₹ ૧૦,000ના દરે ભાડા પર

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે સાયનમાં ૭,૬૫૮ ચોરસ મીટરનો એક પ્લોટ વિશ્વ હિન્દુ પરિષદ (વિહીપ)ને ૩૦ વર્ષના સમયગાળા માટે ફાળવ્યો છે, જેનું વાર્ષિક ભાડું ૧૦,૧૮૬ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર અને શહેરી વિકાસ વિભાગની મંજૂરી બાદ ગુરુવારે આ અંગેનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના આ પ્લોટનો ઉપયોગ શહેરમાં કેન્સરની સારવાર માટે આવતા દર્દીઓની સુવિધાના વિસ્તરણ માટે કરવામાં આવશે, એમ વીએચપીના પ્રવક્તાએ જણાવ્યું હતું. બીએમસી કમિશનર ભૂષણ ગગરાણીએ આની પુષ્ટિ કરી, સાથે જણાવ્યું કે તેઓ નિયમો અને શરતો વાંચ્યા વિના આ અંગે કોઈ ટિપ્પણી કરી શકશે નહીં.

વીએચપી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ની સહયોગી સંસ્થા છે, જે ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં કાર્ય કરે છે. વાર્ષિક ભાડા ઉપરાંત, તેણે લીઝહોલ્ડ પ્લોટને ફ્રીહોલ્ડમાં રૂપાંતરિત કરવા માટે ૯.૭૨ કરોડ ચૂકવવા પડશે. હાલમાં સાયનમાં ઓછામાં ઓછો સરેરાશ બજાર દર ૩૦,૦૦૦-૩૭,૦૦૦ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટ છે, જે મુજબ પ્લોટની અંદાજિત કિંમત ૨૪૭ કરોડ રૂપિયા થાય છે.

વીએચપીને પ્લોટ ફાળવવા માટે બીએમસીએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ ની કલમ ૯૨(ડીડી) લાગુ કરી, જે મ્યુનિસિપલ કમિશનરને સ્મારકો જેવા જાહેર પ્રોજેક્ટ્સ માટે બજાર દર કરતા ઓછા ભાવે મ્યુનિસિપલ જમીન ભાડે આપવા માટે ખાસ સત્તા આપે છે.

ડેવલપમેન્ટ કંટ્રોલ એન્ડ પ્રમોશન રેગ્યુલેશન્સ, ૨૦૩૪ મુજબ, પ્લોટ વિવિધ હેતુઓ માટે અનામત રાખવામાં આવ્યો છે. જરૂરી પરવાનગીઓ મેળવીને અને ઉપયોગ આરક્ષણ શરતો મુજબ તેનો ઉપયોગ ફક્ત તબીબી અને શૈક્ષણિક હેતુઓ માટે જ કરવાની પરવાનગી છે. પાલન સુનિશ્ચિત કરવા માટે બીએમસી કમિશનર જવાબદાર રહેશે, એમ આદેશમાં જણાવાયું છે. ■

# નાલાસોપારામાં ગુમ થયેલા બાળકનો મૃતદેહ પાંચ દિવસ બાદ પાણીની ટાંકીમાંથી મળ્યો

વસઇ: નાલાસોપારામાં ગુમ થયેલા આઠ વર્ષના બાળકનો મૃતદેહ પાંચ દિવસ બાદ ઇમારતની પાણીની ટાંકીમાંથી મળી આવ્યો હતો. મૃતકની ઓળખ મેહરાજ શેખ તરીકે થઇ હોઇ તે સંતાકૂકડી રમતાં રમતાં પાણીની ખુલ્લી ટાંકીમાં પડી ગયો હોવાનું પોલીસનું કહેવું છે.

નાલાસોપારા પશ્ચિમમાં ટાકીપાડા વિસ્તારમાં આવેલી કરારી બાગ નામની ઇમારતમાં મેહરાજ શેખ તેના પરિવાર સાથે રહેતો હતો. ૩ ડિસેમ્બરે તે સ્કૂલેથી ઘરે આવ્યો હતો અને બાદમાં રમવા માટે બહાર ગયો હતો. જોકે મેહરાજ ઘરે પાછો ન ફરતાં પરિવારજનોએ તેની શોધ ચલાવી હતી, પણ તેનો કોઇ જ પત્તો ન લાગતાં ૪ ડિસેમ્બરે પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. નાલાસોપારા પોલીસે આ પ્રકરણે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો.

દરમિયાન સોમવારે સવારે ઇમારતની પાણીની ટાંકીમાંથી તીવ્ર દુર્ગંધ આવી રહી હોવાની ફરિયાદ રહેવાસીઓએ કરી હતી, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસની ટીમે તેમ જ અગ્નિશમન દળના જવાનોએ ઘટનાસ્થળે આવીને પાણીની ટાંકીમાં તપાસ કરતાં અંદર મેહરાજનો કોહવાયેલો મૃતદેહ મળ્યો હતો.

મેહરાજ રમતાં રમતાં પાણીની ટાંકીમાં પડ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયા બાદ પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. બીજી તરફ મેહરાજની માતાએ દાવો કર્યો હતો કે તે પાણીની ટાંકીમાં પડ્યો નહોતો. ૩ ડિસેમ્બરે બપોરે મેહરાજ સ્કૂલેથી ઘરે આવ્યો હતો. બાદમાં ટ્યૂશન ન હોવાથી તે રમવા માટે ગયો હતો. થોડા સમય બાદ મેં એ સ્થળે જઇને જોયું તો મેહરાજ ત્યાં હાજર નહોતો. આથી સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં તે બપોરે ચાર વાગ્યા સુધી ઇમારતના પરિસરમાં હોવાનું જણાયું હતું. મેહરાજ ગુમ થતાં તેની શોધ ચલાવાઇ હતી અને બાદમાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. સોમવારે તેનો મૃતદેહ પાણીની ટાંકીમાંથી બહાર કઢાયો હતો. મેહરાજ ગુમ થયો ત્યારે સતત બે દિવસ મેં પાણીની ટાંકી તપાસી હતી, પણ તે મળ્યો નહોતો. ■

# ઉચાપત કેસમાં ઓફિસરની ધરપકડનો વિરોધ

## થાણે, પાલઘર જિલ્લા પરિષદના અધિકારીઓની હડતાળ

થાણે/પાલઘર: મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં ઉચાપત કેસમાં બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (બીડીઓ)ની ધરપકડના વિરોધમાં થાણે અને પાલઘર જિલ્લા પરિષદના અધિકારીઓએ સોમવારે અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરી હતી.

જિલ્લા પરિષદના એક અધિકારીએ જણાવ્યું હતું કે સામાન્ય વહીવટ વિભાગ, ગ્રામ પંચાયત વિભાગ, એડિશનલ સીઈઓ અને પ્રોજેક્ટ ડિરેક્ટર સહિતના કર્મચારીઓએ વિરોધ પ્રદર્શનમાં સહભાગી થયા હતા. કથિત મનરેગા ઉચાપત કેસમાં વર્ધા જિલ્લાની અરવી પંચાયત સમિતિના બીડીઓ સુનિતા મરસકોલ્હેની ધરપકડ મૂળભૂત કાયદાકીય ધોરણોનું ઉલ્લંઘન કરતો હોવાનો દાવો વિરોધ કરી રહેલા કર્મચારીઓએ કર્યો છે.


ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ (ડીએસસી) પર હસ્તાક્ષર કરવા માટે બીડીઓને ગુનાહિત રીતે જવાબદાર ઠેરવવું અયોગ્ય છે, કારણ કે મનરેગા જેવી યોજનાઓ હેઠળના મોટાભાગના પાયાના કરાર આધારિત કર્મચારીઓ દ્વારા સંચાલિત કરવામાં આવે છે, જેમાં બીડીઓની સહી અંતિમ તકનીકી ઔપચારિકતા છે એવી દલીલ તેમણે કરી હતી. (પીટીઆઈ)■

# ચિલ્ડ્રન હોમમાં ૧૫ અને ૧૭ વર્ષની છોકરીઓએ સગીરાની કરી જાતીય સતામણી

થાણે: થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં ચિલ્ડ્રન હોમમાં સગીરાની જાતીય સતામણી કરવા બદલ પોલીસે ૧૫ અને ૧૭ વર્ષની બે છોકરીની અટકાયત કરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ઉલ્હાસનગરના ચિલ્ડ્રન હોમમાં ૨ ડિસેમ્બરે રાતે આ કથિત ઘટના બની હતી, જેને પગલે પાંચ ડિસેમ્બરે ભારતીય દંડસંહિતાની કલમ ૬૪ (૧) (બળાત્કાર), ૭૦ (૨) (સામૂહિક બળાત્કાર) અને ૩ (૫) (સમાન હેતુ) તેમ જ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

૧૪ વર્ષની પીડિતા પુણેની રહેવાસી છે અને તે પણ બાળસુધારગૃહમાં બંદીવાન છે. પોલીસે બંને છોકરીની અટકાયત કરી છે અને ભિવંડીની જુવેનાઇલ કોર્ટના નિર્દેશો અનુસાર બંને સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ પ્રકરણે તપાસ ચાલી રહી છે, એમ અધિકારી કહ્યું હતું. (પીટીઆઇ)■

**નરેશ વેલજી ઠક્કર (ઉ વ ૭૮)**

સ્વર્ગવાસ શનિવાર તા ૨૯/૧૧/૨૦૨૫
કચ્છ ગામ આરીખાણા હાલે અમેરિકા

**માતા પિતા** - સ્વ. લક્ષ્મીબાઇ વેલજી વીરજી ઠક્કર
**પત્ની** - કલ્પનાબેન, **પુત્ર** - આલોક, **પુત્રી** - અવની
**ભાભી ભાઇ** - ગં. સ્વ. ગુણવંતીબેન શિવેન્દ્ર, (અમેરિકા), સરસ્વતીબેન ચંદ્રસેન, સ્વ. પુષ્પાબેન લાલજીભાઈ
**બહેન બનેવી** - સ્વ. સરસ્વતીબેન હરીશ ભાટે, ગં. સ્વ. મધુરીબેન ચંદ્રકાંત કોટક, સ્વ. ભગવતીબેન નવીન ચંદ્રિયાની, સ્વ. જ્યોતિબેન, સ્વ. ઉષાબેન નરેન્દ્ર ઠક્કર, ગં .સ્વ. નીનાબેન અરવિંદ ઠક્કર
**કાકી કાકા** - સ્વ. બબાબાઈ ખીમજી વીરજી ઠક્કર
**ભત્રીજા વહુ ભત્રીજા** - નેહલ (નિશા) આશિષ, ગં. સ્વ. સ્મિતા દિનેશ
**ભત્રીજા** - અજય, સંજય, વિનય
**ભત્રીજી જમાઇ** - મનિષા મિલિંદ, કૃપા ઝુબીન, સાધના (ટીની) મહેન્દ્ર
**સાસુ સસરા** - મેનાબેન પુરષોતમ ભલ્લા ( P T Ramji)
**સાળા** - સ્વ. ભૂપેન્દ્રભાઈ, સ્વ. ડૉ. સુમનભાઈ
**સાળી** - સ્વ. મનીષાબેન

**પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે**


## નાશિક અકસ્માતમાં છ કચ્છીનાં મોત

# મુંબઈ-કચ્છના કડવા પાટીદાર સમુદાયમાં શોક

મુંબઈ/ભુજ: મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના વાણી ગામ નજીક રવિવારે સમી સાંજના અરસામાં સર્જાયેલા ગોઝારા માર્ગ અકસ્માતના બનાવમાં છ જેટલા કચ્છી પાટીદારોનાં મોત થતાં મુંબઈ-કચ્છના પાટીદાર સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી.

માતાજીના દર્શનાર્થે જતી વેળાએ ખીણમાં ખાબકેલી ઇનોવા કારમાં મૃત્યુ પામનાર મૂળ કચ્છના છ હતભાગીઓ હાલ નાશિક, ગાંધીધામ અને પુણેમાં રહેતા હતા. મૃતકોમાં મૂળ નખત્રાણા તાલુકાના ઉખેડા ગામના, હાલ નાશિકના પિપળગાંવના કીર્તિભાઈ સાંખલા (ઉં.વ.૫૫) અને તેમના ધર્મપત્ની રસીલાબેન (ઉં.વ.૫૫), વિઠ્ઠલભાઈ લીંબાણી (ઉં.વ.૬૦) અને તેમના પત્ની લતાબેન (ઉં.વ.૬૦) મૂળ રસલિયા ગામના, હાલ ગાંધીધામ રહેતા વેવાઈ. મૂળ મથલ ગામના, પુણે રહેતા પચાણભાઈ પટેલ (ઉં.વ.૬૫) અને સાસુ મણીબેન પટેલ (ઉં.વ.૬૫)નો સમાવેશ થાય છે. કીર્તિભાઈ સાંખલા ઈનોવા કારમાં સવાર થઈને સાસુ-સસરા અને ગાંધીધામના વેવાઈ સાથે સહ્યાદ્રી પર્વતમાળાની ટોચ પર સ્થિત સપ્તશૃંગી માતા મંદિરના દર્શને જઈ રહ્યા હતા. વીણા ગામના અકસ્માત ઝોન તરીકે ઓળખાતા ઘાટ પર સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં ઇનોવા કાર અંદાજે ૧૨૦૦ ફૂટ નીચે ખાઈમાં પલટી ખાઇ જતાં બુકડો બોલી ગયેલી કારમાં સવાર તમામ છ કચ્છીઓનાં તત્કાળ મોત નીપજ્યાં હતાં. ■

# ક્રાઈમ બ્રાન્ચની ઈમારતમાં વપરાયેલા પથ્થરોનો ઉપયોગ સ્મારક બનાવવા કરાશે

મુંબઈ: મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ૧૧૭ વર્ષ જૂની ઐતિહાસિક ઇમારત જે મુંબઈના ગુનાહિત જગત અને અનેક મહત્વપૂર્ણ કેસોની સાક્ષી હતી, તે ગયા અઠવાડિયે તોડી પાડવામાં આવી. ક્રાઈમ બ્રાન્ચની આ ઐતિહાસિક ઇમારતની સ્મૃતિ જાળવવા અને મુંબઈ પોલીસની શક્તિ અને વારસાના પ્રતીક તરીકે હવે આ ઇમારતમાંથી નીકળેલા પથ્થરોનો ઉપયોગ કરીને એક સ્મારક બનાવવામાં આવશે. આ અંગેનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે અને તેના માટે ટેકનિકલ પાસાંઓની ચકાસણી કરવામાં આવી રહી છે.

ક્રોફર્ડ માર્કેટ ખાતે આવેલી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની એક જૂની બે માળની પથ્થરની ઇમારતને માળખાકીય નિરીક્ષણ પછી તોડી પાડવાની ભલામણ કરવામાં આવી હતી. આ ઇમારત ગયા અઠવાડિયે તોડી પાડવામાં આવી હતી. આ ઇમારતમાંથી મળેલા પથ્થરોનો ઉપયોગ કરીને નાયગાંવ પોલીસ હેડક્વાર્ટરના પોલીસ મેદાનમાં કિલ્લા જેવી શૈલીની દીવાલ સાથે એક સ્મારક બનાવવાની યોજના છે.

૧૯૦૯માં બ્રિટિશ યુગ દરમિયાન 'મલાડ સ્ટોન'નો ઉપયોગ કરીને આ ઇમારત બનાવવામાં આવી હતી. આ ઇમારત તેના કાળા પથ્થર અને અનોખી રચના માટે જાણીતી હતી. આ ઇમારતની આંતરિક સજાવટ માટે સાગના લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૧૯૦૮માં લોકમાન્ય તિલકની ધરપકડ બાદ બ્રિટિશ ગુપ્તચર તંત્રને મજબૂત બનાવવા માટે આ ઇમારત બનાવવામાં આવી હતી. આ ઇમારતનું તોડી પાડવાનું કામ પૂર્ણ થઈ ગયું છે અને પથ્થર અને લાકડાની સામગ્રીને સ્મારક માટે નાયગાંવ પોલીસ મેદાનમાં મૂકવામાં આવી રહી છે. ■

# થાણેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે કાળા જાદુની સામગ્રી મળી: ગુનો દાખલ

## પ્રતિમાના પાછળના ભાગે લોટમાંથી બનાવાયેલી ઢીંગલીઓ કાગળમાંથી મળી

થાણે: થાણેના વાગલે એસ્ટેટ વિસ્તારમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા નજીક કાળા જાદુ માટેની સામગ્રી મળતાં લોકોમાં રોષ ફેલાયો હતો. આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

વાગલે એસ્ટેટના સંત જ્ઞાનેશ્વર નગર વિસ્તારમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા છે અને ફરિયાદી રોજ ત્યાં સાફસફાઇ કરે છે. પાંચમી ડિસેમ્બરે ફરિયાદી સાફસફાઇ કરી રહ્યો હતો ત્યારે પ્રતિમાના પાછળના ભાગે લોટમાંથી બનાવાયેલી ઢીંગલીઓ કાગળમાંથી મળી આવી હતી, જેના પર હળદી-કંકુ લાગ્યા હતા.

આ વાત અન્યત્ર ફેલાતાં લોકો ઘટનાસ્થળે એકઠા થયા હતા અને બાદમાં તેમણે વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં જઇને આ અંગે જાણ કરી હતી. દરમિયાન ૮ ડિસેમ્બરે મધરાતે ફરિયાદીને ફરી પ્રતિમા પાસે લોટમાંથી બનાવવામાં આવેલી ઢીંગલીઓ મળી હતી, જેને પગલે લોકોમાં રોષ ફેલાયો હતો.

આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ આ મામલે તપાસ કરી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

**કેન્દ્રીય પ્રધાન ડૉ. જીતેન્દ્ર સિંગ અને મહારાષ્ટ્રના કેબિનેટ પ્રધાન એડ. આશિષ શેલારે શાહ ગ્રુપના CMD નલિન શાહને એક્સેલેન્ટ લીડરશિપ એવોર્ડથી સન્માનિત કર્યા.**



મુંબઈ : મુંબઈના એક ફાઈવ સ્ટાર લલિત હોટેલમાં રાષ્ટ્રીય ન્યૂઝ ચેનલ દ્વારા આયોજિત ભવ્ય કાર્યક્રમમાં, શાહ ગ્રુપ (વાશી)ના ચેરમેન નલિનભાઈ શાહને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં કરેલા ઉત્તમ અને ઉમદા કાર્ય બદલ 'એક્સેલેન્ટ લીડરશિપ' એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તેમને આ એવોર્ડ કેન્દ્રીય પ્રધાન ડૉ. જીતેન્દ્ર સિંગ, મહારાષ્ટ્રના માનનીય કેબિનેટ પ્રધાન એડવોકેટ આશિષ શેલાર અને ભારત ૨૪ ન્યૂઝ ચેનલના CEO ડૉ. જગદીશ ચંદ્રાના હસ્તે પ્રદાન કરવામાં આવ્યો. આ સન્માન મળતા અનેકોઅનેક લોકોએ તેમને અભિનંદન પાઠવ્યા.

# પાલઘરમાં મહિલા પર બળાત્કાર: કોન્સ્ટેબલની ધરપકડ

પાલઘર: પાલઘર જિલ્લામાં મહિલા પર બળાત્કાર ગુજારવાના આરોપસર ૪૦ વર્ષના કોન્સ્ટેબલની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. પાલઘર ગ્રામીણ પોલીસના અધિકારીના જણાવ્યા અનુસાર કાસા પોલીસ સ્ટેશનમાં ગયા સપ્તાહે આ ઘટના બની હતી.એક કેસ સંદર્ભે મહિલા પોતાનું નિવેદન નોંધાવવા માટે પોલીસ સ્ટેશનમાં ગઇ હતી, ત્યારે પોલીસ કોન્સ્ટેબલે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

આ ઘટના બાદ મહિલાએ ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે કોન્સ્ટેબલ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

# વલસાડી હાફૂસ કેરીને જીઆઇ ટેગ મુદ્દે મહારાષ્ટ્રના વિધાનસભ્યોએ બાંયો ચઢાવી

મુંબઈ: મહારાષ્ટ્રમાં ગુજરાતી અને ગુજરાતને લગતા અનેક મુદ્દે સતત વિવાદ સર્જાયા કરે છે. ગુજરાતના વલસાડ હાફૂસ કેરી માટે કરવામાં આવેલી જિઓગ્રાફિકલ ઇન્ડિકેશન એટલે કે જીઆઇ ટેગની અરજીને લઈને મહારાષ્ટ્રના રાજકારણમાં નવો વિવાદ સર્જાયો છે. આ એક વહીવટી અને ટેક્નિકલ પ્રક્રિયા હોવા છતાં મહારાષ્ટ્રના વિપક્ષી નેતાઓએ આ મુદ્દે રોષ વ્યક્ત કર્યો છે.

એનસીપી (શરદ પવાર)ના વિધાનસભ્ય રોહિત પવારે આક્ષેપ કર્યો છે કે નવસારી કૃષિ યુનિવર્સિટી અને ગાંધીનગર યુનિવર્સિટીએ 'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' યોજના હેઠળ ૨૦૨૩માં વલસાડ હાફૂસ માટે જીઆઇ ટેગની અરજી કરી છે.

પવારે ચેતવણી આપી હતી કે આનાથી કોંકણ હાફૂસની ઓળખ જોખમાઈ શકે છે. જોકે, ગુજરાત તરફથી કોંકણ હાફૂસ (અલ્ફાન્સો), જેને ૨૦૧૮માં જીઆઇ ટેગ મળી ચૂક્યો છે, તેને પડકારવા માટે કોઈ સત્તાવાર પગલું ભરવામાં આવ્યું નથી.

તેમ છતાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના અંબા દાસ દાનવેએ હાફૂસને મહારાષ્ટ્રનું ગૌરવ ગણાવીને ગુજરાત પર તેને હડપવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે તો આ પગલાને મુંબઈ પર દાવો કરવો અથવા ગુજરાતને રાષ્ટ્રીય ફોકસનું કેન્દ્ર બનાવવાના પ્રતીકાત્મક પૂર્વસૂચન તરીકે ગણાવ્યું હતું.

અત્રે એ વાત નોંધવી રહી કે આ પ્રક્રિયા મુદ્દે ગુજરાતમાં કોઈ ચર્ચા કે મુદ્દો નથી. વલસાડના ભાજપ સાંસદ ધવલ પટેલે કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલને અગાઉ લખેલા પત્રમાં માત્ર એટલો જ ઉલ્લેખ કર્યો હતો કે યુનિવર્સિટીઓએ અરજી ભૌગોલિક જોડાણને આધારે સબમિટ કરી હતી. ગુજરાતના રાજકીય કે સામાજિક વર્તુળોમાં કેરીના નામ કે જીઆઇ ટેગ અંગે કોઈ મોટી ચર્ચા થઈ નથી. આમ છતાં, રોહિત પવારની એક્સ પરની પોસ્ટ બાદ મહારાષ્ટ્રના વિપક્ષી નેતાઓની આકરી પ્રતિક્રિયાઓ આવવાની શરૂઆત થઈ હતી.

# ઉપલેટામાં પૂ. શ્રી ધીરગુરુદેવના વડીલ બંધુ શ્રી મનહરભાઈ પોપટલાલ મણિયારનો સંથારો



મુંબઈ: પરમ પૂજ્ય શ્રી ધીરગુરુદેવના સાંસારિક જ્યેષ્ઠ બંધુ સંથારા આરાધક મનહરભાઈ પોપટલાલ મણિયાર ઉંમર વર્ષ ૮૫નો આજે સંથારાનો ૯ મો દિવસ, જેઓ એ આજથી લગભગ ૪૪ વર્ષ પૂર્વ એમના પિતાશ્રી પૂજ્ય પ્રેમગુરુદેવ અને લઘુ બંધુ પૂજ્ય ધીરગુરુદેવના દીક્ષા પ્રસંગે આજીવન બ્રહ્મચર્યના પ્રત્યાખ્યાન કરેલ તથા જેઓ એ સ્વયંબુદ્ધ ની જેમ સ્વત: ૩૦/૧૧/૨૫ ના સંથારો ગ્રહણ કરેલ છે, એવા વીર આરાધક આત્મા ને કોટી કોટી વંદન અભિનંદન અને અનુમોદન કરીએ છીએ આપની સંથારાની સાધના ઉપલેટા મુકામે ગતિમાન છે.

## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૬૨૬-એ)

### ૧૭. જગ્યા આપવી છે

**સાઉથ મુંબઈ**

1, 2, 3, 4 બેડરૂમ વેચાણથી L & L, રેડી UNDER CONSTRUCTION - 9892710071/9619048555. (એસડીબી-૧૬૮૨૩)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૨. જમીન - મિલકત

BKC INSIGNIA. LARGE 5 BHK, 6 Balcony, 6 Bathrooms, 2 Covered Car Parks. 1706 sqft Carpet. Fully Furnished, available for Sale by Owner. Contact: 9004344049. (B-16817)

### ૩૩. ધંધાદારી

**સર્ચ રીપોર્ટ**
**ઓલ્ડ એગ્રીમેન્ટ**
**ઓલ્ડ OC પ્લાન્સ**
**એરીયા સર્ટીફિકેટ**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૬૮૩૭)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

■ **હોમાત્મક - સુંદરકાંડ દ્વારા આર્થિક - માનસિક - શારીરિક સમસ્યા નિવારણ. ૯૯૯૮૭૮૭૧૪૩. (બી-૧૬૮૧૮)**

**ગુરુજી**

**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રીઝલ્ટ 7219004517. (૬૩૧-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675/9326448699. (કાંદિવલી). (૬૧૪/બી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## છેલ્લા પાનાનું ચાલુ

### ઘોડબંદર રોડ

૧૧.૫૯ વાગ્યા સુધી કામ કરવાની પરવાનગી આપવામાં આવી છે.

મુંબઈ, થાણેથી ઘોડબંદર તરફ જતા ભારે વાહનોને માજીવડા વી-જંક્શન અને કપુરબાવડી ચોકથી નો-એન્ટ્રી રહેશે. અહીંના વાહનો ખારેગાંવ ટોલ પ્લાઝા, માનકોલી, અંજુરફાટા અથવા કશેલી, અંજુરફાટા થઈને પસાર થશે. મુંબઈ નાસિક હાઇવે, ઘોડબંદર તરફ જતા વાહનોને મુમ્બ્રા બાયપાસ થઈને ખારેગાંવ ટોલ પ્લાઝાથી નો-એન્ટ્રી રહેશે, અહીંના વાહનો ખારેગાંવ ટોલ પ્લાઝા, માનકોલી, અંજુરફાટા થઈને પસાર થશે. નાસિકથી ઘોડબંદર તરફ જતા ભારે વાહનોને માનકોલીથી એન્ટ્રી મળશે નહીં, તેમણે માનકોલી પુલ નીચે અંજુરફાટા થઈને પસાર થવાનું રહેશે.

### ભોજપુરી સ્ટાર

ગંભીર પરિણામનો સામનો કરવો પડશે.

ભોજપુરી અભિનેતાની ટીમના અન્ય સભ્યને પણ ધમકીભર્યા કૉલ્સ આવ્યા હતા અને કૉલ કરનારે રૂપિયાની માગણી કરી હતી.

પવનસિંહ અભિનેતા સલમાન ખાન દ્વારા હૉસ્ટ કરાયેલા રિયાલિટી શૉ બિગ બોસના સ્પર્ધકોમાંનો એક હતો.

ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇ પંજાબી સિંગર અને રાજકારણી સિદ્ધુ મૂસેવાલાની હત્યાનો આરોપી છે અને તે હાલ ડ્રગ્સના કેસમાં ગુજરાતની સાબરમતી જેલમાં છે.

ઑક્ટોબર, ૨૦૨૪માં એનસીપીના નેતા અને રાજ્યના પ્રધાન બાબા સિદ્દીકીની હત્યા બિશ્નોઇના ઇશારે કરવામાં આવી હતી. આ કેસમાં લોરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલ વોન્ટેડ હતો અને તેને ગયા મહિને યુએસથી ડિપોર્ટ કરીને ભારત લવાયો હતો. (પીટીઆઇ)

### ત્ર્યંબકેશ્વરમાં

જિલ્લાના ઇગતપુરીના રહેવાસી શરદ બોડકે તરીકે થઇ હતી. મોખાડા પોલીસે મૃતકના સગાની પૂછપરછ કર્યા બાદ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને આરોપીઓને પકડવા માટે વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હતી. પોલીસની ટીમે ઇગતપુરી જઇ અનેક લોકોની પૂછપરછ કરી હતી અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે ગુનામાં સામેલ પાંચ આરોપીને ઝડપી પાડ્યા હતા.

પોલીસને પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે જમીનના વિવાદને લઇ આરોપી સંતોષ ઉર્ફે અરૂણ ધાત્રકને શરદ બોડકે વારંવાર ગાળો ભાંડતો હતો અને દાદાગીરી કરતો હતો. શરદે બાદમાં ધાત્રકનાં માતા-પિતાની મારપીટ કરી હતી, જ્યારે તેના મામાનો પગ તોડી નાખ્યો હતો, જેને કારણે ધાત્રકના મનમાં રોષ હતો.

આથી બદલો લેવા માટે તે પોતાના સાથીદારો સાથે મળીને શરદને દારૂ પીવાને બહાને કારમાં ત્ર્યંબકેશ્વરના જાંબુળપાડા ખાતે નિર્જન સ્થળે લઇ આવ્યો હતો, જ્યાં શરદને દારૂ પીવડાવ્યા બાદ તેની બેરહેમીથી મારપીટ કરવામાં આવી હતી અને બાદમાં ગળું દબાવી તેની હત્યા કરાઇ હતી. શરદના મૃતદેહને બાદમાં તેઓ કારમાં પાલઘર જિલ્લામાં તેઓ લઇ આવ્યા હતા અને વૈતરણા ડેમ નજીક મૃતદેહ ફેંકી આરોપીઓ ફરાર થઇ ગયા હતા.

### મહારાષ્ટ્ર વિધાનસભા

૨૬ માટે રાજ્યની મહેસૂલ ખાધ રૂ. ૪૫,૮૯૧ કરોડ છે, જ્યારે રાજકોષીય ખાધ રૂ. ૧,૩૬,૨૩૫ કરોડ છે. પૂરક માંગણીઓ પરના ખર્ચમાં વધારાને કારણે આ ખાધ વધવાની આશંકા છે.

#### પૂરક માગણીમાં મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ ખેડૂતો

અત્યાર સુધીમાં ૯૦ લાખથી વધુ નાણાકીય સહાય મળી છે, પરંતુ બાકીના ખેડૂતો માટે રૂ. ૧,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

અતિવૃષ્ટિથી પ્રભાવિત ખેડૂતો માટે ખાતર, બિયારણ વગેરે માટે રૂ. ૯૬૦૦ કરોડ ખેડૂતોની જમીનમાંથી રેતી, માટી, કાંપ દૂર કરવા અને તેને પુનઃસ્થાપિત કરવા માટે રૂ. ૧૧૮ કરોડ, આપત્તિ રાહત કાર્ય માટે રૂ.૬૦૦ કરોડ, રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ માટે રૂ. ૨૫૦ કરોડ, ખેડૂતો માટે કુલ રૂ. ૧૫૬૪૮ કરોડ

### ટૂંકું શિયાળુ સત્ર

સમયગાળાનો મુદ્દો ઉઠાવ્યો હતો. નાગપુર કરાર મુજબ સત્ર ઓછામાં ઓછા બે અઠવાડિયા સુધી લંબાવવાની માંગણી કરી હતી. સરકાર ઊંડાણપૂર્વકની ચર્ચાને મંજૂરી આપવાને બદલે પહેલા જ દિવસે પૂરક માગણીઓ અને ખરડો રજૂ કરવાની ઉતાવળમાં હોવાનો આરોપ પટોલેએ કર્યો હતો.

રાજ્ય સરકાર આટલી ઉતાવળ કેમ કરી રહી છે એવો સવાલ પટોલેએ ગૃહમાં કરતા સ્પીકર રાહુલ નારવેકરે હસ્તક્ષેપ કરી જણાવ્યું હતું કે બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકમાં સત્રનો સમયગાળો સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યો હતો. જોકે સ્પીકર તરીકેના પટોલેના કાર્યકાળ દરમિયાન (અગાઉની મહા વિકાસ આઘાડી સરકાર દરમિયાન) વિધાનસભાની બેઠક માત્ર ત્રણથી ચાર દિવસ માટે થઈ હતી, જ્યારે અન્ય રાજ્યોએ ૨૦ દિવસ સુધી ચાલેલા સત્રો યોજ્યા હતા એ ફડણવીસે પટોલેને યાદ અપાવતા બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે નાગપુરમાં સૌથી લાંબા શિયાળુ સત્રો તેમના સીએમ તરીકેના કાર્યકાળ દરમિયાન યોજવામાં આવ્યા હતા.ફડણવીસે ઉમેર્યું હતું કે આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે આદર્શ આચારસંહિતાની ઘોષણાની સંભાવનાને ધ્યાનમાં રાખીને સત્રનો સમયગાળો બનાવવામાં આવ્યો હતો. ભવિષ્યમાં શિયાળુ સત્રો યોગ્ય સમયગાળા માટે યોજાશે એમ મુખ્ય પ્રધાને વિધાનસભાને જણાવ્યું હતું. (પીટીઆઈ)

### નોટિસને નહીં

સેક્રેટરી તરીકે સેવા આપી ચૂકેલા અવિનાશ ઢાંકણેએ જણાવ્યું હતું કે મુંબઈની હવાની ગુણવત્તા સંતોષકારક શ્રેણીમાં રહે તેવા દિવસોની સંખ્યા વધારવાની આવશ્યકતા છે. ગીચ વસતીવાળા મુંબઈ શહેરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૫૦ની નીચે લાવવો અત્યંત પડકારજનક કામ છે. છતાં સંતોષકારક દિવસોની અંકદરે સંખ્યામાં વધારો કરવો શક્ય છે.

શહેરમાં પ્રદૂષણનું પ્રમાણ સતત વધી રહ્યું છે એ બાબતે અવિનાશ ઢાંકણેએ જણાવ્યું હતું કે જો શહેરનો એક્યુઆઈ ૩૦૦ને વટાવી જાય છે તો સરકારી પ્રોજેક્ટ સહિત તમામ બાંધકામ પ્રવૃત્તિને તાત્કાલિક બંધ કરવામાં આવસે. સરકારી પ્રોજેક્ટને પણ તેમાંથી બાકત રાખવામાં આવશે નહીં. તમામ લોકોને નિયમ એકસરખા લાગુ પડશે. હાલ મુંબઈમાં ૨૮ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન છે, જો આવશ્યકતા જણાઈ તો પાલિકા તેમાં ઉમેરો કરાશે.

મુંબઈમાં ઠેક ઠેકાણે ચાલી રહેલા કન્સ્ટ્રક્શન સાઈટ પર એર ક્વોલિટી સેન્સર બેસાડવાની સૂચના આપી હતી, તેમાંથી લોકલ સ્તરે એક્યુઆઈ ડેટા મેળવવાનું શરૂ કરી શકાય છે. અત્યાર સુધી લગભગ ૫૦૦ કન્સ્ટ્રક્શન સાઈટ પર પાલિકાના સેન્ટ્રલ ડેશબોર્ડ સાથે જોડાયેલા એર ક્વોલિટી સેન્સર બેસાડવામાં આવ્યા છે. આ નેટવર્ક હાઈપર લોકલ પોલ્યુશન હોટ સ્પોર્ટને ઓળખી કાઢવામાં મદદ કરશે.

ધૂળથી થતા પ્રદૂષણને રોકવા માટે આગામી દિવસોમાં પરિવહન અને ટ્રાફિક વિભાગ સાથે પણ બેઠક યોજવાની પાલિકાની યોજના છે, જેમાં ખાસ કરીને ખુલ્લામાં કાટમાળ તથા કન્સ્ટ્રક્શન રો મટિરિયલનું ટ્રાન્સપોર્ટેશન કરતા અથવા રસ્તા પર પસાર થતા સમયે રસ્તા પર કાટમાળ પાડીને ગંદકી ફેલાવનારા વાહનો સામે પણ પગલા લેવાનો વિચાર ચાલી રહ્યો છે અને વોર્ડ સ્તરે રસ્તા પર પડેલી આ ગંદકીને કેવી રીતે સાફ કરવી તે બાબતે યોગ્ય આયોજન કરવાનું કહેવામાં આવ્યું હોવાનું અવિનાશ ઢાંકણેએ જણાવ્યું હતું.

**૧૯૧ સ્ટોપ વર્ક નોટિસ**

પાલિકાની ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરીને વાતાવરણમાં પ્રદૂષણ વધારનારા સામે પાલિકા કાર્યવાહી વધુ તીવ્ર બની છે. ફક્ત ડિસેમ્બરમાં જ પાલિકાએ કન્સ્ટ્રક્શન સાઈટ પર નિયમોનું ઉલ્લંઘન કરનારી ૧૯૧ સાઈટનને શો-કોઝ નોટિસ ફટકારી છે અને ૭૮ સ્ટોપ વર્ક નોટિસ ફટકારી છે.

**સરેરાશ એક્યુઆઈ ૧૬૭**

મુંબઈમાં ફરી એક વખત પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. મુંબઈમાં સોમવારે સાંજના સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૬૭ નોંધાયો હતો. માનખુર્દ શિજી નગરમાં ૧૮૨, બાન્દ્રા પૂર્વમાં ૧૬૯, બીકેસીમાં ૧૬૬, બોરીવલી પૂર્વમાં ૧૬૬, બોરીવલી પશ્ચિમમાં ૧૬૯, અંધેરી ચકાલામાં ૧૬૬, ચારકોપમાં ૧૮૨, કોલાબામાં ૧૬૯, દેવનારમાં ૧૬૫, જુહુમાં ૧૭૦, ભાંડુપમાં ૧૬૭, કુર્લામાં ૧૬૫, કાંદિવલી પૂર્વમાં ૧૬૯, મલાડ-પશ્ચિમમાં ૧૭૧, મુલુંડ પશ્ચિમમાં ૧૬૭, સાયનમાં ૧૬૨, વડાલામાં ૧૭૨ અને વરલીમાં ૧૬૫ નોંધાયો હતો.

### મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ

વિવિધ ગ્રામીણ વિકાસ કાર્યો, અનુદાન અને પ્રોજેક્ટ્સ માટે રૂ. ૭૧૮ કરોડ, વીઆઈપીઓની હવાઈ મુસાફરી અને અન્ય બાબતો માટે ૧૪૩ કરોડ રૂપિયા, મુંબઈ પોલીસ કમિશનર ઓફિસ માટે ૧૦૬ કરોડ રૂપિયા.

### 'વંદે માતરમ્'

ચાલનારી ઉજવણીનો એક ભાગ છે.૧૯૩૭માં ગીતમાંથી મુખ્ય પંક્તિઓ હટાવી ભાગલાના બીજ વાવ્યા હોવાનો આરોપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર મૂક્યો હતો. ૭ નવેમ્બરે મોદીએ 'વંદે માતરમ્' ના ૧૫૦મા વર્ષની ઉજવણી માટે વર્ષભરની ઉજવણીની શરૂઆત કરી હતી, જેનો હેતુ ખાસ કરીને યુવાનો અને વિદ્યાર્થીઓ માટે ગીતના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.

### થાણેમાં ત્રણ દિવસ

લાખની છે. શહેરને પ્રતિદિન ૬૨૧ મિલ્યન લિટર જેટલા પાણીની આવશ્યકતા છે, તેની સામે શહેરને દરરોજ માત્ર ૫૮૫ મિલ્યન લિટર જેટલો પાણી પુરવઠો થાય છે, જેમાં પાલિકાની પોતાની પાણીપુરવઠા યોજનામાંથી ૨૫૦ મિલ્યન લિટર , મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન તરફથી ૧૩૫ મિલ્યન લિટર, સ્ટેમ કંપની તરફથી ૧૧૫ મિલ્યન લિટર અને મુંબઈ મહાનગરપાલિકા તરફથી ૮૫ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. છતાં સતત વધી રહેલી થાણે શહેરની વસતીને કારણે શહેરમાં પાણીની અછત નિર્માણ થઈ છે.

મુંબઈ મહાનગરપાલિકા તરફથી શહેરને ૮૫ મિલ્યન લિટર પાણીપુરવઠો થાય છે, તે પાણીનું વિતરણ શહેરના કિસન નગર એક અને બેમાં, વાગલે એસ્ટે, ઈંદિરા નગર, કોપરી, ગાંવદેવી, બાળકુમ અને ઘોડબંદરના અમુક વિસ્તારને થવાનો છે. તો દિવા વિસ્તારમાં એમઆઈડીસી તરફથી પાણીપુરવઠો કરવામાં આવે છે. થાણે પાલિકાનો પોતાના પાણીપુરવઠા યોજનામાંથી થાણે શહેર, કલવા, મુમ્બ્રા અને ઘોડબંદર વિસ્તારને પાણીપુરવઠો કરવામાં આવે છે.

## જૈન મરણ

વિસનગર નિવાસી હાલ કાંદિવલી, ચંદ્રેશભાઇ કાંતિલાલ મણિયારના પત્ની અ.સૌ શ્રીમતી મયુરીબેન ચંદ્રેશભાઇ મણિયાર (ઉં. વ. ૫૫) તે હર્ષના મમ્મી, મિલોનીના સાસુ તા. ૦૮/૧૨/૨૦૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે ઇલાબેન તેમજ રસિકભાઈ ગૌરીશંકર દવેના પુત્રી. મનીષાબેન અને જયેશભાઇના બેન. ચક્ષુદાન કરેલ છે.લૌકિક વ્યવહાર રાખેલ નથી. એક્સ-પોઇન્ટ બી/૧૯૦૧, જૂની પ્રેમભાવના, એસ.વી. રોડ, શતાબ્દી હોસ્પિટલ પાસે, કાંદિવલી પશ્ચિમ.

**બેતાલીસ વિસા શ્રીમાળી જૈન**

સવાલા નિવાસી હાલ બોરીવલી, કુસુમબેન અશ્વિનભાઈ શાહ (ઉં. વ. ૯૯) તા. ૬-૧૨-૨૫ના શનિવારે અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. અશ્વિનભાઈની ધર્મપત્ની. મિલન-પાયલની માતાશ્રી. પૂજા અને ઉપેન્દ્રકુમારની સાસુ. માહિર અને વીરની દાદી. સ્વ. પદમા બાબુલાલ શાહની પુત્રવધૂ . માતૃવંદના તા. ૯-૧૨-૨૫ના મંગળવાર ૧૦.૦૦ થી ૧૨.૦૦. સ્થળ: મુક્તિ કમલ હોલ, દહિસર, શાંતિનાથ જૈન દેરાસર પાસે, દહિસર પશ્ચિમ.

**વિશા નીમા જૈન**

કપડવંજ નિવાસી હાલ કાંદિવલી, ચિરાગ નિરંજનભાઇ શાહ (ઉં. વ. ૫૪) તા. ૦૭-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રંજનબેન નિરંજનભાઇ શાહના સુપુત્ર. સુષ્માબેનના પતિ. કૃષિતા તથા નીલના પિતાશ્રી. નિખિલ તથા સપનાબેનના ભાઈ. ઇન્દ્રવદનભાઈ ચીમનલાલ ગાંધીના જમાઈ. ભાવયાત્રા તા. ૯-૧૨-૨૫ના ૧૦:૦૦ થી ૧૨:૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી ઉપાશ્રય, ૪થા માળે, એસ. વી. રોડ, શંકર મંદિરની સામે, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ગોંડલ નિવાસી હાલ બોરીવલી સ્વ. સુશીલાબેન તથા સ્વ. ગુણવંતલાલ કપૂરચંદ કામદારના પુત્ર જયેન્દ્રભાઈ (ઉં. વ. ૬૨) તા. ૭/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. કુશલના પિતા. માલતીબેન વિજયભાઈ અજમેરા. જયશ્રીબેન, હિનાબેન, અજયભાઈના ભાઈ. સ્વ. રસિકલાલ ન્યાલચંદ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી -૪૧, બદ્રીનાથ એપાર્ટમેન્ટ, સોનિવાડી, શીમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

મોરબી નિવાસી હાલ વિરાર, સ્વ. મણિલાલ કાંજી મહેતાના પુત્ર જયેન્દ્રભાઈ શાહ (ઉં. વ. ૮૦) તા. ૭/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. સાગર તથા વૈશાલીના પિતા. નીરવ ગાઠાણીના સસરા, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. ચીમનભાઈ, સ્વ. મંજુલાબેન, સ્વ. રમાબેન,સ્વ. સરોજબેનના ભાઈ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશાશ્રીમાળી દેરાવાસી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ થાણા, સ્વ. લલ્લુભાઈ લક્ષ્મીચંદ દોશી તથા સ્વ. અંજવાળીબેન લલ્લુભાઈ દોશીના પુત્રવધૂ તથા અજીતકુમાર લલુભાઈ દોશીના પત્ની તરુલતા અજીતકુમાર દોશી તે પાળીયાદ નિવાસી સ્વ. નંદલાલ દેવચંદ શાહ તથા મરઘાબેન શાહના દીકરી. (ઉં.વ.૭૬) તા. ૨૧.૧૧.૨૫ના દુબઈમાં અરિહંતશરણ પામેલ છે. તે મીનાબેન નવીનચંદ્ર વોરાના ભાભી. જીગ્નેશ, ફાલ્ગુની, અલ્પેશના માતુશ્રી. અ.સૌ. શીતલ, ભાવેશ હિમતલાલ કપાસી, અં.સૌ. નમ્રતાનાના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામું: ૧૫-૧૬, સ્નેહરશ્મિ સોસાયટી, ટેકડી બંગલો, પાંચપખાડી, થાણે પશ્ચિમ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રતાડિયા ગ.ના અંકિત છેડા (ઉં. વ. ૩૮) તા. ૬/૧૨ના અવસાન પામેલ છે. મંગીબેન લાલજીના પૌત્ર. મધુ અશ્વિનના પુત્ર. રવાપર ઉર્વી રાજ કારીયાના ભાઇ. પત્રીના રતનબેન આસુ વેલજીના દોહિત્ર. પ્રા. : શ્રી વ.સ્થા. જૈ.શ્રા.સં.સં. કરસન લઘુભાઇ નિશર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. ઠે. અશ્વિન છેડા, એ-૩, મહેશ્વરધામ, શાસ્ત્રીનગર, ડોંબીવલી (વે.).

વરંડી મોટીના શાંતિલાલ વિરજી દેઢીયા (ઉં. વ. ૭૪), તા.૬/૧૨/૨૫ના અવસાન પામેલ છે. કોકીલાના પતિ. માતુશ્રી વેલબાઈ વિરજીના સુપુત્ર. જીનેશ, વિરલના પપ્પા. સાકર, હેમચંદ, ઝવેર, મહેન્દ્ર, નવલ, ગીરીશ, સુરેશના ભાઈ. નવાવાસના દેવકાબેન ભવાનજી ગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : કોકીલા દેઢીયા, એચ-૪૦૩, નવનીતનગર, દેસલેપાડા, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૩.

કાંડાગરાના શ્રી રમેશ રતનશી ગાલા (ઉં. વ. ૭૫) તા.૫/૧૨/૨૫ ના અવસાન પામેલ છે. તેજબાઈ રતનશીના પુત્ર. વાસંતીના પતિ. દિપેશ, દિલેશ, નિમેશ, લીના, કવિતા, પૂનમના પિતા. કાંતિલાલ (છોટું), નયનબાળા, કુંજલતાના ભાઈ. કંકુબેન રતનશી દેઢિયાના જમાઈ. પ્રા.વ.સ્થા.જૈન સંઘ સંચાલિત કરસન લઘુ નિસર હોલ, દાદર (વે.) ટા.૪ થી ૫.૩૦. ઠે.રમેશ ગાલા, ૨/૨૦૫, વિષ્ણુભવન, ગુપ્તે રોડ, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨.

કોડાયના લક્ષ્મીબેન ખીમજી લાલન (ઉં. વ. ૯૦) તા. ૦૬/૧૨/૨૫ ના જબલપુર મુકામે અવસાન પામેલ છે. રતનબેન હંશરાજ રાજપાલ કાપડિયાના પુત્રવધુ. ખીમજીના ધર્મપત્ની. જીતેન, સાડાઉ ભારતી સુરેશ શાહ, દેવપુર ભાવના મધુસુદન ગાલા, પત્રી પ્રીતિ કિશોર દેઢિયા, રાયણમોટી મીના પંકજ ગાલાના માતુશ્રી. દેશલપુર (કંઠી) રતનબેન દેવજી સોનીના સુપુત્રી. જાદવજી, ટુંડા રૂક્ષ્મણી ગાંગજી દેઢિયા, કાંડાગરા પુષ્પા કરમશી ગાલાના બેન. પ્રાર્થના સભા તા.૦૯/૧૨/૨૦૨૫, મંગળવારે જબલપુરમાં પ્રાર્થના સભા રાખેલ છે. મુંબઈમાં પ્રાર્થના સભા રાખેલ નથી.

નાના ભાડિયાના વેજબાઈ લખમશી ડુંગરશી રાંભીયા (ઉં. વ. ૧૦૩) તા. ૪-૧૨-૨૫ના ટુંકી માંદગીથી અવસાન પામ્યા છે. રતનબેન ડુંગરશીના પુત્રવધૂ. સ્વ. ભાગ્યવંતી, સ્વ. પ્રવીણ, બંશીના માતુશ્રી. તુંબડીના જેઠીબાઈ મેઘજી ખીમજી બૌવાના સુપુત્રી. કોરશી, પદમશી, બિદડાના નાનબાઈ દામજી, પાનબાઈ શામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ૧૨ નવકાર ગણવા. ઠે. બંશીલાલ લખમશી રાંભીયા, નાનો વાસ ફરીયો, નાના ભાડિયા- ૩૭૦૪૫૫, કચ્છ.

ચિયાસરના નવલબેન ભવાનજી દેવરાજ, ડુમરા (અમરાવતી)ના કંકુવાળા નાથબાઈ હંસરાજ ગોસરના જમાઈ પીયુષ રૂપચંદ નિબજીયા (હાલ અમરાવતી) (ઉં. વ. ૬૨) ૫-૧૨-૨૫ના રોજ સ્વર્ગસ્થ થયા છે. શૈલાના પતિ. તેઓ સ્વ. કવરી રૂપચંદના સુપુત્ર. ડો. હિરલ (યુ.એસ.એ.) અને ચિ. કલશના પિતા. તેજકિરણ, સુભાષચંદ્ર, ત્રિલોકચંદ્ર, શાંતિ, લતાના ભાઈ. સરનામું : શૈલા પિયુષ નિબજીયા, સુમેર કલશ અપાર્ટમેન્ટ, રવિ કિરણ નગર, ડો. પી. એસ. સ્કૂલની પાસે, અમરાવતી (મહારાષ્ટ્ર) પિન-૪૪૪૬૦૨.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દેવગાણા નિવાસી હાલ બોરીવલી, મંજુલાબેન રવજીભાઈ માનચંદ શાહના સુપુત્ર અલપેશભાઈ (ઉં. વ. ૫૯) તે નીશાબેનના પતિ. યશ્વીના પિતાશ્રી રવિવારે તા. ૭/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અશોકભાઈ, અતુલભાઈ, કલ્પેશભાઇના ભાઈ. કાંતીલાલ ઓપાળજી સંઘવી(ટાણા)(મુલુંડ)ના જમાઈ. નાનચંદ દામજી મહેતા (ચીતલ)ના ભાણેજ, સ્મરણાંજલી તા. ૧૧-૧૨-૨૫ને ગુરુવારે ૧૦ થી ૧૨, શ્રી વર્ધમાન સ્થાનકવાસી સંઘ , એલ.ટી રોડ,બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધારી (આંબરડી) નિવાસી હાલ મલાડ સ્વ. શાંતાબેન ત્રંબકલાલ જાટકીયાના સુપુત્ર કંચનભાઇ (ઉં. વ. ૮૮) સ્વ. નિર્મલાબેનના પતિ. અજયભાઇ, સોનલબેન, રાકેશભાઇ, શીતલબેનના પિતાશ્રી. તથા મનીષાબેન, વિપુલભાઇ મહેતા, પારુલબેન, જતીનભાઇ દોશીના સસરાજી. સ્વ. શારદાબેન નાનાલાલ સંઘવી, સ્વ. હિંમતભાઇ, સ્વ. પ્રવીણભાઇ, સ્વ. રમેશભાઇ, ઇન્દુબેન વિજયભાઇ શેઠ, સ્વ. પ્રફુલભાઇ તથા દિવ્યાબેન બિપીનભાઇ દોશીના ભાઇ. સ્વ. લીલાવંતીબેન પ્રભુદાસ ગોસાળીયાના જમાઇ. રવિવાર, તા. ૭-૧૨-૨૫ના રોજ અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટા આંકડીયા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લાભકુંવર ભાઇચંદ રવાણીનાં સુપુત્ર નટવરલાલ (ઉં.વ.૭૨) તા. ૮-૧૨-૨૫ સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે પ્રતિભાબેનના પતિ. મિતેશ તથા નીનાના પિતાશ્રી. દીપાલી તથા મેહુલ કાંતિલાલ પારેખના સસરા. તે જૈનમના દાદા. સ્વ. લલિતભાઇ, સ્વ. પ્રફુલભાઇ ભૂપેન્દ્રભાઇ પ્રદીપભાઇ તથા નિશા બિપીન બાવીસીના ભાઇ. સ્વ. જયાબેન શાંતિલાલ તેજાણીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુંકાંઠા વિશા શ્રીમાળી જૈન**

અરાણીનાં ટીંબા (વાકાનેર) નિવાસી નાલાસોપારા ગં. સ્વ. શાંતાબેન દેવચંદભાઇ શાહના સુપુત્ર કિશોરભાઇ દેવચંદભાઇ શાહ ઉર્મિલાબેનના પતિ (ઉં. વ. ૭૮) તા. ૭-૧૨-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. નિકીતા, ખુશ્બુના પિતા. વિકીકુમાર, કલ્પેશકુમારના સસરા. ગં. સ્વ. કુમુદબેન અરવિંદભાઇ શાહ, નલિનીબેન રસિકભાઇ શાહ, પૂનમબેન-સુરેશાઇ શાહ, ગં. સ્વ. હીનાબેન વિનોદભાઇ શાહના ભાઇ. સાસરા પક્ષે ગલાલચંદ ગોપાલજી દેસાઇના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

## પારસી મરણ

બોમી શાવકશા વાડીવાલા તે રીને બી. વાડીવાલાના ધણી. તે મરહુમો પુતલા તથા શાવકશા વાડીવાલાના દીકરા. તે મરહુમ ફ્રેડી બી. વાડીવાલાના પપ્પા. તે વેલેનસીઆ એફ. વાડીવાલાના સસરા. તે નેવીલ એસ. વાડીવાલાના ભાઇ. તે રીઆના એફ. વાડીવાલાના ગ્રેન્ડ ફાધર. (ઉં. વ. ૭૪). રે. ઠે. ૧/૪૧, ગોદરેજ ગાર્ડન, ઇન કલેવ, વિક્રોલી પૂર્વ, મુંબઇ-૪૦૦૦૭૯.

## મુસ્લિમ મરણ

**દાઉદી બોહરા**

સકીનાબેન મુલ્લા ઇનાયત હુસેન છિલ, જે યુસુફભાઇ અસગરલી રંગવાલાના બૈરો. શબ્બીરભાઇ અને ઝુઝારભાઇના મા સાહેબા. નિશરીનબેન અને તસ્નીમબેનના સાસુ. મંગળવાર, તા. ૨જી ડિસેમ્બર ૨૦૨૫ના રોજે મુંબઇમાં ગુજરી ગયા છે.

## હિન્દુ મરણ

કચ્છ ગામ આરીખાણા સ્વ. લક્ષ્મીબાઇ વેલજી વીરજી ઠક્કરના પુત્ર નરેશ હાલ અમેરિકા (ઉં. વ. ૭૮) તા. ૨૯-૧૧-૨૫ના શ્રી રામશરણ પામેલ છે. કલ્પનાબેનના પતિ. આલોક અને અવનીના પિતાશ્રી. સ્વ. શિવેન્દ્ર, ચંદ્રસેન, સ્વ. સરસ્વતીબેન હરીશ ભાટે ગં. સ્વ. મધુરીબેન ચંદ્રકાંત કોટક, સ્વ. ભગવતીબેન નવીન ચંદ્રિયાની, સ્વ. જ્યોતિબેન, સ્વ. લાલજીભાઇ, સ્વ. ઉષાબેન નરેન્દ્ર ઠક્કર, ગં. સ્વ. નીનાબેન અરવિંદ ઠક્કરના ભાઇ. સ્વ. મેનાબેન પુરુષોતમ ભલ્લાના જમાઇ. સ્વ. ભૂપેન્દ્રભાઇ, સ્વ. ડો. સુમનભાઇ અને સ્વ. મનીષાબેનના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**આજક ગિરનારા બ્રાહ્મણ**

ભૂલેશ્વર રામ મંદિરવાળા, સ્વ. ગૌરીશંકર દુર્લભજી જોશીના પુત્રવધૂ ગં. સ્વ. નર્મદાબેન (ઉં. વ. ૯૪) તે સ્વ. નવીનચંદ્રના ધર્મપત્ની. પન્નાબેન અનિલ પઢિયાર, નયનતિકા બિમલ દેસાઈ, નીલા નવીનભાઈ ભટ્ટ, સર્યુ મનહરલાલ ઠાકર, રીટા વિજય ભટ્ટ, હર્ષા મહેન્દ્ર ઠાકર, અંબરીષ તથા કલ્પેશના માતુશ્રી. મીના, ખ્યાતિના સાસુ. જિગ્ના, ભવિતા, ઋત્વિક, વિવેક, હર્ષના દાદીમા. કેયુર, સુમિત, નિકિતા, હેતવી, ઐશ્વર્યાના દાદીસાસુ તા. ૬-૧૨-૨૫ના શ્રી રામ શરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, ૧૧-૧૨-૨૫ સાંજે ૫ થી ૭ તેમના નિવાસ સ્થાને રાખેલ છે. સરનામું: ૨૩૦૩, મેરિડીયન, હીરાનંદાની મિડોસ, થાણે-વેસ્ટ.

**હાલાઇ સારસ્વત બ્રાહ્મણ**

કરાચીવાળા હાલ થાણા, સ્વ. શિવશંકર જોષીના પુત્ર અશ્વિનભાઇ (બાબુભાઇ)(ઉં. વ. ૮૫) તા. ૬/૧૨/૨૫ના શિવશરણ પામેલ છે. તે સ્વ. લતાબેનના પતિ. સ્વ. ભાનુમતી દામોદરદાસ લાલજી સોમૈયાના જમાઈ. નિલેશ તથા નિલમ અશ્વિનકુમાર ભૂરાના પિતા. નિધિ, પલક, નિરાલી ભાર્ગવ ભૂરા, યાશી ધવલ ભૂરા, ધ્યુમનના બાપુજી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાંઝા દરજી**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદીવલી, ગં.સ્વ ભાનુબેન છગનભાઈ ખરખડા (ઉં. વ. ૭૪) તા. ૮/૧૨/૨૫ના સોમવારે શ્રીગોપાલચરણ પામેલ છે. તે સ્વ. છગનભાઈ ભાણજીભાઈ ભરખડાના ધર્મપત્ની, મનીષભાઈ છગનભાઈ ભરખડા તથા અશ્વિનભાઈ છગનભાઈ ભરખડાના માતોશ્રી. તેમની પ્રાર્થનાસભા તા. ૯/૧૨/૨૫ને મંગળવારે ૪ થી ૬. વાંઝા જ્ઞાતિવાડી મથુરાદાસ રોડ, કાંદીવલી વેસ્ટ.

**કપોળ**

રાજુલાવાળા હાલ કાંદિવલી, સ્વ. વિમળાબેન ગંગાદાસ શાહ(ઘેશી) ના સુપુત્ર જસવંતરાય (ઉં. વ. ૭૫) રવિવાર તા. ૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે, તે સ્વ. રાજુલબેનના પતિ. રશ્મિ-પિંકેશ-હિરલના પિતાશ્રી. ચેતન- અમી- નીરજના સસરા. સ્વ. ગુણવંતરાય સ્વ. સુરેશભાઈ સ્વ.ચંદ્રકાંતભાઈના ભાઈ. સ્વ. ઠાકોરલાલ અમૃતલાલ મોદીના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ છે.

**આયરા વાણંદ**

જીરાગઢ ગામ નિવાસી સ્વ. સવિતાબેન મોહનભાઇ બાબર (ઉં. વ. ૭૪) તા. ૭-૧૨-૨૫ના રવિવારે રામશરણ પામ્યા છે. તે સ્વ. મોહનભાઇ બાબરના પત્ની. મનોજ, જીતુ, મનિષાના માતા. સ્વ. કાનજીભાઇ, દેવજીભાઇ, જયાબેન, મંજુબેનના ભાભી. ક્રિશ, નિશિલના દાદી. પ્રાર્થનાસભા તા. ૧૧-૧૨-૨૫ના ગુરુવારના વિરેશ્વર મહાદેવ મંદિર, પ્લોટ નં. ૨૨, એમ. જી. રોડ, સીંધુ વાડીની બાજુમાં, ઘાટકોપર (ઇસ્ટ). સાંજે ૪થી ૬.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

મૈયાબાઇના પૌત્ર ગં. સ્વ. મણીબેન વાલજી કાનજી ચંડીચક્ર, સાંધાણવાળાના પુત્ર પ્રતાપભાઇ વાલજી ચંડીચક્ર (ઉં. વ. ૭૯) તે સ્વ. અ. સૌ. ચંદ્રિકાબેનના પતિ. તે સ્વ. પ્રેમાબેન મંગલદાસ દેવીદાસ ખટરીયા તેરાવાલા હાલે નાગપુરવાળાના જમાઇ. ગં. સ્વ. સરસ્વતીબેન મનહરલાલ છાંગાણી, સ્વ. શિવદાસભાઇ, સ્વ. હરિશંકરભાઇ અને સ્વ. કસ્તુરબેન સૂર્યશંકર સોનપારના નાના ભાઇ. તે ગં. સ્વ. જયશ્રીબેન દિનેશ ગાવડીયા, શિલ્પા મનીષ જેઠા, સ્વ. અલ્પાબેન, વૈશાલી ચેતન ખીંચરા, ઉર્વશી સંદીપ ચંડીચક્રના પિતા. રચિત, ઉન્નતિ અને કાર્તિકના નાના શુક્રવાર, તા. ૫-૧૨-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ગોમતીબેન માધવજી પલણના પુત્ર સ્વ. અરવિંદ માધવજી પલણ (ઉં.વ. ૭૫) ગામ કલ્યાણપુર હાલે ભાંડુપ. ચંદાબેન અરવિંદ પલણના પતિ. પ્રતિક અને અંકુરના પિતા. મોરલી અને અંકિતાના સસરા. સ્વ. શશીકાંતભાઇ અને વિણાબેન રજનીકાંત તન્નાના ભાઇ. સ્વ. રાધાબેન ઇન્દ્રજીત સેજપાલ (ટારી) ગામ જખૌના જમાઇ. એમની બન્ને પક્ષની પ્રાર્થનસભા તા. ૯-૧૨-૨૫ના સાંજે પથી ૬.૩૦. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફલોર, મુલુંડ (વેસ્ટ), લૈકિક વ્યવહાર બંધ છે.

**નવગામ વિસાનગર વણિક સમાજ**

ગામ માણસા હાલ કાંદિવલી હેતલ ઉર્મિલ શાહ (ઉં. વ. ૪૦) રવિવાર, તા. ૭-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઉર્મિલ રજનીકાંત શાહના પત્ની. નલિનીબેન અને રજનીકાંત ગોકલદાસ શાહની પુત્રવધૂ. હર્ષાબેન અને રાજેશભાઇ રમણલાલ શાહની પુત્રી. યાશીની મમ્મી. અર્પણાબેન દેવાંગ પરીખના ભાભી. તે ધવલ રાજેશ શાહના બહેન. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૯-૧૨-૨૫ના સાંજે પથી ૭. ઠે. ઠઠાઇ ભાટીયા સેવા ફંડ, હોલ નં-૪, શંકર લેન, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા પોરવાડ**

મૂળ કપડવંજ હાલ જુહુ મુંબઇ કેતન પરમાનંદ શાહ (જાલીવાલા) તે સ્વ. પ્રફુલ વંદના શાહના પુત્ર. ચારુલતા શાહના પતિ. તપસ્વીની અને જિંદગી શાહના પિતા. સ્વ. બાપુલાલ અને સ્વ.ભાનુમતિ મૌનના જમાઇ. તા. ૬-૧૨-૨૫ના શ્રીજીચરણ સિધાવ્યા છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૯-૧૨-૨૫ના ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન, જનાર્દન રામજી મહાત્રે માર્ગ, ચંદન સિનેમા પાછળ. જે.વી.પી.ડી. સ્કીમ, જુહુ મુંબઇ સાંજે પથી ૭.

**ખંભાત વિશા અડાલજા વણિક**

ગિરીશ શાહ (ઉં. વ. ૬૬) સ્વ. સૂર્યકાંતા અને સ્વ. નટવરલાલ શાહના સુપુત્ર ગં. સ્વ. સાધના શાહના પતિ. અવની અને અંકિતાના પિતા. વિશાલ અને કેયુરના સસરા. મધુકર, રોહીત, ઉમેશ, નિલમ અને સ્મિતાના ભાઇ. તથા ગં. સ્વ. રસિલાબેન અને સ્વ. ભાનુભાઇ પટેલના જમાઇ. તે રવિવાર તા. ૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૯ ડિસેમ્બર ૨૦૨૫ મંગળવારે જે. એન. ભુટા હોલ, ગેટ નં. ૨, શ્રી એન.ડી. ભુટા હાઇસ્કૂલ, ઓલ્ડ, નાગરદાસ રોડ, અંધેરી (ઇસ્ટ), સાંજે ૪થી ૭.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન-મન-ધનથી રહો તરોતાજા

# લક્ષ્મી ચંચળ છે...!




મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા

feedback@bombaysamachar.com

ધારો કે તમે રસ્તા પર પગપાળા જઈ રહ્યા છો. તમે જુઓ છો કે થોડાં ડગલાં આગળ જતાં એક મોટો ખાડો છે. ખાડાની બાજુમાંથી સાચવીને પસાર થવાને બદલે તમે સીધેસીધા ચાલતા રહો તો શું થાય?

તમારો પગ ખાડામાં પડે અને તમે ધડામ કરતાં પછડાઓ અને ઈજા થઈ જાય. આમાં કોનો વાંક, ખાડાનો કે તમારો?

એ જ રીતે, ધારો કે આપણે આપણી ધનસંપત્તિને આડેધડ વાપરવા લાગીએ, કમાણી કરતાં ખર્ચનો આંકડો વધી જતો હોય તોય પરવા ન કરીએ, ન પૈસા બચાવીએ કે ન તેનું યોગ્ય રોકાણ કરીએ, પરિવારના સભ્યો ક્યાં, કેટલા પૈસા વાપરે છે એની નોંધ ન રાખીએ, આપણા પૈસા ક્યાં જાય છે તેના પર ચાંપતી નજર ન રાખીએ અને પરિણામે લક્ષ્મી ગુમાવી બેસીએ તો વાંક કોનો? દેખીતું છે, આવી પરિસ્થિતિ ઊભી થવા દેવા બદલ વાંક આપણો જ ગણાય. આપણે કહ્યા કરીએ છીએ કે, લક્ષ્મી ચંચળ છે. હકીકત એ છે કે ચંચળ આપણે છીએ અને દોષનો ટોપલો લક્ષ્મી પર ઢોળતાં રહીએ છીએ.

આપણને હંમેશાં લાગે છે કે પૈસા કમાવા અઘરા છે. વાસ્તવમાં, પૈસા જાળવવા વધારે અઘરા છે. કમાણી કરવા માટે આપણે આપણા વ્યવસાયમાં સારામાં સારી કામગીરી બજાવવી પડે. સંપત્તિને જાળવવા માટે આપણામાં જુદા પ્રકારની આવડત જોઈએ, શિસ્ત જોઈએ.

હરિરામભાઈ મહેતા માત્ર બે જોડી કપડાં લઈને મુંબઈ આવ્યા હતા. પોતાના વતનના કેટલાક વેપારીઓની મદદથી એમને નાની એવી નોકરી મળી ગઈ. શરૂઆતમાં એ પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા અને આખો દિવસ કાપડબજારમાં કામ કરતા. સાંજના ભાગમાં એમણે ટ્યૂશન આપવાનું શરૂ કર્યું. ધીમે ધીમે ખુદનો નાના પાયે ધંધો શરૂ કર્યો. એમનો સંઘર્ષ રંગ લાવ્યો. એમનાં પત્ની નિર્મળાબહેન બહુ જ કરકસરથી રહેતાં. કાળજીપૂર્વક આખા મહિનાનું બજેટ બનાવી નાખતાં. પૈસા ખર્ચવાના મામલામાં હરિરામભાઈ પણ ખૂબ સાવચેત રહેતા. મહિનાના અંતે જે પૈસા બચ્યા હોય તેને ફિક્સ્ડ ડિપોઝિટમાં અથવા તેનું બીજી કોઈ રીતે રોકાણ કરતા.

થોડાં વર્ષો બાદ વન-રૂમ-કિચનના ઘરમાંથી એ યુગલ વાલકેશ્વર જેવા પોશ વિસ્તારમાં ત્રણ બેડરૂમવાળા ફ્લેટમાં રહેવા આવ્યું. વર્ષો વીતતાં તેમની પાસે સારી એવી સંપત્તિ એકઠી થઈ ગઈ.

સદ્‌ભાગ્યે તેમનાં સંતાનોએ એમનો સંઘર્ષ જોયો હતો. આથી એ ભલે ક્યારેક છૂટથી પૈસા વાપરી લેતાં, પણ પૈસાની બાબતમાં મા-બાપે પાડેલી સારી ટેવો ભૂલતાં નહીં. એ સંતાનો ક્યારેય ન લોન લેતાં કે ન કોઈ પાસેથી પૈસા ઉછીના માગતાં. ઘરના બધા સભ્યો ખર્ચનો પાક્કો હિસાબ રાખતા. નિયમિતપણે નાણાંનું યોગ્ય રીતે રોકાણ કરતા.

જોકે, ત્રીજી પેઢીનું આગમન થતાં પરિસ્થિતિ બદલાવા લાગી. બાળકોના જન્મદિવસ શાનદાર રીતે ઊજવવામાં આવતા. પરિવાર પાસે હવે કારનો આખો કાફલો હતો. અગાઉ જ્યારે તેમની પાસે સેકન્ડ હેન્ડ ગાડી હતી ત્યારે લગ્નપ્રસંગમાં સૌ સાથે જતાં ને સાથે પાછા આવતાં. હવે સૌ પોતપોતાની અલાયદી ગાડી લઈને જવા લાગ્યા. એક જમાનામાં ટીવી જોવા પાડોશીને ત્યાં જતા આ પરિવારના ઘરમાં પ્રત્યેક રૂમમાં ટીવી આવી ગયાં. ત્રીજી પેઢીનાં સંતાનો આગળ ભણવા માટે ફોરેન ગયાં. પાછાં આવ્યાં ત્યારે એમની પાસે ડિગ્રી તો હતી, પણ નીતિમૂલ્યોને પાછળ મૂકી આવ્યાં હતાં.

તેમને હવે ઘર નાનું પડવા લાગ્યું. 'પ્રાઈવસી' અને 'પર્સનલ સ્પેસ' જેવા શબ્દો ઊછળવા માંડ્યા. અગાઉ ઘરમાં નહોતા એરકન્ડિશનર્સ, નહોતા શોફર કે નહોતા રસોઈયા. નિર્મળાબહેન જાતે સૌને ભાવે એવી રસોઈ બનાવતાં, પણ હવે એરકન્ડિશનર બરાબર કામ કરતું ન હોય. શોફરને આવવામાં સહેજ મોડું થઈ ગયું હોય કે રસોઈયાઓએ સ્વાદ અનુસાર રસોઈ ન બનાવી હોય તો ત્રીજી પેઢીનાં સંતાનોનાં મન ઊંચા થવા લાગ્યાં. નાની નાની વાતોએ મોટું સ્વરૂપ કરવા માડ્યું અને આખરે પરિવારનો માળો વિખરાઈ ગયો. દીકરાઓ અલગ થઈ ગયા. પછી બિઝનેસમાં પણ ભાગલા પડ્યા.

આ બધા વચ્ચે, લક્ષ્મીએ ધીમે ધીમે ઉચાળા ભરવાનું શરૂ કર્યું. શરૂઆતમાં ગતિ ધીમી હતી, પણ પછી ગતિ તેજ થતી ગઈ. બધા અલગ અલગ રહેતા એટલે ઘરખર્ચ અનેકગણો વધી ગયો. ત્રીજી પેઢીનાં સંતાનોનાં લગ્ન થયાં એટલે એ બધા પણ નોખાં થઈ ગયાં. વળી, એ ફેમિલી બિઝનેસ સાથે પણ સંકળાયેલાં નહોતાં. એમણે હોમ લોન લીધી, કાર લોન લીધી. એર કરવા માટે પણ તેઓ પૈસા ઉછીના લેવા લાગ્યા...

જો કાળજી લેવામાં ન આવે તો સંપત્તિ ક્યારેય ટકતી નથી. સંપત્તિનું સર્જન કરવું કઠિન હોય તો સંપત્તિની જાળવણી કરવાનું તો એના કરતાંય વધારે અઘરું છે. સંપત્તિ ટકાવી રાખવા માટે પુષ્કળ પરિશ્રમ અને શિસ્તની જરૂર પડે છે.

ઓસ્ટ્રેલિયાના જાણીતા ફાઈનાન્શિયલ એક્સપર્ટ તેમ જ લેખક વ્હિટેકરે યોગ્ય જ કહ્યું છે કે, 'તમે કેટલા સંપત્તિવાન છો એનો સંબંધ તમે કેટલું કમાઓ છો, તમે કોના સંતાન છો કે તમે શું કરો છો તેની સાથે નથી. સંપત્તિવાન હોવાનો સંબંધ તમે પૈસાને યોગ્ય રીતે મેનેજ કરો છો કે નહીં તેની સાથે છે.' ■

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી

feedback@bombaysamachar.com




# પ્રવાસ વીમો જરૂર કઢાવી લેવો જોઈએ...

પ્રવાસ દેશમાં હોય કે પછી વિદેશનો હોય, એમાં ફ્લાઇટ અને હૉટેલના બુકિંગથી લઈને હરવા-ફરવા માટેના આયોજન સુધીની ઘણી બધી ઝીણવટભરી તૈયારીઓ કરવાની હોય છે. આવામાં, ટ્રાવેલ ઇન્સ્યોરન્સ એટલે કે પ્રવાસ વીમો અગત્યની વસ્તુ બની જાય છે. વાસ્તવમાં પાસપોર્ટ જેટલું જ પ્રવાસ વીમાનું પણ મહત્ત્વ હોય છે, કારણ કે પ્રવાસ સાથે આર્થિક જોખમ સંકળાયેલું હોય છે.

પ્રવાસ દરમિયાન, ન કરે નારાયણ, કોઈ આર્થિક તકલીફ ઊભી થાય તો પ્રવાસ વીમો એ સંકટને પહોંચી વળવામાં ઘણો મદદરૂપ સાબિત થાય છે. ઘરથી દૂર ગયેલા માણસને વીમાનો સહારો ઘણો જ હૂંફાળો લાગતો હોય છે એ એક વાસ્તવિકતા છે.

## પ્રવાસ વીમો શા માટે?

પ્રવાસ દરમિયાન કોઈ માંદગી આવી પડે, ઍરલાઇન્સને લગતી કોઈ સમસ્યા ઊભી થાય કે પછી સામાન ગુમ થઈ જાય, એ બધી જ ઘટનાઓ સામે પ્રવાસ વીમો નાણાકીય રક્ષણ પૂરું પાડે છે. મોટું નાણાકીય જોખમ હોય એ સંજોગોમાં થોડું પ્રીમિયમ ભરીને વીમો લેવામાં આવે તો ઘણી જ માનસિક રાહત મળે છે.

ફ્લાઇટ રદ થાય કે મોડી થાય ખરાબ હવામાનને લીધે કે પછી ઍરલાઇન્સના કર્મચારીઓની હડતાળ કે પછી હમણાં થયું તેમ પાઈલટોના પ્રોબ્લેમને લીધે 'ઈન્ડિગો એરલાઈન્સ'ની સંખ્યાબંધ ફ્લાઈટસ કેન્સલ થઈ તે સંજોગોમાં પ્રવાસ વીમો ઉપયોગી થાય છે. ટિકિટ ભાડાની રકમ, હૉટેલનાં સંલગ્ન બુકિંગ કે પછી સમગ્ર ટૂર એ તમામ બાબતોને આવરી લેનારો પ્રવાસ વીમો કઢાવી શકાય છે. ફ્લાઇટ જ્યારે અમુક નિશ્ચિત સમયગાળા કરતાં વધુ લાંબા સમય સુધી મોડી પડે ત્યારે અમુક પ્રવાસ વીમા પૉલિસી ભોજન, સ્થાનિક પરિવહન તથા રહેવાની વ્યવસ્થાના ખર્ચને પણ આવરી લે છે. કોઈ કનેક્ટિંગ ફ્લાઇટ પકડી શકાય નહીં તો એને લીધે થનારું નુકસાન પણ ઘણી પૉલિસીઓ હેઠળ આવરી લેવામાં આવે છે.

## ફ્લાઇટ ચૂકી જવાની સ્થિતિ સર્જાય તો...

ફ્લાઇટ ચૂકી જવાની ઘટના અણધાર્યા સંજોગોને લીધે બનતી હોય છે. એક જગ્યાએ મોડું થાય તો પછીના સંપૂર્ણ પ્રવાસ પર એની અસર થતી હોય છે. પરિણામે, સંબંધિત ખર્ચમાં પણ વધારો થાય છે, જેમકે તમે કોઈ ફ્લાઇટ ચૂકી જાઓ તો, નવું બુકિંગ વધારે મોંઘું પડે એવું શક્ય છે. વળી, ધાર્યા પ્રમાણે બુકિંગ મળે નહીં તો ક્યાંક રોકાવું પણ પડે.

આમ, આ બધી બાબતોને પ્રવાસ વીમા હેઠળ આવરી લેવામાં આવે છે. દરેક પ્રવાસ વીમા પૉલિસીનાં નિયમો અને શરતો અલગ અલગ હોય છે. આથી એને સમજી લીધા બાદ પૉલિસી કઢાવવી જોઈએ.

## પાસપોર્ટ ગુમ થાય તો...

વિદેશપ્રવાસ દરમિયાન પાસપોર્ટ ગુમ થવાની ઘટનાઓ પણ સામાન્ય છે. આવામાં પ્રવાસનું સંપૂર્ણ આયોજન ખોરવાઈ જાય છે. એ તો સારું છે કે હવે સર્વગ્રાહી આંતરરાષ્ટ્રીય પ્રવાસ વીમા પૉલિસી મળવા લાગી છે, જે મોટા આર્થિક નુકસાન સામે રક્ષણ પૂરું પાડે છે. પાસપોર્ટ ગુમ થઈ જાય તો ડુપ્લિકેટ પાસપોર્ટ કઢાવવો પડે, જેમાં અરજી કરવા માટેની ફી ચૂકવવી પડે છે તથા દસ્તાવેજો તૈયાર કરાવવાનો ખર્ચ થાય છે. જો સર્વગ્રાહી પ્રવાસ વીમા પૉલિસી કઢાવેલી હોય તો, આર્થિક નુકસાનથી બચી જવાય છે.

હવાઈપ્રવાસ દરમિયાન સામાન ચોરાઈ જવાની કે ગુમ થઈ જવાની અથવા તો પછીની ફ્લાઇટમાં મોડેથી પહોંચવાની સમસ્યા પણ ઘણી સામાન્ય બાબત બની ચૂકી છે. એને લીધે હાલાકી ભોગવવી પડે છે. સાથે જ આર્થિક નુકસાન પણ થાય છે. આવામાં પ્રવાસ વીમા હેઠળ આ સ્થિતિને આવરી લેનારી પૉલિસી કઢાવી શકાય છે. સામાન ચોરાઈ જાય તો એના મૂલ્ય જેટલી રકમ વીમાધારકને ચૂકવવામાં આવે છે. જો સામાન મોડેથી આવવાની સ્થિતિ સર્જાય તો, અમુક સમયગાળા પછી વૈકલ્પિક ચીજવસ્તુઓ ખરીદવા જેટલી રકમ વીમાધારકને ચૂકવવામાં આવે છે.

## મેડિકલ ઈમરજન્સી વખતે...

વિદેશમાં માંદા પડવું એ જાણે ઘણો મોટો ગુનો હોય છે. ભારતની તુલનાએ વિદેશમાં તબીબી સારવારનો ખર્ચ પારાવાર હોય છે. ખાસ કરીને વિકસિત દેશોમાં એ વધુ પડતો હોય છે. ઈમરજન્સીની સ્થિતિમાં વીમાધારકને હૉસ્પિટલાઇઝ કરવામાં આવે કે પછી આઉટપેશન્ટ સારવાર આપવામાં આવે, ઈમરજન્સીમાં એકથી બીજી જગ્યાએ લઈ જવાની જરૂર પડે અથવા તો સ્વદેશ પાછા મોકલવાના સંજોગો ઊભા થાય તો પ્રવાસ વીમા પૉલિસી હેઠળ એને લગતા ખર્ચ આવરી લેવાતા હોય છે. આમ, પ્રવાસ વીમાની મદદથી તબીબી કટોકટી આર્થિક સંકટમાં પરિણમતી અટકાવી શકાય છે.

## સાહસી કે જોખમી પ્રવૃત્તિઓને લગતો ખર્ચ...

ઘણા લોકોને સાહસી પ્રવૃત્તિઓ કરવામાં ખાસ રૂચિ હોય છે. એમાં ટ્રેકિંગ, સ્કિઈંગ, સ્ક્યુબા ડાઇવિંગ, વગેરેનો સમાવેશ થાય છે. આવી પ્રવૃત્તિઓ જોખમી હોય છે.

જો વીમાધારક એમાં ઈજાગ્રસ્ત કે ઘાયલ થાય તો એમના બચાવકાર્યથી લઈને તબીબી સારવાર સુધીનો ખર્ચ પ્રવાસ વીમા હેઠળ આવરી લેવાય એવી પૉલિસી પણ ઉપલબ્ધ છે.

ક્યારેક સાહસી પ્રવૃત્તિને લગતાં ઉપકરણોનું નુકસાન થાય તો એને પણ પૉલિસી હેઠળ સામેલ કરી શકાય છે. અહીં નોંધવું ઘટે કે આ બધી પ્રવૃત્તિઓ પરવાનાધારક ઓપરેટર દ્વારા જ સંચાલિત થતી હોવી જોઈએ.

## આ છે પ્રવાસીઓ માટે કેટલાંક વ્યાવહારિક સૂચન...

પ્રવાસ વીમા પૉલિસી કઢાવતાં પહેલાં પ્રવાસીએ દરેક નિયમ અને શરતનો ઝીણવટભર્યો અભ્યાસ કરવો જોઈએ.

ફ્લાઇટ કેન્સલેશન, ફ્લાઇટમાં વિલંબ, સામાનનું નુકસાન, મેડિકલ ઈમરજન્સી, સાહસી પ્રવૃત્તિઓ, વગેરેમાંથી જે જોઈએ તે બાબતને પૉલિસી હેઠળ આવરી લેવાની તકેદારી રાખવી જરૂરી છે. પૂરતી રકમનો વીમો લેવા ઉપરાંત કઈ સ્થિતિમાં ક્લેમ પાસ નહીં થાય, કઈ બાબતો પૉલિસી હેઠળ આવરી લેવાયેલી નથી (દા.ત. પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ કે પછી નશો કર્યાની સ્થિતિ), વગેરે બાબતોને પણ ધ્યાનમાં રાખવી. મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો ગુમ થવાની કે ચોરાઈ જવાની સ્થિતિ સહિતની બાબતો પૉલિસી હેઠળ આવે છે કે નહીં એ પણ ચકાસી લેવું જોઈએ.

ટૂંકમાં...

પ્રવાસ પાછળ મોટો ખર્ચ થતો હોય ત્યારે પ્રવાસ વીમાના પ્રીમિયમનો ખર્ચ મોટો લાગવો જોઈએ નહીં.

પ્રવાસ વીમાને લીધે મળતું આર્થિક રક્ષણ ઘણી બધી રીતે ઉપયોગી થાય છે. પ્રવાસનો આનંદ માણવા માટે મન શાંત હોવું જોઈએ અને મનને શાંત રાખવામાં પ્રવાસ વીમો ઘણો મહત્ત્વપૂર્ણ હોય છે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક-એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# નાનાં ભૂલકાંઓને કનડતો કાવાસાકી રોગ

નાના ને હજી શારીરિક-માનસિક રીતે વિકસિત થઇ રહેલાં બાળકોને નાની-મોટી તકલીફો થતી રહે છે, પણ ઘણીવાર નાની તકલીફ કોઈ મોટું રૂપ ધારણ ન કરી લે તે માટે આપણે સાવચેત રહેવાની જરૂર પડે છે. મોટા ભાગે ભૂલકાંઓને કનડતો આવો જ એક રોગ છે, જેને કાવાસાકી (Kawasaki) નામે ઓળખાય છે.

કાવાસાકી એક એવી બીમારી છે જે આખા શરીરમાં રક્ત વાહિનીઓમાં બળતરા (સોજો અને લાલાશ)નું કારણ બને છે. તે ત્રણ તબક્કામાં થાય છે અને સામાન્ય રીતે લાંબા સમય સુધી તાવ રહેવો એ પ્રથમ સંકેત છે. આ સ્થિતિ મોટાભાગે ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને અસર કરે છે. જ્યારે લક્ષણો વહેલા જણાય અને તેની સારવાર કરવામાં આવે, ત્યારે કાવાસાકી રોગવાળા બાળકો થોડા દિવસોમાં સારા થઇ શકે છે, તે એક રાહતની વાત છે.


કાવાસાકી રોગ અથવા કાવાસાકી સિન્ડ્રોમ એ એક દુર્લભ પ્રકારનો વાસ્ક્યુલાઇટિસ (રક્ત વાહિનીઓનો સોજો) છે. સોજેલી રક્ત વાહિનીઓ નબળી બની જાય છે અને ખેંચાઈ શકે છે. જ્યારે આવું થાય છે, ત્યારે તેમના ફાટી જવાનો ભય રહે છે. તેમના પર ઉઝરડા પણ પડી શકે છે અને તે ખૂબ સાંકડી થઈ શકે છે. તેના કારણે પેશીઓ અને અવયવોને પોષણ આપવા માટે જેટલા પ્રમાણમાં લોહી પસાર થવું જોઈએ, તેટલું થઇ શકતું નથી. આમ તો, તે બધી ધમનીઓને અસર કરે છે, પરંતુ સૌથી મોટી ચિંતા બાળકોની કોરોનરી ધમનીઓ છે, જે તેમના હૃદયને લોહી પહોંચાડે છે. અસરગ્રસ્ત કોરોનરી ધમનીઓવાળાં બાળકોને પરિણામે હૃદયની સમસ્યાઓ થવાનું જોખમ ઊભું થાય છે.

## શું આ રોગ સામાન્ય છે?

ના, કાવાસાકી રોગ દુર્લભ છે, જે એક અભ્યાસ પ્રમાણે, ૫ વર્ષથી ઓછી ઉંમરના ૧,૦૦,૦૦૦ બાળકોમાંથી અંદાજે ૧૦ થી ૨૦ બાળકમાં જોવા મળે છે. જાપાન, કોરિયા અને તાઇવાનમાં, તે ૫ વર્ષથી ઓછી ઉંમરના ૧,૦૦,૦૦૦ બાળકોમાંથી ૫૦ થી ૨૫૦ બાળકને અસર કરે છે. વાસ્તવમાં યુનાઇટેડ સ્ટેટ્સ, જાપાન અને અન્ય વિકસિત દેશોમાં બાળકોમાં હૃદય રોગનું સૌથી સામાન્ય કારણ કાવાસાકી રોગ છે. જોકે, ભારતમાં તેના પ્રમાણભૂત આંકડાઓ મેળવવા વિસ્તૃત અભ્યાસની જરૂર છે તેવું નિષ્ણાતો કહે છે.

## લક્ષણો કેવાં હોઈ શકે?

લક્ષણો બહુ સામાન્ય હોવાથી કાવાસાકી રોગ ઓળખવામાં સમસ્યા ઊભી થાય છે. ઓછામાં ઓછા પાંચ દિવસ સુધી તાવ રહેવો, ચીડિયાપણું, સ્રાવ વગર લાલ અથવા ગુલાબી આંખો, બાળકના હોઠ અથવા જીભમાં લાલાશ અથવા ચીરા પડવા, બાળકના હાથ અથવા પગમાં સોજો અને/અથવા લાલાશ, ત્વચા નીકળવી, બાળકની ગરદનમાં લસિકા ગાંઠો (Lymph Nodes)નો સોજો, પેટ ખરાબ અથવા પેટમાં દુખાવો.




## કાવાસાકી થવાનાં કારણ

કાવાસાકી રોગ થવાનું ચોક્કસ કારણ હજી પકડમાં આવ્યું નથી, પણ તેના જે સામાન્ય કારણ દેખાઈ આવ્યાં છે, તેમાં આનુવંશિક પરિબળો મહત્ત્વના માનવામાં આવે છે. બીજો એક તર્ક એ છે કે, કાવાસાકી રોગ અસામાન્ય રોગપ્રતિકારક શક્તિ પ્રતિભાવને કારણે થઈ શકે છે. એવું માનવામાં આવે છે કે ચોક્કસ વાઈરસ અથવા બેક્ટેરિયા સંવેદનશીલ વ્યક્તિઓમાં રોગપ્રતિકારક શક્તિને ઉત્તેજિત કરી શકે છે, જેના કારણે રક્ત વાહિનીઓમાં સોજો આવે છે.

## કાવાસાકીથી ઉદ્‌ભવતી કેટલીક સમસ્યા

આ રોગના કારણે કેટલીક સમસ્યાઓ સર્જાઈ શકે છે. કોરોનરી ધમનીઓમાં એન્યુરિઝમ (નબળાઈ અથવા ખેંચાણ). ગંભીર કિસ્સાઓમાં આ માટે કોરોનરી ધમનીની બાયપાસ સર્જરીની જરૂર પડી શકે છે. લોહી ગંઠાવાનું અને કોરોનરી ધમનીઓમાં સાંકડી થવું, કોરોનરી ધમની ફાટવી, બાળકનાં હૃદયમાંથી લોહી વહેવામાં મદદ કરતા હૃદયના વાલ્વની સમસ્યાઓ, હૃદય કે ફેફસાંમાં સોજો, હિપેટાઇટિસ, હૃદયરોગનો હુમલો ઈત્યાદિ.

## ત્રણ મહત્ત્વના તબક્કા

૧) **એક્યુટ:** પાંચ દિવસ કે તેથી વધુ સમય માટે તાવ, જંઘામૂળની આસપાસ ફોલ્લીઓ, આંખ, જીભ અને હોઠ લાલ થવા, લસિકા ગાંઠોમાં સોજો.

૨) **સબએક્યુટ:** તાવ ઓછો થવા લાગે, પેટ ખરાબ થાય, સાંધા અને પેટમાં દુખાવો થાય, હાથ અને પગ પર ત્વચા પર રેશિસ થાય.

૩) **સ્વસ્થ થવું:** લક્ષણો ધીમે ધીમે દૂર થાય છે, પરંતુ ગૂંચવણો ચાલુ રહી શકે છે.

કાવાસાકી રોગ માટે લોહી અને પેશાબનું પરીક્ષણ, ઇકોકાર્ડિયોગ્રામ, ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રામ, વગેરે જેવાં પરીક્ષણો કરવામાં આવે છે.

તબીબો લક્ષણો અને તેની તીવ્રતાના આધારે કેવી સારવાર આપવી તે નક્કી કરે છે.

જોકે, સૌથી મહત્ત્વનું પાસું છે, રોગને ઓળખવો. એ પણ નોંધવું જોઈએ કે તીવ્ર રોગના કિસ્સામાં અપાતી જલદ સારવાર દરમિયાન કેટલીક આડઅસરો જોવા મળી શકે છે, પણ સતત તબીબી પરીક્ષણ કરવાથી સ્થિતિઓ પર નિયંત્રણ રાખી શકાય છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ઠંડીના દિવસોમાં શક્કરિયાંનું સેવન એક વરદાન સમાન છે...



ઠંડીના દિવસો શરૂ થાય તેની સાથે બજારમાં ખાસ રંગબેરંગી દેશી શાકભાજી તેમ જ ફળ મળવા લાગે. જેમાં વિવિધ પ્રકારના કંદમૂળનો સમાવેશ કરી શકાય. જેમ કે શક્કરિયાં, રતાળુ, સુથની તેમ જ નાના લાલ ખાસ પ્રકારની મીઠાશ ધરાવતાં બટાટાનો સમાવેશ કરી શકાય. શક્કરિયાને ઠંડીનું સુપરફુડ માનવામાં આવે છે. કેમ કે તેના સેવનથી શરીરને ગરમાવો મળે છે. તેમાં ભરપૂર માત્રામાં વિટામિન એ, વિટામિન સી, વિટામિન બી-૬, ફાઈબર, પોટેશ્યમ, મેગ્નેશ્યમ, ઍન્ટિ-ઓક્સિડન્ટની સાથે સ્વાસ્થ્ય માટે આવશ્યક વિવિધ પોષક તત્ત્વો પર્યાપ્ત માત્રામાં સમાયેલાં હોય છે. પાચન પ્રકિયાને સુધારવામાં મદદ કરે છે. વાળને માટે ગુણકારી ગણાય છે. નિષ્ણાત આહાર તજજ્ઞોનું માનવું છે કે સતત સાત દિવસ સુધી શિયાળામાં લગાતાર શક્કરિયાનો ભોજનમાં સમાવેશ કરશો તો શરીરમાં અનેક સકારાત્મક બદલાવ જોવા મળશે. ૧૦૦ ગ્રામ શક્કરિયામાં ૬૮ ગ્રામ પાણી, ૮૫ ગ્રામ કેલરી, કાર્બોહાઈડ્રેટ ૨૮ ગ્રામ, પ્રોટીન ૧.૨ ગ્રામ, ફાઈબર ૦.૮ ગ્રામ, ફોસ્ફરસ ૫૦ મિલિગ્રામ, કેલ્શિયમ ૨૦ મિલિગ્રામ, સોડિયમ ૯ મિલિગ્રામ, મિનરલ્સ ૧.૦ ગ્રામ, પોટેશ્યમ ૩૯૩ મિલિગ્રામ તથા પર્યાપ્ત માત્રામાં વિટામિન એ તથા વિટામિન સી સમાયેલાં છે.

## ઠંડીમાં શક્કરિયાના સેવનથી થતા લાભ

**આંખોની રોશની સુધારવામાં ગુણકારી :** શક્કરિયામાં રહેલું બીટા-કૈરોટીન શરીરમાં વિટામિન એ માં બદલાઈ જાય છે. જે આંખોની રોશનીને વધારવામાં મદદ કરે છે. ૭ દિવસ સુધી નિયમિત શક્કરિયાંનું સેવન કરવાથી આંખોમાં બળતરા, આંખો સુકાઈ જવી કે આંખોમાં વારંવાર ખંજવાળ આવવાની સમસ્યા ઘટવા લાગે છે. શક્કરિયાંમાં સમાયેલું બિટા-કૈરોટિન રાત્રિના સમયે ધુંધળું દેખાવાની સમસ્યામાં સુધારો લાવે છે. આજકાલ મોબાઈલ તેમ જ લૅપટોપ ઉપર સતત કામ કરવાને કારણે આંખો તાણ અનુભવે કે આંખોમાં બળતરા થવા લાગે તે સમસ્યાથી રાહત અપાવે છે.

**ત્વચા ચમકીલી બનાવે છે :** શક્કરિયામાં ઍન્ટિ-ઓક્સિડન્ટનો ખજાનો સમાયેલો છે, એવું કહેવામાં આવે છે. તેમાં સમાયેલું વિટામિન એ, સી તથા ઈ આંતરિક સ્તરને મજબૂત કરવામાં ઉપયોગી બને છે. ચહેરાની ત્વચા ઉપર કાળા ડાઘ કે ખીલ દેખાવાની સમસ્યામાં સુધાર જોવા મળે છે. શક્કરીયાનું સેવન કરવાથી ત્વચાને પૂરતાં પ્રમાણમાં પોષણ મળી રહે છે. ત્વચા ચમકીલી બનાવે છે. ત્વચા ઉપરના સોજાને ઓછા કરવામાં મદદ કરે છે. કૉલેજનને મજબૂત બનાવે છે.

**પેટની ચરબી ઘટાડવામાં ગુણકારી :** ૧૦૦ ગ્રામ શક્કરિયામાં ફક્ત ૮૫ ગ્રામ કેલરી સમાયેલી હોય છે. કોમ્લૅક્સ કાર્બસ્ તથા ફાઈબરથી ભરપૂર હોય છે. અનેક લોકો એવું વિચારતાં હોય છે કે શક્કરિયા કે બટાકાનું સેવન વજન ઝડપથી વધારી દે છે. વાસ્તવમાં કોઈપણ કંદમૂળને ફક્ત બાફીને, શેકીને કે થોડાં તેલમાં વઘારીને ખાવાથી તેમાં રહેલું ફાઈબર સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરે છે. તેમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. પોટેશ્યમ, મેગ્નેશ્યમ જેવા અનેક પોષક ગુણો સમાયેલાં હોય છે. કંદમૂળનું સેવન સ્વાસ્થ્ય માટે અત્યંત લાભકારક બની જાય છે. એક સમય હતો કે જ્યારે દાદી-નાની શિયાળું તાજા શાકમાં બટાકાનો ઉપયોગ કરીને શાકને બનાવી દેતાં. જેમ કે ફ્લાવર-બટાકા, વટાણા-બટાકા, કોબી-બટાકા, દૂધી-બટાકા, ભીંડા-બટાકા રિંગણ-બટાકા. જેથી બટાકાના પોષક ગુણો પરિવારના પ્રત્યેક સભ્યોને મળી રહે. ઊંધીયામાં તથા ઊબાંડીયામાં તો ખાસ વિવિધ કંદમૂળનો ઉપયોગ કરવામાં આવે છે જેથી શિયાળામાં લીલોતરી શાક ખાવાનો આનંદ બમણો બની જાય છે. શક્કરિયાંમાં ફાઈબર વધુ માત્રામાં સમાયેલું હોય છે, તેથી તેના સેવન બાદ વ્યક્તિને લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. સતત ૩-૪ દિવસ સુધી તેનું સેવન કરવાથી પેટ તથા ઈન્ટેસ્ટાઈનની સાથે ચયાપચયની પ્રક્રિયામાં સુધારો થવા લાગે છે. જેથી લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. પેટની ચરબી ઘટાડવામાં મદદરૂપ થાય છે.

**શરીરને ઊર્જાવાન બનાવે છે :** શક્કરિયાં કુદરતી રીતે જ કાર્બોહાઈડ્રેટની ભરપૂર માત્રા ધરાવે છે. શક્કરિયાનું સેવન કર્યા બાદ શરીરમાં શક્તિનો સંચાર થવા લાગે છે. જેથી વ્યક્તિ સદાકાળ ઊર્જાવાન રહે છે. શિયાળામાં નિયમિત શક્કરિયાંનું સેવન કરવાથી વારંવાર થાક લાગી જવો કે નબળાઈ લાગવી જેવી તકલીફથી બચી શકે છે. શરીર સ્ફૂર્તિલું બનવા લાગે છે.

**બ્લડશુગરને નિયંત્રીત રાખવામાં ગુણકારી :** શક્કરિયાં બ્લડ શુગરને નિયંત્રણમાં રાખવા માટેનું એક અતિ ઉપયોગી કંદ ગણાય છે. તેમાં સોલ્યુબલ તથા ઈન-સોલ્યુબલ બંને પ્રકારના ફાઈબર સમાયેલાં હોય છે. જેથી તે લોહીમાં શર્કરાની માત્રાને સ્થિર રાખવામાં મદદ કરે છે. આથી ડાયાબિટીસના દર્દીઓ પ્રમાણભાન રાખીને તેનું સેવન કરી શકે છે.

**ઍન્ટિ-એજિંગના લાભ મળી રહે છે :** શક્કરિયાંનું સેવન શિયાળામાં વરદાન સમાન ગણાય છે. તેનું મુખ્ય એક કારણ છે તેના સેવનથી વ્યક્તિ સદાય યુવાન દેખાઈ શકે છે. કેમ કે શક્કરિયાંમાં બિટા-કૈરોટીનની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે શરીરમાં અંદર પ્રવેશતાં વિટામિન એમાં પરિવર્તિત થાય છે. જે ત્વચા તેમ જ આંખોના સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે.

**હૃદયની તંદુરસ્તી જાળવવામાં લાભકારી :** વિશ્વમાં હાલમાં હૃદય સંબંધિત બીમારીનું પ્રમાણ સતત વધતું જોવા મળી રહ્યું છે. તેથી નિષ્ણાત આહાર તજજ્ઞો તથા હૃદય રોગ નિષ્ણાત ડૉક્ટરો હૃદયની તંદુરસ્તી જાળવી રાખવા માટે હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે તેવો ખોરાક ખાવાની સલાહ આપતાં હોય છે. તેમાં શક્કરિયાંનો સમાવેશ થયો છે. કેમ કે તેમાં ભરપૂર માત્રામાં પોટેશ્યમ સમાયેલું હોય છે. જે હૃદયને સ્વસ્થ રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. બ્લડપ્રેશર તથા કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

ભારતમાં શક્કરિયાંની ખેતી માટે એવું કહેવાય છે કે ઓછા ખર્ચે, ઓછી મહેનતે, વધુ નફો મેળવી શકાય તેવો પાક ગણાય છે. તેના પાન તથા ડાળીનો ઉપયોગ પણ કરવામાં આવે છે. પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા, મધ્ય પ્રદેશ તથા મહારાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં શક્કરિયાંની ખેતી થાય છે. લગભગ ૨ લાખ હેક્ટરમાં શક્કરિયાંની ખેતી થાય છે.

વિશ્વમાં સૌથી વધુ શક્કરિયાનું ઉત્પાદન ચીનમાં થાય છે. ભારત છઠો ક્રમાંક શક્કરિયાંના ઉત્પાદનમાં ધરાવે છે. શક્કરિયાંની વિવિધ જાતિની વાત કરીએ તો વર્ષા, શ્રીનંદિની, શ્રીવર્ધની, ઘી રત્ન, ક્રૉસ-૪, કાલમેઘ, રાજેન્દ્ર, શ્રીવરૂણ, શ્રીઅરૂણ, શ્રીભદ્ર, કોંકણ અશ્વિની, પૂસા સફેદ, પૂસા સૂનહરી વગેરે ગણાવી શકાય. ૧૧૦-૧૨૦ દિવસમાં શક્કરિયાંનો પાક તૈયાર થઈ જાય છે.

શક્કરિયાંમાંથી વિદેશમાં સ્વાદિષ્ટ પાઈ, માર્શમૈલો, સ્મૂધી, કોરિયન વાનગી જાપચે બનાવવામાં આવે છે. દ્વિતિય વિશ્વયુદ્ધ દરમિયાન ભોજન ઓછું પડવા લાગ્યું. તે સમયે શક્કરિયાનો ઉપયોગ કરીને સૈનિકોની ભૂખ શાંત કરવામાં આવી હતી.

વનસ્પતિ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે શક્કરિયાંની ઉત્પત્તિ અમેરિકાના ઉષ્ણકટિબંધીય ક્ષેત્રોમાં હજારો વર્ષ પૂર્વે ફેલાઈ હતી.

આયુર્વેદિક ગ્રંથ ચરકસંહિતામાં ભોજન યોગ્ય ત્રણ કંદની જાણકારી આપી છે. જેના નામ મુજાતક, વિદારીકંદ, અમ્લીકાંકદ. જેનો સ્વાદ તેમ જ સ્વાસ્થ્ય લાભ શક્કરિયાં જેવાં જ છે.

### શક્કરિયાંની ખીર



**સામગ્રી :** ૧ લિટર દૂધ, ૨ મોટી ચમચી મિલ્ક મેંડ, ૪ મોટી ચમચી ખાંડ, ૪ નંગ કાજુ, ૪ નંગ બદામ, ૪ નંગ પિસ્તા, ૧ નાની ચમચી એલચી-જાયફળનો ભૂકો, ૩ તાંતણાં કેસર, ૨ નંગ મોટા શક્કરિયાં. ૨ મોટી ચમચી શુદ્ધ ઘી.


**બનાવવાની રીત :** સૌ પ્રથમ દૂધને ઉકાળવા મૂકવું. શક્કરિયાંને બરાબર છીણી લેવાં. એક કડાઈમાં ઘી ગરમ કરીને તેમાં કાજુ, બદામ પિસ્તા સાંતળીને એક બાઉલમાં કાઢી લેવાં. ત્યારબાદ તેમાં શક્કરિયાનું છીણ સાંતળી લેવું. ગરમ દૂધમાં છીણ ભેળવી દેવું. છીણ ચડી જાય ત્યારબાદ તેમાં ખાંડ ભેળવવી. મિલ્કમેંડ ભેળવવું. એલચી-જાયફળનો ભૂકો ભેળવવો. સાંતળેલાં બદામ-પિસ્તા-કાજુને અધકચરાં કરીને ખીરમાં ભેળવી દેવાં. કેસરને દૂધમાં પલાળીને ભેળવવી. સ્વાદિષ્ટ ખીર ઠંડી કર્યા બાદ તેનો આસ્વાદ માણવો.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# દમ એટલે શું?

શ્વસનતંત્રને લઈને કેટલીક બીમારીઓ વિશે આપણે અગાઉ ચર્ચા કરી છે. આ રોગ મોટાભાગે વાઈરલ ઈન્ફેક્શનને કારણે થતાં હોય છે.

શ્વાસનળીમાં કોઈપણ કારણોસર સોજો આવવાથી તે સંકોચાઈ જાય. તેથી શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવાય, જે દમ કે અસ્થમા તરીકે ઓળખાય છે.




## દમનાં લક્ષણ

* મોટે ભાગે પાછલી રાત્રે દમનો વેગ વધી જાય છે. કોઈને આખી રાત, કોઈને દિવસે તો કોઈને અવિરત ચાલુ રહે છે.
* શ્વાસ લેતા સમયે સિસોટી જેવો અવાજ આવવો.
* હૃદય, છાતી અને ગરદનમાં પીડા થવી.
* વારંવાર કફ અને શરદી થવી.
* માથું દુઃખવું અને થાક અનુભવવો.
* દાદરો ચડતા શ્વાસ ચડવો.
* સૂવામાં મુશ્કેલી થવી.
* બોલવામાં કે એકાગ્રતા રાખવામાં મુશ્કેલી થવી.

## દમ થવાનાં કારણ

* વાતાવરણઃ શ્વાસમાં દૂષિત હવા આવી જવાથી.
* અમુક પ્રકારના ઝાડ, પરાગરજ, ધૂળ વગેરેની એલર્જી હોવાથી.
* ઠંડા અને સૂકા વાતાવરણમાં રહેવાથી.
* શરદી, કફ, ઉધરસ, એસિડીટી વગેરે થવાથી.
* ધૂમ્રપાનનું વ્યસન તથા કોઈ ધૂમ્રપાન કરતું હોય તો તેના ધુમાડાથી.
* સ્ટ્રેસ, શ્રમરહિત જીવન અને અતિ મૈથુનથી.
* સ્થૂળપણું.
* પેઈનકિલર જેવી અમુક પ્રકારની દવાઓ લેવાથી.
* વિટામિન-ઇ-૧૨ અને વિટામિન-ઈની કમી હોવાથી.
* અમુક લોકોને વારસાગત પણ થઈ શકે છે.
* આવા દરદીએ આહારમાં શું લેવું...
* દમના દર્દીઓએ હંમેશાં પચે એટલું જ જમવું, નહીંતર દમનો હુમલો વધી શકે છે.
* દમ એ પ્રાયઃ કફપ્રધાન રોગ છે. તેથી દમના દર્દીઓએ કફનાશક આહારનું સેવન કરવું.
* સૂંઠવાળું ઉકાળેલું પાણી પીવું હિતાવહ છે.
* મગનું ઓસામણ, મસુરની દાળ, કળથીની દાળ, મૂળાના કંદ વિનાના કુમળા પાનનું શાક ફાયદાકારક છે.
* કોઈ પણ પ્રકારનું ગળપણ, ખાસ કરીને ખાંડના પદાર્થોનો ત્યાગ રાખવો.
* સૂર્યાસ્ત પછીના ભોજનનો સર્વથા ત્યાગ રાખવો.
* તળેલા, ચરબીવર્ધક અને ઠંડા પદાર્થો ન લેવા.
* કેવી હોવી જોઈએ જીવનશૈલી...
* નિયમિતપણે ૨૫થી૩૦ મિનિટ અનુલોમ-વિલોમ અને કપાલભાતી પ્રાણાયામ કરવા...અસ્થમાનો એ અક્સીર ઉપાય છે માટે આળસ છોડીને રોજ પ્રાણાયામ કરવા.
* ભેજવાળા, ઠંડા, ગંદા અને હવા-ઉજાસ વગરના વાતાવરણમાં ન રહેતા શુદ્ધ હવાનું સેવન કરવું.
* ઠંડા પાણીએ ન નહાતા, હૂંફાળા પાણીએ સ્નાન કરવું.
* દમના દર્દીઓએ પેટ સાફ રહે તેની ખાસ સાવધાની રાખવી.
* રાત્રિના ઉજાગરા ત્યાગવા અને દિવસે સૂવું નહીં.
* દમના દર્દીએ ગરમ કપડાં પહેરવાં. ઠંડી ન લાગે તેનું ખાસ ધ્યાન રાખવું.
* દમના ઉપચાર :

૧) સવાર-બપોર-સાંજ ૧ ચમચી મરીનો પાઉડર, ૧ ચમચી મધ અને ૧ ચમચી ખાંડ ભેગું કરીને લેવું.

૨) રોજ સવારે ભૂખ્યા પેટે ૧ કપ ગાજરનો રસ પીવાથી અને ગાજરના રસનાં ચાર-પાંચ ટીપાં નાકમાં નાખવાથી દમનો રોગ જડમૂળથી મટે છે.

૩) ૩ ગ્રામ તુલસીનો અને ૩ ગ્રામ આદુંનો રસ, ૧ ચમચી મધ સાથે મેળવીને રોજ સવાર-સાંજ લેવાથી દમ મટે છે.

૪) ૧ ચમચી ઘી સાથે અડધી ચમચી દળેલી હળદર ચાટીને ઉપર ૧ કપ ગરમ દૂધ પીવું.

૫) ૩-૫ લવિંગ ચાવીને ખાવા.

૬) રોજ રાત્રે થોડો ખજૂર ખાઈ ઉપર ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈને બહાર નીકળી જાય છે અને દમ મટે છે.

૭) અડધી ચમચી શેકેલો અજમો ગરમ પાણી સાથે જમ્યા બાદ લેવાથી દમમાં રાહત થાય છે.

૮) હળદર અને સૂંઠનું ચૂર્ણ મધ સાથે લેવું.

## સાવધાની

* જે આહાર, સ્થળ, દવા અને હવા એક દમના દર્દીને માફક આવે તે કદાચ બીજા દમના દર્દીને માફક ન પણ આવી શકે. માટે દમના દર્દીએ પોતા ઉપર જ અભ્યાસ કરી યોગ્ય આહાર-વિહાર, હવા-પાણી, વાતાવરણ વગેરે નક્કી કરવા.
* દમના દર્દીએ વારંવાર ચિકિત્સક બદલવા નહિ. કેમ કે, કોઈ પણ ચિકિત્સકને દર્દીની પ્રકૃતિ જાણતા વાર લાગે છે અને યોગ્ય પ્રકૃતિ જાણ્યા વિના આપેલી કોઈ પણ દવા અસરકારક થતી નથી.
* દમના દર્દીઓએ દિવસે અને વધુ સૂવાની આદત ખાસ ટાળવી.
* દમના પ્રાયઃ દર્દીઓ પ્રાણાયામ કરવામાં આળસ કરતા હોય છે, પરંતુ જો દમને મૂળમાંથી નાબૂદ કરવો હોય તો નિયમિત પ્રાણાયામ કરવા...

### હેડકીની પળોજણ...




**હેડકી થવાનાં કારણઃ**

* ઝડપી, વધારે કે મસાલેદાર જમવાથી.
* વધુ પડતાં ઠંડાં પીણાં પીવાથી.
* શરીરમાં વધુ પડતી હવા જવાથી - વાતપ્રકોપથી.
* વધુ પડતો અચાનક આનંદ કે મૂંઝવણ આવવાથી.
* સિગારેટ કે દારૂના વ્યસનથી.

**હેડકી મટાડવાના ઉપચારઃ**

૧) આદુંના નાના-નાના ટુકડા કરીને એક-એક ટુકડો સતત ચાવીને ચૂસતા રહેવાથી હેડકી તરત મટે છે.

૨) નાક દ્વારા શ્વાસ અંદર લઈને શક્ય હોય તેટલો રોકી રાખવો, પછી ધીરે ધીરે તે શ્વાસને બહાર કાઢવો. આવું બેથી ત્રણ વાર કરવું.

૩) ઠંડા પાણીમાં થોડું મધ નાખીને પી જવું. આનાથી હેડકી તરત જ બંધ થઈ જશે.

૪) અડધા લીંબુનો રસ પી જવો અથવા અડધા કપ પાણીમાં અડધું લીંબુ નાખીને તરત જ પી જવું.

૫) ૧૦ ગ્રામ તુલસીનો રસ અને ૫ ગ્રામ મધ ભેગું કરી પીવું.

૬) સાકર સાથે જીરું ચાવીને ખાવાથી હેડકી બંધ થાય છે.

૭ ) સૂંઠ અને ગોળને ગરમ પાણીમાં મેળવી તેનાં ટીપાં નાકમાં નાખવાં.

૮) ૧ ગ્લાસ મૂળાનો રસ પીવો.

૯) બારીક સૂંઠ કે કાળા મરીની ભૂકી, ભૂંગળી વડે દર્દીના બંને નાકમાં ૨-૩ વાર ફૂંકવાથી હેડકી જરૂર મટે છે.

feedback@bombaysamachar.com
વિશેષ
દિવ્યજ્યોતિ નંદન

# શિયાળામાં શરીરને ગરમ રાખતા યોગાસન



શિયાળાની ઋતુમાં ઘણી વાર શરીર ઠંડું પડી જાય છે, સાંધા જકડાઈ જાય, માંસપેશીઓ સખ્ત થાય છે અને બ્લડ સર્ક્યુલેશન ધીમું પડી જાય છે. આવા સમયમાં યોગાસન શરીરમાં ગરમી અને એનર્જી લાવવા માટે સૌથી સરળ, નૈસર્ગિક અને અસરકારક સાધન છે. કેટલાક આસન શરીરના આંતરિક ભાગોમાં હીટ જનરેટ કરે છે, સાથે સાથે ઇમ્યુનિટી પણ મજબૂત કરે છે.

આ લેખમાં શિયાળામાં ખાસ કરીને લાભદાયક એવા યોગાસન, તેમની રીત, લાભ અને કાળજીની વિગત આપવામાં આવી છે.

## સૂર્યનમસ્કાર

શિયાળામાં શરીરને ગરમ રાખવાનો સૌથી અસરકારક યોગ. આખા શરીરને ઍક્ટિવ કરે છે.

**કેવી રીતે કરવુંઃ**

* પ્રાણાયામથી શરૂઆત કરો
* હસ્તઉત્તાનાસન, પાદહસ્તાસન, અશ્વસંચાલન, દંડાસન, અષ્ટાંગનમસ્કાર, ભૂજંગાસન પડવાળી સ્થિતિમાં પાછા આવી પાદહસ્તાસન.
* દરેક સિક્વન્સને શ્વાસના રિધમ સાથે કરો.

**લાભઃ**

* બ્લડ સર્ક્યુલેશન ઝડપથી વધે
* શરીરમાં ગરમી ઉત્પન્ન થાય
* મેટાબોલિઝમ સુધરે
* મન અને શરીર બંને એનર્જેટિક બને

## ઉત્કટાસન

થાઈ, કાફ અને કોર મસલ્સ પર કામ કરતા આ આસનથી શરીરમાં તાત્કાલિક ગરમી ઉત્પન્ન થાય છે.

**કેવી રીતે કરવુંઃ**

* પગને કાંધ જેટલા ખોલો
* હળવેથી ખુરશી પર બેસવાના જેવી સ્થિતિ બનાવો
* હાથ ઉપર તાણો
* ૧૫-૩૦ સેકન્ડ રાખો

**લાભઃ**

* લેગ મસલ્સ સક્રિય થાય
* અંદરથી હીટ જનરેટ થાય
* શિયાળામાં થતી સ્ટિફનેસ ઓછાય

## કપાલભાતી પ્રાણાયામ

આ શ્વાસક્રમ શરીરમાં ગરમી બનાવવા અને ફેફસાં મજબૂત કરવા માટે ઉત્તમ છે.

**કેવી રીતે કરવુંઃ**

* સીધા બેસો, રીઢ સીધી રાખો
* નાકથી ઝડપી શ્વાસ બહાર છોડો
* પેટ અંદર-બહાર થવાનું અનુભવો
* ૫૦-૧૦૦ રાઉન્ડ કરો

**લાભઃ**

* લોહીનો પ્રવાહ તેજ
* શરીર ગરમ રહે
* ઇમ્યુનિટી મજબૂત
* શ્વાસતંત્ર શુદ્ધ થાય

## પ્લેન્ક પોઝ

કોર અને હાથની મસલ્સ સક્રિય થતા શરીરમાં ઇન્ટરનલ હીટ વિકસે છે.

**કેવી રીતે કરવુંઃ**

* દંડાસનની સ્થિતિ લો
* કાંધની નીચે હાથ રાખો
* શરીરને સીધું રાખીને ૨૦-૩૦ સેકન્ડ સ્થિતિ જાળવો

**લાભઃ**

* હીટ જનરેશન
* શરીરના બધાં મુખ્ય ભાગ સક્રિય
* મેટાબોલિઝમ વધે

## તાડાસન

તાડાસનથી હાથ-પગ સ્ટ્રેચ કરવામાં આવે છે.

આ સરળ આસન શરીરમાં વધારીને ગરમ બનાવે છે.

**કેવી રીતે કરવુંઃ**

* સીધા ઊભા રહો
* હાથ, ખભા અને રીઢને પૂરતું તાણો
* એડી ઉપર ઊભા રહી સ્ટ્રેચ કરો

**લાભઃ**

* બ્લડ સર્ક્યુલેશન સુધરે
* શરીર ઍક્ટિવ થાય
* ઠંડીથી થતી સ્ટિફનેસ અદશ્ય

## ભૂજંગાસન

બેક અને ચેસ્ટ ઓપન થતાં બ્લડ ફ્લો વધે અને ગરમી અનુભવાય.

**કેવી રીતે કરવુંઃ**

* પેટ પર સૂઈ જાવ
* હાથ ખભા પાસે રાખો
* ધીમેથી છાતી ઉપર ઊંચકીને પાછળ વળો

**લાભઃ**

* શિયાળામાં ગળા/પીઠના દુખાવાથી રાહત
* શરીરને તાત્કાલિક ગરમી
* ફેફસાં મજબૂત

## વીરભદ્રાસન

આ આસન મુદ્રા બોડી હીટ વિકસાવે છે અને શરીરને મજબૂત બનાવે છે.

**કેવી રીતે કરવુંઃ**

* પગ ફેલાવો
* એક પગ આગળ વાળો
* હાથ ઉપર લંબાવો
* ૨૦-૩૦ સેકન્ડ સ્થિતિ રાખો

**લાભઃ**

* થાઈ અને બેક મસલ્સ સક્રિય
* ગરમી અને સ્ટ્રેન્થ બંને મળે
* શિયાળાની ઉજાણી થાક દૂર

**અંતમાં**

શિયાળામાં યોગ માત્ર વોર્મ-અપ માટે નથી, તે શરીરને અંદરથી મજબૂત બનાવે છે. નિયમિત અભ્યાસથી તમેઃ

સારા બ્લડ સર્ક્યુલેશન
મજબૂત ઇમ્યુનિટી
ઓછી સ્ટિફનેસ
વધારે Energy
ગરમાવો અને આરામ
અનુભવી શકશો.

દિવસની શરૂઆત આ યોગાસનથી કરો અને શિયાળાનો દરેક દિવસ આનંદમય બનાવો!

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# નૌલિ જ્યારે ડાબી ને જમણી બાજુથી ચક્રાકાર ઘુમવા માંડે ત્યારે તે યથાર્થ નૌલિક્રિયા ગણાય છે

(ગતાંકથી ચાલુ)

૩. આ ક્રિયામાં કોઈપણ પ્રકારની પીડા ન થવી જોઈએ.

(૩) દક્ષિણ-વામનૌલિ :

મધ્યનૌલિ બરાબર સિદ્ધ થયા પછી વામનૌલિ અને દક્ષણનૌલિનો અભ્યાસ શરૂ કરવો. આ ક્રિયા નીચેની રીતે સિદ્ધ થાય છે.

ઉડ્ડિયાનની અવસ્થામાં ઊભા રહો. મધ્યનૌલિ ધારણ કરો. પછી જમણી બાજુનો હાથ જરા વધુ દબાવો અને ડાબી બાજુના હાથનું દબાણ ઘટાડો. શરીર સહેજ જમણી બાજુ નમાવો. મધ્યનૌલિ જમણી બાજુ લેવાની છે એવી સભાનતા રાખો. ઉપરોક્ત ક્રિયાથી મધ્યમાં રહેલ નૌલિ જમણી બાજુ જશે. ખરેખર તો મધ્યનૌલિ એક દેખાય છે, પરંતુ તેમાં બે ઊભા સ્નાયુઓ છે. બંને સાથે જોડાઈ જવાથી એક જેવા લાગે છે. જ્યારે જમણી બાજુ દબાણ આવે છે ત્યારે ડાબી બાજુનો સ્નાયુ અંદર ચાલ્યો જાય છે અને જમણી બાજુનો સ્નાયુ જમણી બાજુ ખસે છે પરિણામે નૌલિ જમણી બાજુ ખસે છે તેમ દેખાય છે. આ રીતે દક્ષિણનૌલિ સિદ્ધ થાય છે.

આ જ રીતે ડાબી બાજુનો પ્રયત્ન કરી વામનૌલિ સિદ્ધ કરાય છે.

દક્ષિણ અને વામનૌલિમાં તે તે સ્નાયુ બની શકે તેટલાં વધુ પ્રમાણમાં તે તે દિશામાં જાય તે આવશ્યક છે.

(૪) નૌલિક્રિયા :

નૌલિ જ્યારે ડાબી અને જમણી બાજુથી ચક્રાકાર ઘુમવા માંડે ત્યારે તે યથાર્થ નૌલિક્રિયા ગણાય છે. નૌલિક્રિયાનું ખરું સ્વરૂપ આજ છે. આગળની ભૂમિકાઓ તો નૌલિ ક્રિયા માટેનાં પ્રારંભક સોપાનો છે. આ ક્રિયા નીચેની રીતે સિદ્ધ થાય છે.

ઉડ્ડિયાન ધારણ કરો. મધ્યનૌલિ ધારણ કરો. તુરત જમણી બાજુનું દબાણ વધારી દક્ષિણનૌલિ ધારણ કરો. દક્ષિણ નૌલિ છોડી તુરત ઉડ્ડિયાનની અવસ્થામાં આવી જાઓ. તુરત વામનૌલિ ધારણ કરો. પછી તુરત મધ્યનૌલિ ધારણ કરો. આ રીતે નૌલિનું એક આવર્તન પૂરું થયું ગણાય.

આ જ રીતે ડાબી બાજુથી આવર્તન કરી શકાય છે. આ ક્રિયા એટલી ઝડપથી થાય છે કે નૌલિ ચક્રાકાર ફરતી હોય તેવો દેખાવ થાય છે. વસ્તુતઃ ક્રિયા આ રીતે બને છે.

જમણી બાજુથી નૌલિનું આવર્તન.

૧. મધ્યનૌલિ
૨. દક્ષિણનૌલિ
૩. ઉડ્ડિયાન
૪. વામનૌલિ
૫. મધ્યનૌલિ

ડાબી બાજુથી નૌલિનું આવર્તન.

૧. મધ્યનૌલિ
૨. વામનૌલિ
૩. ઉડ્ડિયાન
૪. દક્ષિણનૌલિ
૫. મધ્યનૌલિ.

જ્યારે આ રીતે બંને બાજુથી નૌલિ ચક્રાકાર ઘુમાવતા આવડે એટલે નૌલિક્રિયા સિદ્ધ થઈ છે એમ ગણાય. આ રીતે એક જ શ્વાસમાં બંને બાજુથી એક કરતાં વધારે આવર્તનો કરવા જોઈએ. બંને બાજુ સમાન સંખ્યામાં આવર્તનો કરવા.



પ્રારંભમાં નૌલિને ચક્રાકાર ઘુમાવવાની ક્રિયા ધીમી રાખવી. પછી અભ્યાસ વધતા ઝડપ વધારવી.

સામાન્યતઃ એક જ શ્વાસમાં બંને બાજુ, પ્રારંભમાં ત્રણ ચાર આવર્તનો કરવા. આ સંખ્યા પછી સાત સાત, સુધી પહોંચાડી શકાય. તંદુરસ્ત અને બળવાન વ્યક્તિ આવર્તનો આથી વધુ પણ કરી શકે.

(૩) વિશેષ નોંધઃ

૧. નૌલિના બે પ્રયત્નો વચ્ચે એટલો આરામ અવશ્ય કરવો કે જેથી શ્વાસોચ્છ્વાસ સામાન્ય થઈ જાય.

૨. આ રીતે નૌલિના ત્રણ કે ચાર પ્રયત્નો કરી શકાય છે.

દરેક વખતે એક જ શ્વાસમાં ત્રણથી સાત સુધીના આવર્તનો બંને બાજુ કરાય છે.

૩. નૌલિ ખાલી પેટે જ કરવી. સવારે કે સાંજે આ ક્રિયાનો અભ્યાસ થઈ શકે છે.

૪. ઉડ્ડિયાનની જેમ નૌલિક્રિયા પણ પદ્માસનમાં પણ કરી શકાય છે.

૫. મધ્યનૌલિનો અભ્યાસ ઉત્કટાસનમાં થાય છે. જે બસ્તિ ક્રિયા માટે આવશ્યક છે.

૪. નૌલિ કોણે ન કરવી?

૧. ચાલીશથી મોટી ઉંમરની વ્યક્તિઓ પોતાની મેળે નૌલિનો પ્રારંભ ન કરવો. જેઓ પહેલેથી કરતાં હોય તેઓ ચાલુ રાખી શકે છે.

૨. જેમને નૌલિ કરતી વખતે કે તેને પરિણામે પછીથી પેટમાં દુઃખાવો થતો હોય તેમણે નૌલિનો અભ્યાસ ન કરવો. અન્ય ઉપાયોથી આ દુઃખાવો દૂર કર્યા પછી તેઓ નૌલિનો અભ્યાસ શરૂ કરી શકે છે.

૩. જેમને પેટના કોઈ અવયવોનો ક્ષય રોગ હોય તેમણે નૌલિનો અભ્યાસ ન કરવો.

૪. જેમને લોહીના ઊંચા દબાણની તકલીફ હોય તેમણે નૌલિનો અભ્યાસ ન કરવો.

૫. ચૌદ વર્ષથી નાની ઉંમરનાં બાળકોએ નૌલિનો અભ્યાસ ન કરવો.

૬. સગર્ભા સ્ત્રીઓએ નૌલિનો અભ્યાસ ન કરવો.

૫. નૌલિક્રિયાથી શું થાય છે?

૧. પેટના અવયવો અને સ્નાયુઓના સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતા માટે નૌલિ એક ઉત્તમ ક્રિયા છે.

૨. પેટ પર જમા થયેલી અનાવશ્યક ચરબીને દૂર કરે છે.

૩. નૌલિના અભ્યાસથી કબજિયાત અને મંદાગ્નિ દૂર થાય છે.

૪. એક શોધનકર્મ તરીકે નૌલિક્રિયા સમગ્ર શરીરના અને વિશેષતઃ પેટના મલનું શોધન કરે છે.

૫. લીવર, બરોળ અને પેનક્રિયાસનું શૈથિલ્ય નૌલિક્રિયાથી દૂર થાય છે.

૬. નૌલિક્રિયાનો અભ્યાસ બ્રહ્મચર્યમાં ઉપયોગી છે.

૭. યૌગિક બસ્તિક્રિયા અને શંખ પ્રક્ષાલન જેવી ક્રિયા માટે નૌલિક્રિયા આવશ્યક છે.

૬. શાસ્ત્રમાં નૌલિ :

अमन्दावर्तवेगेन तुन्दं सव्यापसव्यतः।
नसांतो भ्रामयेदेषा नौलि सिद्धैः प्रचक्ष्यते।। હ. પ્ર. ૨, ૩૮

''બંને ખભાને આગળ ઝુકાવીને તીવ્રગતિમાન ભંવરની જેમ પેટને ડાબી બાજુથી જમણી બાજુ અને જમણી બાજુથી ડાબી બાજુ ઘુમાવવું જોઈએ. આ ક્રિયાને સિદ્ધો નૌલિ કહેલ છે.''

૫. ત્રાટક

૧. ત્રાટક એટલે શું?

ત્રાટક એક શોધનક્રિયા છે. આ ક્રિયામાં કોઈ એક સૂક્ષ્મ લક્ષ્ય પ્રત્યે અનિમેષ દૃષ્ટિથી જોવાનું હોય છે. ઘેરંડ સંહિતામાં કહ્યું છે-

निमेषोन्मेषकं त्यकत्वा सूक्ष्म लक्ष्यं निरीक्षयेत् ।
पतन्ति यावदश्रूणि त्राटकं प्रोच्यते बुधैः ।। ઘે. સ. ૧, ૫૨.

''નિમેષ-ઉન્મેષ વિના (એક પલક થઈને) સૂક્ષ્મ લક્ષ્ય અનેક પ્રકારના હોય છે. મહત્ત્વનાં લક્ષ્ય નીચે મુજબ છે, તેમાંથી કોઈ એક પસંદ કરી શકાય છે.

૧. સફેદ કે લીલા કાગળ પર કાળા રંગનું ટપકું. આ ટપકું વટાણાના દાણાથી માંડીને પૈસાના સિક્કા જેટલા કદનું હોઈ શકે છે.
૨. નાનું શિવલિંગ.
૩. સ્ફટિક પત્થર.
૪. નાનું પુષ્પ.
૫. ચમકતી ધાતુની ગોળ તકતી.
૬. ઈષ્ટદેવની મૂર્તિ કે ચિત્રની આંખ કે અંગૂઠો.
૭. ઈષ્ટદેવની નાની મૂર્તિ કે નાનું ચિત્ર.
૮. અરીસામાં દિપકનું પ્રતિબિંબ (માત્ર અંધારામાં જ).
૯. અરીસામાં પોતાની આંખ.
૧૦. સળગતી અગરબત્તીનું ચમકતું ટપકું (માત્ર અંધારામાં જ).
૧૧. ધ્રુવ તારક (માત્ર રાત્રે જ)
૧૨. ચંદ્ર (માત્ર રાત્રે જ)
૧૩. સવાર કે સાંજનો સૂર્ય (બહુ લાંબા સમય માટે નહિ).
૧૪. ઘીનો દિવો. (બહુ લાંબા સમય માટે નહિ).

૩. પદ્ધતિઃ

૧. આસન પર કોઈ એક ધ્યાનોપયોગી આસનમાં બેસો. લક્ષ્ય આંખની ઊંચાઈ જેટલું ઊંચું રાખો.

૨. પ્રારંભમાં થોડો ઉજ્જાયી કે અનુલોમ-વિલોમ પ્રાણાયામ કરો.

૩. ત્યાર પછી ભ્રામરી પ્રાણાયામ કરો.

૪. આંખ થોડીવાર બંધ રાખી શાંત બેસો.

૫. આંખ ધીમેથી ખોલી, ઈષ્ટદેવનું સ્મરણ કરી, લક્ષ્ય પર એકાગ્ર કરો. શાંત ભાવે તણાવ કે ખેંચાણ વિના એકટક લક્ષ્ય તરફ જોયા કરો. આંખના પલકારા મારશો નહિ.

૬. આંખમાં બળતરા થશે. પછી આંખમાંથી આંસુ વહેવા માંડશે તો પણ આંખના પલકારા મારશો નહિ. એક સમય એવો આવશે કે આંખ ખુલ્લી રાખવી શકય લાગશે નહિ. એ વખતે ધીમેથી આંખ બંધ કરી દો. આ અવસ્થામાં લક્ષ્યની માનસિક પ્રતિમાનું ધ્યાન કરો.

થોડીવાર આંખને આરામ આપી ફરીથી આંખ ખોલો અને પૂર્વવત્ લક્ષ્ય પ્રત્યે અનિમેષ દૃષ્ટિથી જુઓ. આ રીતે ત્રણચાર વાર કરી શકાય.

૪. શરતોઃ

ત્રાટક સિદ્ધ કરવા માટે નીચેની શરતોનું પાલન કરવાનું આવશ્યક છે.

૧. આંખની કીકી ચાલવી જોઈએ નહિ.
૨. આંખના પલકારા મારવા નહિ.
૩. લક્ષ્ય સિવાય કશું દેખાય નહિ.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

ફોક્સ

રેખા દેશરાજ

# બીપી ખતરનાક કેમ થઈ ગયું છે ?



બીપી એટલે કે બ્લડ પ્રેશર હોવું એ ખૂબ સામાન્ય વાત થઇ ગઈ છે. પહેલા બીપીનો પ્રોબ્લેમ માત્ર ૫૫ કે ૬૦ વર્ષના પ્રૌઢને જ થતો હતો. સામાજિક અને વર્ક પ્રેશરને કારણે બીપીનો પ્રોબ્લેમ હવે જુવાનિયાઓમાં પણ જોવા મળે છે. કામકાજનો દબાવ, અસંતુલિત જીવનશૈલી, ઊંઘની ઉણપ, સ્ટ્રેસ અને જંક ફૂડની વધતી માગ બીપીને એક વૈશ્વિક મહામારી બનાવી દીધી છે.

બીપી એ ખતરનાક બીમારી થઇ ગઈ છે એનું સૌથી મોટું કારણ ડિજિટલ યુગ છે. ડિજિટલ યુગ જે ઝડપથી યુવાનોનું કામ આસાન બનાવી રહે છે તે જ ઝડપથી માનસિક દબાણમાં વધારો કરી રહી છે. સતત સ્ક્રીનટાઇમ, પ્રતિસ્પર્ધા, આર્થિક સુરક્ષા અને નોકરી ગુમાવવાનો ડર યુવાનોમાં હાઈ બીપીનું કારણ બની રહ્યું છે. ફાસ્ટ ફૂડ, પેક્ડ સ્નેકસ, મીઠું, સોડિયમની અધિકતા અને સાકર આ બધી જ વસ્તુઓ બીપીને આમંત્રિત કરે છે. ભારતીય ભોજનમાં ખાસ કરીને વધારે પડતું મીઠું અને તેલ પણ બીપી વધવાનું એક મુખ્ય કારણ છે. શહેરી જીવનશૈલીમાં શારીરિક કસરત જેમ કે ચાલવું, દોડવું, યોગા જેવી કસરત માત્ર વિકેન્ડ પૂરતી જ રહી ગઈ છે. આનાથી શરીરનું મેટાબોલિઝમ ઘટે છે અને બીપીનો પ્રોબ્લેમ થાય છે. મોબાઈલના વધારે વપરાશને કારણે મોટા ભાગના ભારતીયોની ઊંઘ બે થી ત્રણ કલાક ઘટી ગઈ છે. આ બધા જ કારણોને લીધે બીપીની સમસ્યા વધે છે.

૨૦૨૪ના વૈશ્વિક સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લુએચઓ)ના રિપોર્ટ અનુસાર દરેક વર્ષે ૧.૦૪ કરોડ લોકોનું મૃત્યુ બીપીને કારણે થાય છે. એમાંથી લગભગ ૫૦% મૃત્યુ સ્ટ્રોક અને હાર્ટ એટેકથી થાય છે. ૨૨ લાખ લોકો હાઈ બ્લડ પ્રેશરને કારણે મૃત્યુ પામે છે. ભારતમાં ૧૮ વર્ષથી ઉપરના લગભગ ૩૦ ટકા પુરુષો અને ૨૫ ટકા મહિલાઓ બીપીનો શિકાર બને છે.

મોટાભાગે બીપીના લક્ષણો પકડમાં નથી આવતા. જો એક વાર બીપી અનિયંત્રિત થઈ જાય તો આંખોને નુકસાન પહોંચાડે છે. કોરોના કાળ બાદ લોકોમાં વધતો માનસિક તનાવ અને દવાઓ પર વધતી નિર્ભરતા ભારતમાં બીપીની સમસ્યાને વધારે છે. ઘણા લોકો અચાનકથી જ બીપીની દવા ખાવાનું છોડી દે છે તેને લીધે તેમને હૃદય રોગના હુમલાનો ભોગ બનવું પડે છે. જો ભારતીયો જીવન શૈલી નહીં બદલે તો ૨૦૩૦ સુધીમાં હર ત્રીજી વ્યક્તિ બીપીથી પીડાતી હશે. નાના ગ્રામીણ વિસ્તારોમાં બીપી એક મહામારીની જેમ ફેલાઈ રહ્યું છે. આ બાબતે બધાએ જ ધ્યાન રાખવું રહ્યું ત્યારે જ બીપી થોડું ઘણું નિયંત્રણમાં આવી શકે. બીપી માત્ર ઉંમરને જ નથી જોઈતું, પરંતુ અસંતુલિત જીવનશૈલીને આધારે બીપીના શિકાર બનવું પડે છે.

જો તમારે આ બધાથી બચવું હોય તો જીવનશૈલી સુધારવી પડે, નિયમિત વ્યાયામ કરવો પડે અને સ્વસ્થ આહાર લેવો પડે.

### બીપીને નિયંત્રિત રાખવાના ઉપાયો -

- પ્રતિદિન ૩૦ મિનિટ ચાલવું.
- ભોજનમાં તળેલા પદાર્થ, સોલ્ટ અને સાકાર ઓછી કરી નાખવી.
- પૂરતી ઊંઘ લેવી અને મોબાઈલ જોવાનો ટાઈમ ઓછો કરવો.
- અઠવાડિયામાં એક વખત ડિજિટલ ડિટોક્સને જીવનશૈલીનો ભાગ બનાવવો.
- નિયમિત રીતે બીપીની તાપસ કરાવતા રહેવું.
- મેડિટેશન દ્વારા ગુસ્સા અને ચિંતાને નિયંત્રિત રાખવા.

### બીપી ચાર્ટ

૧૦૦-૮૦ - સામાન્ય - સ્વસ્થ

૧૨૦- ૧૩૯ / ૮૦-૮૯ - પ્રિ હાઇપર ટેંશન- સાવધાની રાખવી.

૧૪૦-૧૫૯/ ૯૦-૯૯ - હાઈ બીપી (સ્ટેજ ૧) સારવાર જરૂરી.

૧૬૦ થી ઉપર /૧૦૦ થી ઉપર - હાઈ બીપી (સ્ટેજ ૨ ) ગંભીર ખતરો. ■

feedback@bombaysamachar.com

ફોક્સ પ્લસ

નિધી ભટ્ટ

# કયું જામફળ ડાયાબિટીસ નિયંત્રિત કરશે ?



જામફળ આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ ફાયદાકારક છે, પરંતુ શું તમે જાણો છો કે તે ડાયાબિટીસ માટે પણ અનુકૂળ છે? ચાલો તમને તેના વિશે જણાવીએ.

આજકાલ ડાયાબિટીસ એક સામાન્ય સમસ્યા બની ગઈ છે. ૪ માંથી ૧ વ્યક્તિ ડાયાબિટીસથી પીડાય છે. આ આપણી ખાવાની ખરાબ આદતો અને જીવનશૈલીને કારણે છે. તેની સારવાર માટે લોકો વિવિધ દવાઓ અને ઇન્જેકશન લે છે અને તેમના આહારનું નિરીક્ષણ કરે છે. તેથી ડાયાબિટીસના દર્દીઓને પણ જામફળ ખાવાની સલાહ આપવામાં આવે છે. મૂંઝવણ ઊભી થાય છે કે સફેદ જામફળ ખાવું કે ગુલાબી જામફળ.

જામફળ એક ડાયાબિટીસ માટે અનુકૂળ ફળ છે, જે ડાયેટરી ફાઇબર, વિટામિન સી અને એન્ટીઑકિસડેન્ટથી ભરપૂર છે. વધુમાં તેમાં ખૂબ જ ઓછો ગ્લાયકેમિક ઇન્ડેક્સ છે, જે ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક છે.

બજારમાં બે પ્રકારના જામફળ વેચાય છે. એક સફેદ જામફળ અને બીજો ગુલાબી જામફળ. જ્યારે બંને સ્વાસ્થ્ય માટે સારા છે, આજે અમે તમને જણાવીશું કે ડાયાબિટીસ માટે કયું જામફળ વધુ ફાયદાકારક છે.

ગુલાબી જામફળ લિપોસિન નામના એન્ટીઑકિસડન્ટથી ભરપૂર હોય છે. આ લિપોસીન હૃદયને સુરક્ષિત રાખવામાં, કેન્સરનું જોખમ ઘટાડવામાં અને સ્વસ્થ શરીર જાળવવામાં મદદ કરે છે.

સફેદ જામફળ ડાયેટરી ફાઇબર્સથી ભરપૂર હોય છે. આ ફાઇબર્સ ગ્લુકોઝ શોષણ ઘટાડીને શરીરમાંથી કચરો દૂર કરવામાં મદદ કરે છે. તેને ખાવાથી પાચનમાં પણ સુધારો થાય છે.

વધુમાં ગુલાબી જામફળમાં રહેલા લિપોસીન અને વિટામિન સી સ્વાદુપિંડ અને વાહિની પેશીઓને નુકસાન પહોંચાડતા મુક્ત રેડિકલનો નાશ કરીને ઇન્સ્યુલિનને યોગ્ય રીતે કાર્ય કરવામાં મદદ કરે છે.

આ ફાઇબર્સ આંતરડાની ગતિવિધિઓને નિયંત્રિત કરે છે અને LDL કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરે છે, જે ડાયાબિટીસના દર્દીઓ માટે મહત્વપૂર્ણ છે.

આ સંદર્ભમાં ગુલાબી જામફળ ડાયાબિટીસ માટે ખાસ કરીને ફાયદાકારક છે. તેમાં ઉચ્ચ ફાઇબર સામગ્રી ડાયાબિટીસના શોષણ ઘટાડે છે અને બ્લડ સુગરને નિયંત્રણમાં રાખે છે. તેથી દરરોજ એક થી બે જામફળ ખાવા જોઈએ.

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# વૃદ્ધાવસ્થામાં થતી બીમારી



ભારતીય સમાજ અને વિશ્વના અન્ય સમાજોમાં વૃદ્ધાવસ્થા સાથે કુટુંબ-વ્યવસ્થા સંકળાયેલી છે, પરંતુ તમામ પ્રકારના સમાજોમાં આ સંદર્ભમાં જુદાપણું જોવા મળે છે. આજે પણ મહદ અંશે ભારતીય સમાજમાં વૃદ્ધોની સારસંભાળ અને માન-સન્માન કુટુંબ જીવનમાં સચવાય છે. જ્યારે પશ્ચિમના સમાજોમાં વૃદ્ધાવસ્થાનો પર્યાય એકલતા બન્યો છે. ભારતમાં ખાસ કરીને શહેરી જીવનના બદલાતા કૌટુંબિક સ્વરૂપને કારણે વૃદ્ધ મા-બાપથી અલગ વિભક્ત કુટુંબ સ્થાપવાનું ચલણ વધતું જાય છે. તેને પરિણામે વૃદ્ધોએ અને ક્યારેક વૃદ્ધ દંપિત્તએ વૃદ્ધાશ્રમનો સહારો લેવો પડે છે. આના કારણો ઘણાંય છે. પતિ-પત્નીનું કામકાજી જીવન કોઈ કારણસર કુટુંબમાં મનમેળનો અભાવ અને આર્થિક કે બીમારીના કારણ હોઈ શકે.

જરા ચિકિત્સા એટલે વૃદ્ધોમાં થતી બીમારીનું અધ્યયન તેમ જ તેનો ચિકિત્સ (ડૉકટર) અથવા વૃદ્ધાવસ્થામાં સંભાળ રાખનાર આ જરા ચિકિત્સક (જેરોન્ટલોજી)ની ડિમાન્ડ વધવા લાગી છે. આ ક્ષેત્રે ચિકિત્સક કે સંભાળ રાખનાર બહુ ઓછા છે, ડિમાન્ડ વધુ છે. એક સંશોધન મુજબ વૃદ્ધાવસ્થામાં થતી બીમારીઓના કારણોમાં એ જણાયું કે ત્રીસથી ચાલીસની ઉંમરમાં શારીરિક સંભાળમાં દુર્લક્ષતા રાખવી તે છે. આ ઉંમર દરમ્યાન શરીરમાં જોઈતા મિનરલ્સ કે વિટામિનની ઉણપ પર ધ્યાન દેવું અતિ જરૂરી છે. બાહ્ય ખાદ્ય પદાર્થના ઉપયોગથી, ઘરમાં બનતા વ્યંજનો પ્રાકૃતિક છે કે નહિ તેના ઉપર કોઈ ધ્યાન આપતું નથી. વધુ પડતા ફરસાણના ઉપયોગને કારણે શરીરમાં વિસરલ ફેટ (ટ્રાન્સફેટ) વધવાને કારણે વૃદ્ધાવસ્થામાં અવયવો બરાબર કામ નથી કરતા. મીઠાઈઓના સેવનના કારણે એ.જી.ઈ.નું વધવું એટલે કે એન્ડવાન્સ ગ્લાયકેસન એન્ડ પ્રોડકસનનું વધવું. શરીરના અવયવ પર સાકર પચાવાનો અધિક બોજ આવે છે, જેથી રાત્રે વારંવાર પેશાબનું આવવું. તેથી જણાય છે કે અવયવોને નકામી સુગર ફેંકવાની અધિક જરૂર પડે. તે ન ફેંકાતા પગ પર સોજા આવે છે. કીડનીની ક્ષમતા બગડે છે.

ફરસાણના વધુ સેવનના કારણે કબજિયાત થવી, જેથી શરીરમાં ગેસનું પ્રમાણ વધી જાય છે. પગમાં સતત દુખાવો થાય છે. ચાલવું મુશ્કેલ બને છે. ડાયાબિટીસની સમસ્યા અધિક રહે છે. જેના કારણે આંખોમાં મોતીયાની સમસ્યા થાય છે. કાનમાં સંભળાવાનું ઓછું થાય છે. કોલેસ્ટ્રોલ પ્રોસ્ટ્રેટમાં ડીપોઝીટ થાય છે ત્યાં સોજા આવી જાય છે. ડાયાબિટીસીની દવા અને કોલેસ્ટ્રોલની દવાઓની આડઅસરના કારણે કીડની અથવા હૃદયની સમસ્યાઓ થાય છે. આ બીમારીઓ ત્રીસથી ચાલીસ વર્ષની ઉંમરમાં ગતિહીન જીવનશૈલીના કારણે થાય છે. આહારમાં કાર્બોહાઈડ્રેડ અને અનહેલ્થી ફેટને નિયંત્રણમાં રાખવું ખૂબ જરૂરી છે.

વચગાળાની ઉંમરમાં ચિકિત્સકની સલાહથી જો શરીરની નાની નાની વ્યાધિઓને કાબૂમાં રાખવામાં આવે તો જ વૃદ્ધાવસ્થામાં બિમારીઓથી દૂર રહી શકાય છે. આહારમાં લેવાતા પદાર્થો પ્રાકૃતિક ન હોય ત્યારે જ આ સમસ્યાઓ થાય છે. વૃદ્ધાવસ્થામાં એક હેરાન કરતી બીમારી છે. અલ્ઝાઈમર (ભૂલવાની બીમારી) આ હાલના સમય વધુ દેખાવા લાગી છે. શારીરિક સ્વાસ્થ્યની જેમ જ માનસિક સ્વાસ્થય સાંઈઠની ઉંમર પછી બગડવા લાગે છે. આ બીમારી શારીરિક સમસ્યાઓ તેમ જ સામાજિક સમસ્યાને કારણે પણ થાય છે. પરિવારથી દૂર રહેવું, એકલતા, પડોશી, મિત્ર વર્તુળથી દૂર રહેવાથી પણ આ સમસ્યા થાય છે. કામકાજના બોજાને કારણે સામાજિક પ્રવૃત્તિથી દૂર રહેવાને કારણે વૃદ્ધાવસ્થામાં એકલતા આવી જાય છે. સામાજિક મેલમેલાપ પણ માનસિક સ્વાસ્થ્ય માટે જરૂરી છે.

વર્નર સિંડ્રોમ આ સમસ્યા વયસ્ક અવસ્થા કે વયસ્ક જીવનની પ્રારંભિકતામાં જણાય છે. આ સમસ્યામાં ત્વચામાં કરચલી પડવી. ગંજાપણુ થવું વગેરે... આ માંસપેશીની ક્ષમતા ઓછી થવાના કારણે થાય છે. વજન ઘટવું, યાદદાસ્ત ઓછી થવી, નબળાઈ, થકાવટ, હાડકાંનો દુઃખાવો કે અન્ય બીમારીઓ લગભગ યુવાવસ્થામાં સંભાળ ન રાખવાને કારણે થાય છે.

વૃદ્ધાવસ્થામાં આ બીમારી હોય તો ખાદ્યપદાર્થ પર ધ્યાન દોરવું અતિ જરૂરી છે. સ્વાદિષ્ટ ખાવાનું જરૂર લ્યો પણ તે પ્રાકૃતિકરૂપથી લેવું જરૂરી છે. મીઠાઈ અને ફરસાણ પંદર દિવસમાં એકવાર લો. ધ્યાન (એકાગ્રતા) કેળવો. શાકભાજીનું સેવન વધારી દો. અનાજનું પ્રમાણ ફક્ત વીસથી ત્રીસ ટકા જેટલું રાખો. રાત્રે ભોજનમાં ફક્ત સૂપ કે થોડો દલિયો લો. જેથી આ બીમારીઓ પર કાબૂ મેળવી શકાય. ■

### આજે ભારત-સાઉથ આફ્રિકા વચ્ચે ટી-૨૦ના જગમાં સવાલ સો મણનો...

# સેમસન કે જિતેશ?

## શુભમન ગિલ અને હાર્દિક પંડ્યાની વાપસીથી ટીમ ઈન્ડિયા મજબૂત બની



કટક : આજથી સાઉથ આફ્રિકા સામેની પાંચ મેચની ટી-૨૦ સીરિઝની પ્રથમ મેચ રમાશે. શુભમન ગિલ અને હાર્દિક પંડ્યાની વાપસીથી ટીમ ઈન્ડિયા મજબૂત થઈ છે. ટીમ ઈન્ડિયા ઘર આંગણે આગામી વર્ષે યોજાનારા ટી-૨૦ વર્લ્ડ કપ માટે તૈયારીઓ શરૂ કરશે. મેચ ભારતીય સમય અનુસાર સાંજે સાત વાગ્યે શરૂ થશે.

દક્ષિણ આફ્રિકા સામેની આ શ્રેણી ફેબ્રુઆરીમાં ભારતની વર્લ્ડ કપ માટે ઔપચારિક તૈયારીઓને મજબૂત કરશે. ભારતીય ટીમ વર્લ્ડ કપ પહેલા ૧૦ ટી૨૦ મેચ રમશે. દક્ષિણ આફ્રિકા પછી તેઓ ન્યૂ ઝીલેન્ડ સામે પાંચ મેચની શ્રેણી પણ રમશે. ભારત વર્લ્ડ કપમાં પોતાની પહેલી મેચ ૭ ફેબ્રુઆરીએ વાનખેડે સ્ટેડિયમ ખાતે અમેરિકા સામે રમશે.

ભારતીય ટીમ આ બે શ્રેણીમાં સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે મેદાનમાં ઉતરશે જેનો મુખ્ય ધ્યેય ખેલાડીઓની ભૂમિકા નક્કી કરવાનો અને વર્લ્ડ કપ પહેલા યોગ્ય ટીમ કોમ્બિનેશન શોધવાનો છે. ગયા વર્ષે વર્લ્ડ કપ જીત્યા પછી ભારતે ટી-૨૦ ક્રિકેટમાં મજબૂત પ્રદર્શન કર્યું છે. તેણે ટાઇટલ જીતવા માટે સતત આઠ મેચ જીતી હતી. ભારતીય ટીમે ફક્ત ચાર મેચ ગુમાવી છે. દરમિયાન ભારતીય ટીમે એક પણ ટી-૨૦ સીરિઝ ગુમાવી નથી અને હવે તે ટી-૨૦ વર્લ્ડ કપ ફાઇનલમાં હરાવેલી ટીમ સામે તેની ધાર વધુ મજબૂત બનાવવાનું લક્ષ્ય રાખશે.

ઈજાના કારણે કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાંથી બહાર થયા બાદ ગિલ આ સીરિઝથી વાપસી કરશે. છેલ્લી આઈપીએલ અને ભારતની આગામી વ્યસ્ત સીઝનથી તેના સતત ક્રિકેટને જોતાં તેના વર્કલોડ મેનેજમેન્ટ પર નજીકથી નજર રાખવામાં આવશે. પરંતુ ગિલ માટે આ સીરિઝ ખૂબ મહત્ત્વની રહેશે જેણે ૩૩ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૨૯.૮૯ ની સરેરાશથી ૮૩૭ રન કર્યા છે. ગિલની વાપસી અભિષેક શર્મા સાથે એક મજબૂત ઓપનિંગ જોડી બનાવશે. અભિષેકે ઓસ્ટ્રેલિયામાં શાનદાર પ્રદર્શન કર્યું અને ૧૬૩ રન ફટકાર્યા હતા. તે ભારતનો સૌથી વધુ રન કરનાર ખેલાડી હતો. ત્યારથી તેણે સ્થાનિક સ્તરે પણ સારું પ્રદર્શન કર્યું છે. હાર્દિક પંડ્યાની વાપસી ભારત માટે પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. એશિયા કપ દરમિયાન ક્વાડ્રિસેપ્સ ઈજાને કારણે બે મહિનાથી વધુ સમય માટે મેદાનની બહાર રહેલા આ ઓલરાઉન્ડરે શાનદાર વાપસી કરી છે. મુશ્તાક અલી ટ્રોફીમાં બરોડા તરફથી રમતા ૪૨ બોલમાં અણનમ ૭૭ રન ફટકાર્યા હતા અને ચાર ઓવરમાં ૫૨ રન આપીને એક વિકેટ લીધી હતી. હાર્દિક ટીમના બાકીના ખેલાડીઓના એક દિવસ પહેલા અહીં પહોંચ્યો હતો અને બારાબતી સ્ટેડિયમમાં એકલા પ્રેક્ટિસ કરી હતી. તેની વાપસી ભારતીય ટીમને જરૂરી સંતુલન આપશે.

કેપ્ટન સૂર્યકુમાર યાદવનું લાંબા સમય સુધી ખરાબ ફોર્મ આ શ્રેણી પહેલા ચર્ચાનો મુખ્ય વિષય રહ્યું છે. તેણે આઈપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ માટે ૭૧૭ રન કર્યા હતા પરંતુ ત્યારથી તે અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યો નથી. ગયા વર્ષે જૂલાઈમાં ટી-૨૦ કેપ્ટન તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી તે ૧૫ ઇનિંગ્સમાં ફક્ત ૧૮૪ રન જ કરી શક્યો છે, જેની સરેરાશ ૧૫.૩૩ છે. એટલું જ નહીં, તેનો સ્ટ્રાઇક રેટ પણ ઘટીને ૧૨૭.૭૭ થઈ ગયો, જે ૨૦૨૨માં ૧૮૭ હતો.

સંજૂ સેમસન અને જિતેશ શર્મા વચ્ચે પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવા માટે હરિફાઈ રહેશે. ઓસ્ટ્રેલિયામાં સેમસને ફક્ત એક જ વાર બેટિંગ કરી હતી, જ્યારે તેને ત્રીજા નંબરે મોકલવામાં આવ્યો હતો. ત્યારબાદ જિતેશને છેલ્લી ત્રણ ટી૨૦ મેચ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. ભારતની વર્લ્ડ કપ જીત પછી સેમસન ભારતીય બેટ્સમેન તરીકે સૌથી વધુ રન કરવા મામલે યાદીમાં ત્રીજા ક્રમે છે. તેણે ઓપનર તરીકે ત્રણ સદી ફટકારી છે, જેમાંથી બે સદી દક્ષિણ આફ્રિકામાં ફટકારી હતી. સેમસને મુશ્તાક અલી ટ્રોફીમાં પણ સારું પ્રદર્શન કર્યું અને બે અડધી સદી ફટકારી હતી. ■

## હાર્દિકને લીધે ટીમને ઘણા ઑપ્શન્સ મળે છેઃ સૂર્યા

કટકઃ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવનું માનવું છે કે ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની વાપસીથી એશિયા કપમાં સફળતા હાંસલ કરનારી ટીમની રણનીતિ અને સંતુલન મળશે. ભારતીય ટીમ મંગળવારથી દક્ષિણ આફ્રિકા સામે શરૂ થનારી પાંચ મેચની ટી-૨૦ સીરિઝમાં રમશે. ઝડપી બોલિંગની સાથે સાથે એક શાનદાર બેટ્સમેન હાર્દિક ઈજાને કારણે એશિયા કપની ફાઇનલમાં રમી શક્યો નહીં. ઈજામાંથી સ્વસ્થ થયા પછી તેણે તાજેતરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં વાપસી કરી હતી અને શાનદાર ફોર્મમાં છે. આગામી વર્ષમાં યોજાનારા ટી-૨૦ વર્લ્ડ કપ પહેલા તેની વાપસીથી ટીમના વિકલ્પોમાં વધારો થયો છે.

પ્રથમ ટી-૨૦ મેચ અગાઉ ભારતીય ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે કહ્યું હતું કે "નવા બોલ સાથેની તેની કુશળતા ભારતને ત્રણ કે ચાર સ્પિનરોને મેદાનમાં ઉતારવાનો વિકલ્પ આપે છે. મને લાગે છે કે તમે એશિયા કપમાં પણ જોયું હશે, જ્યારે તે નવા બોલથી બોલિંગ કરી રહ્યો હતો, ત્યારે તેણે અમને પ્લેઇંગ ઇલેવનમાં વિવિધ કોમ્બિનેશન અપનાવાના ઘણા વિકલ્પો અને તકો આપી હતી." ■

# ટી-૨૦ વર્લ્ડકપ લાઇવ જોવા નહીં મળે?

## જિયોસ્ટારે વિશ્વકપની મૅચોનું જીવંત પ્રસારણ નહીં કરવાનો નિર્ણય લીધાના અહેવાલો

નવી દિલ્હી : ૨૦૨૬ ટી-૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે. આવતા વર્ષના મૅગા આઈસીસી ઇવેન્ટ પહેલા ભારતીય ક્રિકેટ ચાહકો માટે ખરાબ સમાચાર આવ્યા છે. દેશના અગ્રણી ડિજિટલ બ્રોડકાસ્ટર જિયોસ્ટારે આવતા વર્ષે યોજાનારા ટી-૨૦ વર્લ્ડકપનું લાઈવ બ્રોડકાસ્ટિંગ ન કરવાનો નિર્ણય લીધો છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, જિયો સ્ટારને નુકસાન થઈ રહ્યુ છે. એવામાં કંપનીએ લાઇવ બ્રોડકાસ્ટિંગમાંથી પાછળ હટવાનો નિર્ણય લીધો છે. જિયોસ્ટારે આઈસીસીને સત્તાવાર રીતે જાણ કરી છે કે તે તેના કરારના બાકીના બે વર્ષ માટે ભારતની ક્રિકેટ મીડિયા રાઇટ્સ સેવા પૂરી પાડી શકશે નહીં. આ પાછળનું કારણ કંપનીને થયેલું નુકસાન છે. જિયોએ આઈસીસીને જાણ કરી છે કે તેને ૨૦૨૪-૨૫માં ૨૫,૭૬૦ કરોડનું નાણાકીય નુકસાન થયું છે.

જિયોસ્ટારે આઈસીસીને જાણ કરી હતી કે તે તેના ચાર વર્ષના ભારત મીડિયા રાઇટ્સ કરારના છેલ્લા બે વર્ષ પૂરા કરી શકશે નહીં. તેનું મુખ્ય કારણ ભારે નાણાકીય નુકસાન છે. રિપોર્ટ અનુસાર, આઈસીસીએ ૨૦૨૬-૨૯ માટે ભારતના મીડિયા રાઈટ્સ માટે એક નવા બિડની જાહેરાત કરી છે જેમાં લગભગ ૨.૪ અબજો ડૉલરની માગ કરવામાં આવી છે.

રિપોર્ટમાં દાવો કરાયો છે કે સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઇન્ડિયા, નેટફ્લિક્સ અને ઍમેઝોન પ્રાઇમ વીડિયોનો સંપર્ક કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે, પરંતુ તેમાંથી કોઈએ વધુ કિંમતના કારણે રસ દાખવ્યો નથી. જો આ રિપોર્ટમાં કરાયેલો દાવો સત્ય હશે તો તે આઈસીસીને મુશ્કેલીમાં મુકી શકે છે કારણ કે આગામી ટી-૨૦ વર્લ્ડ કપને માત્ર ત્રણ મહિના બાકી છે. જોકે આ બાબતે જિયોસ્ટાર કે ક્રિકેટ બોર્ડ તરફથી કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. ■

# છેલ્લી વન-ડેમાં સ્લૉ ઓવર રેટઃ ટીમ ઈન્ડિયાને દંડ કરાયો

દુબઈ : સાઉથ આફ્રિકા સામે વન-ડે સિરીઝ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાને ઝટકો લાગ્યો છે. દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ રાયપુરમાં રમાયેલી બીજી વન-ડે મેચમાં સ્લો ઓવર રેટ બદલ ભારતને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો. દક્ષિણ આફ્રિકાએ બીજી વનડે જીતીને ત્રણ મેચની શ્રેણી ૧-૧ થી બરાબર કરી હતી, પરંતુ ભારતે વિશાખાપટ્ટનમમાં ત્રીજી વનડે મેચ જીતીને શ્રેણી ૨-૧ થી જીતી લીધી હતી.

મેચ રેફરીના એલિટ પેનલમાં સામેલ રિચી રિચર્ડસને દંડ ફટકાર્યો હતો કારણ કે લોકેશ રાહુલની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ટીમે નિર્ધારિત સમયમાં બે ઓવર ઓછી ફેંકી હતી.

ખેલાડીઓ અને ખેલાડીના સહાયક કર્મચારીઓ માટે આઈસીસી આચાર સંહિતાની કલમ ૨.૨૨ અનુસાર, જે ન્યૂનતમ ઓવર-રેટ ગુનાઓ સાથે સંબંધિત છે, ટીમના ખેલાડીઓને તેમની ટીમ નિર્ધારિત સમયમાં બોલિંગ કરવામાં નિષ્ફળ રહે તે દરેક ઓવર માટે તેમની મેચ ફીના પાંચ ટકા દંડ ફટકારવામાં આવે છે. રાહુલે ગુનો અને પ્રસ્તાવિત દંડનો સ્વીકાર કર્યો હતો. જેનાથી ઔપચારિક સુનાવણીની જરૂર પડી નહોતી. આ આરોપો ઓન-ફિલ્ડ અમ્પાયર રોડ ટકર અને રોહન પંડિત, થર્ડ અમ્પાયર સેમ નોગાસ્કી અને ફોર્થ અમ્પાયર જયરમન મદનગોપાલ દ્વારા લગાવવામાં આવ્યા હતા. ■

# હવે ઘણું સારું લાગી રહ્યું છેઃ ઈજા પછી પહેલીવાર બોલ્યો ગિલ



કટક : ભારતીય ટી-૨૦ ટીમના વાઈસ કેપ્ટન શુભમન ગિલ ગરદનની ઇજામાંથી સ્વસ્થ થવા માટે બેંગલૂરુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઈઓ) ખાતે રિહેબિલિટેશન બાદ દક્ષિણ આફ્રિકા સામેની ટી-૨૦ સિરીઝમાં વાપસીને લઈને સારું અનુભવી રહ્યો છે. સીઓઈએ ગિલને મંગળવારથી શરૂ થતી પાંચ મેચની શ્રેણીમાં રમવાની મંજૂરી આપી હતી.

ભારતના ટેસ્ટ અને વનડે કેપ્ટનને ગયા મહિને દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટમાં સ્વીપ શોટ રમતી વખતે ગરદનમાં ઈજા થઈ હતી, જેના કારણે તેણે ગુવાહાટીમાં બીજી ટેસ્ટ અને ત્યારબાદની વનડે શ્રેણી ગુમાવી હતી. ગિલ દક્ષિણ આફ્રિકા સામે મજબૂત પ્રદર્શનની આશા રાખશે.

ગિલે બીસીસીઆઈ ટીવીને કહ્યું હતું કે મને હવે ઘણું સારું લાગી રહ્યું છે. મને લાગે છે કે મેં અહીં આવ્યાના દિવસથી આજ સુધી ઘણા કૌશલ્ય વિકાસ અને પ્રેક્ટિસ સત્રોમાં ભાગ લીધો છે. મને ઘણુ સારું લાગી રહ્યું છે. બીસીસીઆઈએ સ્ટ્રેન્થ અને કન્ડિશનીંગ કોચ એસ. રજનીકાંતની દેખરેખમાં ગિલની પ્રેક્ટિસ અને રિહેબિલિટેશનના કેટલાક વીડિયો પણ શેર કર્યા હતા. ગિલ વીડિયોમાં સ્વીપ શોટની પ્રેક્ટિસ પણ કરતો જોવા મળે છે. ■

### સૈયદ મુશ્તાક અલી ટ્રોફી

## મુંબઈ જીત્યું, રહાણેના ૯૫ રન

સોમવારે રમાયેલી સૈયદ મુસ્તક અલી ટ્રોફીની ગ્રૂપ-એની મૅચમાં વરિષ્ઠ બૅટ્સમેન અજિંક્ય રહાણેએ ૫૬ બૉલમાં ફટકારેલા ૯૫ રનની મદદથી મુંબઈની ટીમે ઓડિશાની ટીમને નવ વિકેટથી પરાજય આપ્યો હતો. ઓડિશાની ટીમે સાત વિકેટને ભોગે બનાવેલા ૧૬૭ રનના જવાબમાં રહાણેએ સરફરાઝ ખાન સાથે પ્રથમ વિકેટની ભાગીદારીમાં ૭૪ રન ફટકાર્યા હતા.

## યુપીને આંચકો, બિહારે હરાવ્યું

કોલકાતાઃ બિહારે સોમવારે અહીં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ગ્રૂપ-બીની મેચમાં ઉત્તર પ્રદેશને છ વિકેટથી હરાવ્યું હતું. રિંકૂ સિંહે આ મેચમાં સારુ પ્રદર્શન કરી શક્યો ન હતો. ઓપનર પીયૂષ સિંહની ૫૪ બોલમાં ૫૭ રનની ઇનિંગની મદદથી બિહારે ૧૪૫ રનના લક્ષ્યનો પીછો કરતા ચાર વિકેટ ગુમાવી જીત હાંસલ કરી હતી. અગાઉ ઉત્તર પ્રદેશે છ વિકેટ ગુમાવીને ૧૪૪ રન કર્યા હતા. ૧૪૪ રનમાં મર્યાદિત રહ્યો. બિહાર તરફથી મંગલ મહરોરે ત્રણ વિકેટ ઝડપી હતી. ઉત્તર પ્રદેશ તરફથી રિંકૂએ ૧૯, સમીર રિઝવીએ ૨૨ રન કર્યા હતા.

## હરિયાણા સુપર-૮માં

ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની ચાર વિકેટ છતાં હરિયાણાએ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ગ્રૂપ સી મેચમાં બંગાળને સરળતાથી ૨૪ રનથી હરાવ્યું અને સુપર આઠમાં સ્થાન મેળવ્યું હતું. હરિયાણા અને પંજાબ બંનેના ગ્રૂપમાં ૨૦ પોઈન્ટ હતા, પરંતુ સારા નેટ રન રેટને કારણે પંજાબ ટીમમાં ટોચ પર હતું. પંજાબનો નેટ રન રેટ પ્લસ ૨.૭૧૬ હતો, જ્યારે હરિયાણાનો પ્લસ ૦.૪૦૯ હતો.

## બરોડા અને સર્વિસિસ આઉટ

ડેબ્યુ કરી રહેલા ઓપનર અમિત પાસીની ૫૫ બોલમાં ૧૧૪ રનની મદદથી બરોડાએ હાઇ-સ્કોરિંગ મેચમાં સર્વિસિસને ૧૩ રનથી હરાવ્યું હતું. બરોડાએ પાંચ વિકેટે ૨૨૦ રન કર્યા હતા જેના જવાબમાં સર્વિસિસ આઠ વિકેટે ૨૦૭ રન કરી શક્યું હતું. બરોડા અને સર્વિસિસ બન્ને આગામી રાઉન્ડમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ રહ્યા હતા. ■

---

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખોખરું | DEFICIT |
| ખોગીર | SEARCH |
| ખોજ | HOARSE |
| ખોટ | DEFECT |
| ખોડ | SADDLE |

### માતૃભાષાની મહેક

સંસ્કૃત કે પ્રાકૃત જે કાંઇ સ્વર, તાલ, ગ્રામભેદ, રાગ અને રાગનાં અંગોવાળું હોય તેને ગીત કહે છે. ગીત એટલે સાહિત્યની પૂર્ણ અર્થભાવનાવાળી શબ્દમય રચનાને સુમધુર નાદ દ્વારા વ્યક્ત કરી. વિસ્તાર કરી બતાવવું તે. લગ્ન અથવા કોઈ ખુશાલીના પ્રસંગે બૈરાં જે ગાય છે તે ગીત કહેવાય છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ NUMEROPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) નવીનતા
બ) પ્રવાસ
ક) નંબર
ડ) સાહસ

### ઈર્શાદ

તારા ઉપર ન ભાર ખુલાસાનો આવી જાય,
આ મૌન માત્ર એટલા ખાતર ઉપાડિયે.
-- મનોજ ખંડેરિયા

### શબ્દલાલિત્ય — કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ■ | ૫ | | ૬ | ૭ |
| | ■ | ૮ | | | | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | | ■ | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | ■ | ૧૫ | ■ | ૧૬ | ■ | ■ |
| ■ | | ■ | | ■ | | ■ | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | ૨૦ | ■ | ૨૧ | ■ | ૨૨ | ■ | | ■ |
| ■ | ■ | | ■ | | ■ | | ■ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | ■ | ૨૭ | ■ | ૨૮ | ■ | ૨૯ | | |
| ૩૦ | | ■ | ૩૧ | | | ૩૨ | | ■ | |
| ૩૩ | | | | ■ | ૩૪ | | | | |

**આડી ચાવી**

૧. દિલ્હી ભારતનું --- છે (૫)
૫. ખૂબ ઘરાઈને (૪)
૮. જન્મદિવસ (૫)
૯. ---ના ચટકા હોય મટકા નહિ (૨)
૧૦. આહીર, ભરવાડ (૩)
૧૨. ભાઈ (૨)
૧૩. શરીર, કાયા (૨)
૧૭. છળ, પ્રપંચ (૩)
૧૯. ઝેરના --- ન હોય (૩)
૨૩. વાણી (૨)
૨૫. ખોબો (૨)
૨૯. હંસ (૩)
૩૦. --- તેનો નાશ છે (૨)
૩૧. શિખામણ આપનાર (૫)
૩૩. --- કરવું=પ્રાપ્ત કરવું (૪)
૩૪. તરખાટ (૫)

**ઊભી ચાવી**

૧. --- કરવી=ઘા પર મલમપટ્ટી કરવી (૪)
૨. --- બેઠો નખોદ વાળે (૩)
૩. ફળની અંદરનો માવો (૨)
૪. જીભ (૩)
૫. ઠપકો આપવો, ધમકાવવું (૩)
૬. તજવીજ, ગોઠવણ (૩)
૭. એક જાતનું રેશમી કાપડ (૩)
૧૧. ઢાલ બનાવનાર (૪)
૧૪. ઘરતીનો છેડો (૨)
૧૫. જે અમર છે (૨)
૧૬. સાલસ, નરમ સ્વભાવનું (૨)
૧૮. કુટુંબકબીલો (૪)
૨૦. પાળિયો (૨)
૨૧. કાંઠો, કિનારો (૨)
૨૨. મોરની માદા (૨)
૨૪. તાલાવેલી, અતિ ઉત્સુકતા (૪)
૨૫. રક્ષણ (૩)
૨૬. સઘળું, તમામ (૩)
૨૭. એક ઘાતુ (૩)
૨૮. વગર વિચાર્યું જોખમી કામ (૩)
૨૯. '૩૬૫' દિવસનો સમય (૩)
૩૨. શ્રવણેન્દ્રિય (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ એ | ક | ૨ લ | ૩ વ્ય | ■ | ૪ ઉ | પ | ૫ દ્ર | ૬ વ |
| ૭ રો | ષ | ■ | ૮ ક | થા | ■ | પ | ■ | ૯ વ્ય | ય |
| ૧૦ ચ | ણા | ■ | વા | ■ | ૧૧ જા | ગ્ર | ત | ■ | સ્ક |
| ક | ■ | ૧૨ કં | ■ | ■ | ૧૩ ને | હ | ■ | ■ | ■ |
| ■ | ■ | ૧૪ કા | વા | ૧૫ દા | વા | ■ | ૧૬ બ | ડા | શ |
| ૧૭ ક | પા | સ | ■ | ૧૮ વ | રી | યા | ળી | ■ | ■ |
| ■ | ■ | ■ | ૧૯ ઓ | પે | ■ | ■ | યા | ■ | ૨૦ ગ |
| ૨૧ સુ | ■ | ૨૨ ક | ર | ચ | ■ | ૨૩ લં | ■ | ૨૪ ઉ | ર |
| ૨૫ ગં | ૨૬ ગા | ■ | મા | ■ | ૨૭ ભા | ગ | ■ | ૨૮ મં | જુ |
| ૨૯ ધ | ન | વા | ન | ■ | ૩૦ વ | ર | જં | ગ | ■ |

### ઓળખાણ પડી?



સ્વર્ગ, પૃથ્વી અને નરકના સૂચિત ત્રણ સ્તરની ફૂલોની જાપાનીઝ શૈલીની ગોઠવણી કયા નામથી વિશ્વ પ્રસિદ્ધ છે એ જણાવો.

અ) ગોખરુ બ) ઈકેબાના ક) કુટજારિષ્ટ ડ) ઘાબાજરિયું

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

'યુદ્ધ અને ખેલમાં ગાફેલ ન રહેવાય' પંક્તિમાં 'ગાફેલ' શબ્દનો અર્થ જણાવો.

અ) આળસ બ) અસાવધ ક) ગભરાટ ડ) આક્રમક

### માઈન્ડ ગેમ

ફૂલ છોડની શોભા વધારે છે. વનસ્પતિ વિશ્વમાં કેટલાક છોડ પર લીલાછમ પાન હોય છે, પણ ફૂલ નથી હોતા. એવા છોડનું નામ જણાવો.

અ) Dahlia બ) Fern ક) Hibiscus ડ) Marigold

### સુડોકુ-૯૧૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | ૨ | | ૭ | | | ૩ |
| | | ૩ | | | | ૯ | | |
| ૪ | ૮ | | | ૬ | | | ૭ | ૧ |
| ૯ | ૫ | | | | | | ૬ | ૮ |
| | | ૪ | | | | ૨ | | |
| ૨ | ૧ | | | | | | ૩ | ૪ |
| ૮ | ૨ | | | ૩ | | | ૪ | ૭ |
| | | ૯ | | | | ૮ | | |
| ૭ | | | ૧ | | ૨ | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૧ | ૩ | ૮ | ૬ | ૫ | ૪ | ૯ |
| ૮ | ૬ | ૪ | ૫ | ૨ | ૯ | ૩ | ૧ | ૭ |
| ૫ | ૯ | ૩ | ૪ | ૧ | ૭ | ૬ | ૮ | ૨ |
| ૯ | ૩ | ૭ | ૧ | ૬ | ૪ | ૮ | ૨ | ૫ |
| ૪ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ | ૭ | ૯ | ૬ |
| ૨ | ૮ | ૬ | ૭ | ૯ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૬ | ૪ | ૮ | ૯ | ૭ | ૨ | ૧ | ૫ | ૩ |
| ૧ | ૭ | ૯ | ૮ | ૫ | ૩ | ૨ | ૬ | ૪ |
| ૩ | ૫ | ૨ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખેદ | GRIEF |
| ખેપિયો | MESSENGER |
| ખેલદિલી | SPORTSMANSHIP |
| ખોખું | BOX |
| ખોજ | SEARCH |

**ગુજરાત મોરી મોરી રેઃ** જંતુ

**ઓળખાણ પડી?** ઘાબાજરિયું

**માઈન્ડ ગેમ :** આંધ્ર પ્રદેશ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** માઠા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ પટેલ (૨) મુલરાજ કપુર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશિબ્ધ દેસાઈ (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જ્યોતિ ખાંડવાલા (૧૧) પુષ્પા પટેલ (૧૨) હર્ષા મહેતા (૧૩) લજિતા ખોના (૧૪) ફાલ્ગુની શેઠ (૧૫) પ્રવીણ વોરા (૧૬) મહેશ સંઘવી (૧૭) મીનષ કાપડીયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) કિરીટ છેડા (૨૦) અમીશી બંગાળી (૨૧) ભરત કજરિયા (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) રષીક જુથાણી (૨૬) ભારતી બુચ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) વિણા સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) મહેન્દ્ર લોઢાવિયા (૩૩) મીના ભગત (૩૪) અંજુ ટોલિયા (૩૫) જાગૃતિ નિતિન બજરિયા (૩૬) ડાયના સંતોકે (૩૭) પુષ્પા ખોના (૩૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) રમેશભાઈ દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) શિલ્પા શ્રોફ (૪૫) કમલ માતલિયા (૪૬) નિતિન જયંતિલાલ બજરિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી (૫૧) ચેતન છેડા (૫૨) મનીષા શેઠ (૫૩) ભામિની સંપટ (૫૪) પ્રતિમા પમાણી (૫૫) ગીતા ઉદ્દેશી

## પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ → દુર્ગાપુર વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન & ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૬૦૪ | બાંદ્રા ટર્મિનસ - દુર્ગાપુર | ૦૯.૧૨.૨૦૨૫ | ૧૯.૨૫ ક. (મંગળવાર) | ૧૫.૧૦ (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, વાપી, વલસાડ, નવસારી, સૂરત, વડોદરા, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા અને સવાઈ માધોપુર સ્ટેશન.

**સંરચનાઃ** AC-૨ ટિયર, AC-3 ટિયર, AC 3-ટિયર (ઈકોનોમી), સ્લિપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચેસ.

સમય, થોભવાના સ્થળ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નં. ૦૯૬૦૪ માટે બુકિંગ IRCTC વેબસાઈટ પર અને તમામ PRS કાઉન્ટર્સ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: x.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખો.

# પ્રોફિટ બુકિંગ, વિદેશી ભંડોળના આઉટફ્લોને કારણે સેન્સેક્સ ૬૧૦ પોઈન્ટ ગબડ્યો; નિફ્ટી ૨૬,૦૦૦થી નીચે સરકી ગયો

મુંબઈ: વિદેશી રોકાણકારો દ્વારા શેરોની અવિરત વેચાણ વચ્ચે રોકાણકારો નફો ગાંઠે બાંધવો દોડી ગયા હોવાથી, ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી નેગેટીવ ઝોનમાં સરી ગયા હતા, જેમાં સેન્સેક્સ ૬૧૦ પોઈન્ટ ગબડ્યો; નિફ્ટી ૨૬,૦૦૦થી નીચે સરકી ગયો હતો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે આ અઠવાડિયાના યુએસ ફેડરલ રિઝર્વ નીતિ નિર્ણય પહેલા રોકાણકારો રક્ષણાત્મક વલણ અપનાવ્યું હતું, જેના કારણે સેન્ટિમેન્ટ વધુ નબળું પડ્યું હતું. સેન્સેક્સ ૬૦૯.૬૮ પોઈન્ટ અથવા ૦.૭૧ ટકા ઘટીને ૮૫,૧૦૨.૬૯ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૩૬.૭૮ પોઈન્ટ અથવા ૦.૯૭ ટકા ઘટીને ૮૪,૮૭૫.૫૯ના ઇન્ટ્રાડે નીચા સ્તરે અથડાયો હતો. બે દિવસના સુધારાનો સિલસિલો તોડી નિફ્ટી ૨૨૫.૯૦ પોઈન્ટ અથવા ૦.૮૬ ટકા ઘટીને ૨૫,૯૬૦.૫૫ પોઇન્ટના સ્તરે બંધ થયો. ઇન્ટ્રાડે સેશનમાં, તે ૨૯૪.૨ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકા ઘટીને ૨૫,૮૯૨.૨૫ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સના ઘટકોમાં, ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ, ઇટર્નલ, ટ્રેન્ટ, ટાટા સ્ટીલ, બજાજ ફાઇનાન્સ, અદાણી પોર્ટ્સ, બજાજ ફિનસર્વ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, પાવરગ્રીડ, એશિયન પેઇન્ટ્સ, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, ટાઇટન, ગઝર્ઇ, કોટક મહિન્દ્રા બેંક, લાર્સન ટુબ્રો અને ભારતી એરટેલ ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતા, જ્યારે માત્ર ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલોજીસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેંકના શેરોમાં જ સુધારો જોવા મળ્યો હતો. પ્રાઇમરી માર્કેટમાં આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એએમસીનો રૂ.૧૦,૬૦૨.૬૫ કરોડનો આઇપીઓ ૧૨ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૬ ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણીને ૧૭ ડિસેમ્બરે અંતિમ સ્વરૂપ અપાશે અને એનએસઇ તથા બીએસઇ પર ૧૪૯ ડિસેમ્બરે લિસ્ટિંગ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૨૦૬૧થી રૂ. ૨૧૬૫ જાહેર થઇ છે. અરજી માટે લોટ સાઇઝ છ શેરની છે.

યુનિસેમ એગ્રીટેક લિમિટેડ, બુધવાર, ૧૦ ડિસેમ્બરના રોજ રૂ.૨૧.૪૫ કરોડની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ.૬૩થી રૂ.૬૫ પ્રતિ શેર છે. એન્કર બિડ નવમી ડિસેમ્બરના રોજ ખુલશે અને જાહેર ભરણું ૧૨ ડિસેમ્બરના રોજ બંધ થશે. એકત્રિત ભંડોળનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાત, બેંકિંગ સુવિધાઓની ચુકવણી અને સામાન્ય કોર્પોરેટ હેતુ માટે થશે. વેકફિટ ઇનોવેશન્સ લિમિટેડ રૂ. ૧૨૮૯ કરોડનો અને કોરોના રેમેડીઝનો રૂ.૬૫૫.૩૭ કરોડનો આઇપીઓ સોમવારે ખૂલ્યો છે. પેજસન એગ્રો ઇન્ડિયાનો રૂ. ૭૪.૪૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૧ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૫ ડિસેમ્બરના રોજ બંધ થશે. શેરની ફાળવણીને ૧૬ ડિસેમ્બરે અંતિમ સ્વરૂપ અપાશે અને લિસ્ટિંગ ૧૮ ડિસેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૧૨થી રૂ. ૧૧૮.૦૦ પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે અને અરજી માટે લોટ સાઈઝ ૧,૨૦૦ છે. પાર્ક મેડી વર્લ્ડનો રૂ. ૯૨૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ દસમી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ બંધ થશે. નેફ્રોકેર હેલ્થ સર્વિસિસનો રૂ. ૮૭૧.૦૫ કરોડના બુક બિલ્ડ આઇપીઓ ૧૦ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ડિસેમ્બરના રોજ બંધ થશે. ઇન્ડિયન ગેસ એક્સચેન્જના બોર્ડે આઇપીઓ માટે મંજૂરી આપી છે.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું કે, ફેડરલ રિઝર્વના નીતિ નિર્ણયની જાહેરાત પહેલા રોકાણકારોએ સાવચેતીભર્યું વલણ અપનાવતા બજારમાં વ્યાપક ઘટાડો જોવા મળ્યો.

### પશ્ચિમ રેલવે - રતલામ

**ટેલિકોમ મટેરિઅલની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ**

ટેન્ડર નં.: SandT-RTM-૨૫-Tele-૧૩ તારીખઃ ૦૪.૧૨.૨૫. ડિવિઝનલ રેલવે મેનેજર (S&T), રતલામ, પશ્ચિમ રેલવે નીચેના ટેલિકોમ કામે ઈ-ટેન્ડરો મંગાવે છે. કામનું નામઃ રતલામ ડિવિઝનના સંબંધમાં ટેલિકોમ મટેરિઅલની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગઃ ચિત્તોડગઢ, રતલામ અને દેવાસ સ્ટેશન ખાતે દિવ્યાંગજનને સુવિધા આપવા માટે ટેલિકોમ પેસેન્જરોને સુવિધાઓ અને માહિતી સિસ્ટમનું અપગ્રેડેશન, વધારો અને રિપ્લેસમેન્ટ. **કામની અંદાજિત કિંમતઃ** ₹ ૩,૫૩,૫૯,૦૧૩.૮૫/-. **ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ** શૂન્ય. **બાના રકમ ડિપોઝીટઃ** ₹ ૩,૨૬,૮૦૦.૦૦/-. **પૂર્ણતાનો સમયગાળોઃ** ૧૦ મહિના. **ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે બંધ થવાની તારીખ & સમયઃ** ૨૯/૧૨/૨૦૨૫ના ૧૫.૦૦ ક. સુધી. **ઈ-ટેન્ડર ખોલવાની તારીખ & સમયઃ** ૨૯/૧૨/૨૦૨૫ ૧૫.૩૦ ક. પછી. **ઓફરની માન્યતાઃ** ટેન્ડર ખોલવાની તારીખથી ૬૦ દિવસ. ટેન્ડર વેબસાઈટ **https://www.ireps.gov.in** પર જોઈ શકાય છે. ટેન્ડરર/બિડર પાસે કલાસ-III ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર હોવું આવશ્યક છે અને IREPS પોર્ટલ પર નોંધણી કરાવવી આવશ્યક છે. ફક્ત નોંધાયેલા ટેન્ડરર/બિડરો જ ઈ-ટેન્ડરીંગમાં ભાગ લઈ શકે છે. ઈ-ટેન્ડરીંગમાં ભાગ લેતી વખતે બધા સંબંધિત દસ્તાવેજો અપલોડ કરવા આવશ્યક છે.

SNP-362 **ડિવિઝનલ રેલવે મેનેજર (S&T)**

અમને લાઇક કરો: facebook.com/WesternRly

### પશ્ચિમ રેલવે વડોદરા મંડળ

**જાળવણી ફ્રી અર્થિંગ અને અસોસિએટેડ કામોની જોગવાઈ**

**નોટિસ મંગાવતી ટેન્ડરઃ EL** /૫૦/૧/૧૭ (૨૫-૨૬) તારીખઃ ૦૪/૧૨/૨૦૨૫ ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્ર.) પશ્ચિમ રેલવે, વડોદરા ડિવિઝન ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામો માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટર્સ પાસેથી ભારતીય રેલવે વેબસાઈટ **www.ireps.gov.in** પર ઈ-ટેન્ડર મંગાવે છે. ટેન્ડર નં.: **BRC-EL-P-૧૮-૨૪૭૫-૨૬-૨૬.** **કામનું નામઃ** વડોદરા ડિવિઝનઃ વિવિધ સ્ટેશન ખાતે હાલના જૂના G.I પાઈપ અર્થિંગની બદલીમાં જાળવણી ફ્રી અર્થિંગ અને અસોસિએટેડ કામોની જોગવાઈ. **અંદાજિત કિંમત (રૂ.):** ₹ ૫,૫૧,૪૧,૩૧૪.૦૦. **બારડી (રૂ.):** ₹ ૪,૨૫,૭૦૦.૦૦. **ટેન્ડર ફી (રૂ.):** NIL **ઈ-ટેન્ડર બંધ થવાની તારીખઃ** ૦૧.૦૧.૨૦૨૫. **વેબસાઈટ વિગતોઃ** **www.ireps.gov.in**

BRC 284

અમને લાઇક કરો: facebook.com/WesternRly

### પબ્લિક નોટીસ

જાહેર જનતાને આથી ખબર આપવાની કે **શ્રીમતી ભાવિતા રાજન કોઠારી** તેણી ફ્લેટ નં. ૨૪, ૨જો માળ, જૂહુ રાધિકા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ ખાતે રહેનાર જે યુકો બેન્કની પાછળ, ૧૦મો રોડ, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૪૯ ખાતે સ્થિત છે, વિક્રેતા તરીકે અહીં નીચે લખેલ પરિશિષ્ઠમાં દર્શાવિલ તમામ બોજાઓથી મુક્ત મિલકત અમારા અસીલ/લોને વેચવા, ટ્રાન્સફર, કન્વે કરવા અને તરફેણમાં ખાત્રીપૂર્વક આપવા કબૂલ થયેલ છે.

અહીં નીચે લખેલ પરિશિષ્ઠમાં દર્શાવિલ મિલકતમાં કે તે અંગે વેચાણ, બદલી, ગીરો (ટાઈટલ ડીડ્સને જમા કરાવી ઈક્વીટેબલ ગીરો સહિત), લીઝ, વારસો, ભેટ, લીઅન, ચાર્જ, જાળવણી, ઇઝમેન્ટ, ટ્રસ્ટ, કબજો, ટેનંસી, ઓક્યુપંસી કે બીજી રીતે કોઈપણ દાવો કે હિત ધરાવનાર કોઈપણ શખ્સ કે શખ્સો એની જાણ લેખિતમાં દસ્તાવેજી પૂરાવા સાથે અમને **રૂમ નં. ૧૦/૧૧, ૪થો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા બિલ્ડીંગ, ૫૫, એમ. જી. રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧** ખાતે આની તારીખથી ૧૪ દિવસમાં કરે નહીં તો આવા શખ્સ/સોનો દાવો/દાવા જો કોઈ હશે તો તે ત્યજી દીધેલ, જપ્ત કરાયેલ, છોડી દીધેલ, જતા કરેલ ગણાશે અને એવું સ્વીકારી લેવાશે કે અહીં નીચે લખેલ પરિશિષ્ઠમાં દર્શાવિલ મિલકતમાં આવા દાવા કે હિત અસ્તિત્વમાં નથી તથા અમારા અસીલો મિલકતની ખરીદી માટે આગળ વધશે.

**ઉપર ઉલ્લેખાયેલ મિલકતનું પરિશિષ્ઠઃ**

તે તમામ ૫ ફૂલ્લી પેઈડ અપ શેર્સ જે જૂહુ રાધિકા કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડના દરેક રૂા. ૫૦/-ની ફેસ વેલ્યુના છે જે તા. ૨૭મી માર્ચ ૧૯૯૨ના શેર સર્ટિફિકેટ નં. ૧૩માં સમાવિષ્ટ હોઈ ડીસ્ટીંક્ટીવ નંબર ૦૫૬ થી ૦૬૦ (બંને સહિત) ધરાવે છે

અને

તે તમામ ફ્લેટ નં. ૨૪ માપમાં આશરે ૫૭૦ ચોરસ ફીટ જૂહુ રાધિકા કો-ઓપરેટિવ હાઉસીંગ સોસાયટી લિમિટેડના ૨જા માળ પર છે જેનું સરનામું યુકો બેન્ક પાછળ, ૧૦મો રોડ, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૪૯ ખાતે છે અને ઈર્લા નાલાની ઉત્તરે પ્લોટ નં. ૩ના પેટા-પ્લોટ નં. ૩ ધરાવતી જમીનના પ્લોટ પર, જૂહુ ડેવલપમેન્ટ સ્કીમમાં સ્થિત હોઈ કે વોર્ડ નં. ૭૮૯૪, સર્વે નં. ૭૦ જૂહુના અને ૨૮૭ વિલેપાર્લાના તથા સીટીએસ નં. ૧૯૬એ (ભાગ) ગામ જૂહુના ધરાવે છે જે મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગર જીલ્લાનાં નોંધણી જીલ્લા અને પેટા જીલ્લામાં છે.

તારીખઃ ૦૮.૧૨.૨૦૨૫

સહી/-
એલ જે લો,
એડવોકેટ્સ અને સોલીસીટર્સ,
(ઇંગ્લેંડ અને વેલ્સ)

# ચાંદી ₹ ૮૭૮ના સુધારા સાથે ₹ ૧,૭૯,૦૮૮ની સપાટીએ

મુંબઇ: રૂપિયાની નબળાઇ અને યુએસ ટ્રેડ ડીલની અનિશ્ચિતતાને પગલે બુલિયન બજારમાં સોનાચાંદીના ભાવને મળી રહેલા ટેકા વચ્ચે સપ્તાહના પહેલા દિવસે એકંદરે નિરસ હવામાન જોવા મળ્યું હતું, જેમાં સોના સવારના સત્રમાં જોવા મળેલો સુધારો પાછળથી ધોવાઇ ગયો હતો અને તે નેગેટીવ ઝોનમાં ગબડ્યું હતું. જ્યારે ચાંદીમાં પ્રારંભિક સત્રમાં જોવા મળેલો સુધારો એકંદરે જળવાયો હતો. હાજર સોનાના ભાવ દસ ગ્રામે રૂ. ૨૩૩થી રૂ. ૨૩૫ ઘટ્યા હતા, જ્યારે ચાંદીમાં કિલોએ રૂ. ૮૭૮નો સુધારો નોંધાયો હતો. સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૧,૨૮,૫૯૨ના પાછલા સત્રના બંધ સામે રૂ. ૧,૨૮,૬૯૧ પ્રતિ દસ ગ્રામની સપાટીએ અને ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૧,૨૮,૦૭૭ના પાછલા બંધ સામે રૂ. ૧,૨૮,૧૨૨ પ્રતિ દસ ગ્રામની સપાટીએ ખૂલ્યું હતું. જ્યારે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૧,૭૮,૨૧૦ના પાછલા સત્રના બંધ સામે રૂ. ૧,૭૯,૧૦૦ પ્રતિ કિલોગ્રામની સપાટીએ ખૂલી હતી. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સ્થાનિક બજારોમાં માંગ ઓછી થવાને કારણે સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૩૦૦ રૂપિયા ઘટીને ૧,૩૨,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ બોલાયા છે.

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

(SWM વિભાગ, R/સેન્ટ્રલ વોર્ડ)
નં. AE/RC/૮૧૩૨/SWM તા. ૦૫.૧૨.૨૦૨૫

**નોટીસ**

**વિષયઃ** R / સેન્ટ્રલ વોર્ડમાં સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન (વસ્તી સ્વચ્છતા યોજના)નું કામ.

R / સેન્ટ્રલ વોર્ડના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ રજિસ્ટર્ડ સ્વ-સહાય જૂથો તેમજ રસ ધરાવતા સ્થાનિક રજિસ્ટર્ડ સહકારી સંસ્થાઓ, સેવા સહકારી સંસ્થાઓ, બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ, વગેરે પાસેથી સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન (વસ્તી સ્વચ્છતા યોજના) માટે હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવવામાં આવે છે, **જેઓ R /સેન્ટ્રલ વોર્ડના અધિકારક્ષેત્રમાં ૩૦-૧૧-૨૦૨૩ પહેલાં નોંધાયેલા છે.** સંસ્થાઓ દ્વારા સ્વયંસેવકોની જોગવાઈ માટે, લોટરી દ્વારા કામ ફાળવવા માટે પાત્રતા યાદી તૈયાર કરવા માટે અરજીઓ મંગાવવામાંઆવી રહી છે.

| ક્ર. નં. | યોજનાનું નામ | સદર કામ માટે પસંદ કરવામાં આવનારી સંસ્થાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સ્વચ્છ મુંબઈ પ્રબોધન અભિયાન (વસ્તી સ્વચ્છતા યોજના) | ૧૭ |

રસ ધરાવતા અરજદારોએ ૦૫.૧૨.૨૦૨૫ થી ૧૫.૧૨.૨૦૨૫ દરમિયાન સ. ૧૦.૩૦ થી બ. ૧.૩૦ ક. સુધી કોઈપણ CFC કેન્દ્રો ખાતે રોકડમાં રૂ. ૧૪૫૨ + ૧૮% GST ચૂકવ્યા પછી આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) R/સેન્ટ્રલ વોર્ડની ઓફિસમાંથી અરજી ફોર્મ એકત્રિત કરવાનું રહેશે. પાત્રતા યાદીમાંથી લાયક સંસ્થાઓને નિયમો અને શરતો અનુસાર આસીસ્ટન્ટ કમિશનર દ્વારા કામ ફાળવવામાં આવશે.

રસ ધરાવતી સંસ્થાઓ વધુ વિગતો, અરજી ફોર્મ અને એફિડેવિટના નમૂના માટે R/સેન્ટ્રલ વોર્ડ ઓફિસનો સંપર્ક કરી શકે છે અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબપેજ **http://portal.mcgm.gov.in** ની મુલાકાત લઈ શકે છે. સંસ્થાઓએ પાકતી તારીખ પહેલા એટલે કે ૧૫.૧૨.૨૦૨૫ના બ. ૦૩.૦૦ ક. સુધીમાં R/સાઉથ વોર્ડ ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની રહેશે. ઉલ્લેખિત પાકતી તારીખ અને સમય પછી પ્રાપ્ત થયેલી કોઈપણ અરજીઓ ધ્યાન લેવામાં આવશે નહીં.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) R/

PRO/2541/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

### પશ્ચિમ રેલવે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિઅલ વિભાગ, NFR સેકશન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮.

કામ- મુંબઈ ડિવિઝનમાં વિવિધ NFR મિડિયા દ્વારા જાહેરાતનું પ્રદર્શન

| ઓકશન કેટલોગ નં. | ઓકશન પ્રારંભ (તમામ લોટ) |
|---|---|
| MMCT-ADVT- ૨૫-૬૨ | ૨૯-૧૨-૨૫ ૧૫:૦૦:૦૦ |

| ક્ર. નં. | લોટ નંબર | સ્થળ/વિસ્તાર | દિવસ | ઈ-ઓકશનની બંધ થવાની તારીખ & સમય |
|---|---|---|---|---|
| ૧ | ADVT-BCT-UOI-OSN-૧૮૨-૨૪-૧ (જાહેરાત-સ્ટેશન પ્રિમાઈસીસ (નોન-ડિઝિટલ)) | ૩ વર્ષની મુદત માટે અમરોલી (UOI) સ્ટેશન ખાતે બલ્ક જાહેરાત હક્કો. | ૧૦૯૬ | ૨૯-૧૨-૨૫ ૧૫:૩૦:૦૦ |
| ૨ | ADVT-BCT-NIG-OH-૨૮-૨૫-૧ (જાહેરાત-આઉટ ઓફ હોમ) | નાયગાંવ (NIG) સ્ટેશન પૂર્વ સાઈડ ખાતે પ્રદર્શન સાઈઝ ૬૦૦ ચો. ફૂટ (સ્ટ્રકચર્સની રિપેરિંગ / મજબૂતીકરણ સહિત)ની હાલની હોર્ડિંગ | ૩૬૫ | ૨૯-૧૨-૨૫ ૧૫:૪૦:૦૦ |
| | સ્ટ્રકચર્સ ૦૨ પર જાહેરાતનું પ્રદર્શન માટે બલ્ક જાહેરાત હક્કો. | | | |
| ૩ | ADVT-BCT-ST-OH-૪૫૭-૨૫-૧ (જાહેરાત-આઉટ ઓફ હોમ) | સૂરત પશ્ચિમ સર્ક્યૂલેટિંગ એરિયા (૧૮૨૮ ચો. ફૂટનો પ્રદર્શન એરિયા) ખાતે ૭૮ નોન-લીટ /ગ્લો સાઈન ડિસ્પ્લે બોર્ડના સ્થાપના દ્વારા | ૧૬૮ | ૨૯-૧૨-૨૫ ૧૫:૫૦:૦૦ |
| | જાહેરાતના પ્રદર્શન માટે બલ્ક હક્કો. | | | |

સંપર્ક વિગતોઃ લેન્ડ લાઈન નં. ૦૨૨૬૭૬૪૪૨૧૨. ઈમેલ **ID: acmadvtgbct@gmail.com**
નોંધઃ સંભવિત બિડરોએ **IREPS** વેબસાઈટ **(www.ireps.gov.in)** પર ઈ-ઓકશન લીઝિંગ મોડયૂલની મુલાકાત લેવા વિનંતી. લોટ વાઈઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે.

0875

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

**એસેસમેન્ટ અને કલેકશન વિભાગ**
**ઓકશન વેચાણ**
**(કર બાકી રકમની વસૂલાત માટે)**
**લાંબી સૂચના**

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ની કલમ ૨૦૬ (૨) હેઠળ અને સ્થાવર મિલકતના વેચાણ માટે મ્યુનિસિપલ નિયમનમાં નિર્ધારિત રીતે. મિલકતની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્ર. નં. | વોર્ડ નામ | SAC નં. | આકારણીઓનું નામ | મિલકતનું વર્ણન | બિલ્ડીંગ નામ & સરનામું | જમીન/ બિલ્ડીંગ/ યુનિટનો વિસ્તાર (ચો.મી.) | ૩૧.૦૩.૨૫ સુધીનો મિલકત વેરો | દંડ | બાકીની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | E | EX1401190020000 | લેસર-સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા ઈન કાઉન્સિલ, લેસી-ડિરેક્ટર, M/s. જયંત ઓઈલ મિલ્સ. પ્રોપ. જયંત વેગોઈલ્સ અને કેમિકલ્સ LTD. | ગોડાઉન અને ઓફિસ સાથે ઓઈલ મિલ | ૧૩ સિતાફળ વાડી DR. M. રોડ મઝગાંવ મુંબઈ-૧૦ | 2325.85 | 4978660 | 9212420 | 14191080 |
| ૨ | F/S | FS0302460150000 | લમન રઘુનાથ શેટયે અને ગોપાલ પુંડલિક શેટયે ટ્રસ્ટીઓ | જમીનનો પ્લોટ | ૭૫ C DR. S.S. રાવ રોડ, પરેલ, શિવરી, મુંબઈ-૪૦૦૦૧૨ | 1193.29 | 3056064 | 5859924 | 8915988 |
| ૩ | G/S | GS1400720040029 | શ્રી વસંતરાવ દત્તાજી ધનવટ્ય (વ્યક્તિગત) શ્રી વસંતરાવ દત્તાજી ધનવટ્ય (કર્તા હિન્દુ સંયુકત પરિવાર) અને અન્ય લોકો જોડાયેલા નિવેદન મુજબ | સિજ્ય હાઉસ, ઓફિસ નં. ૩૦૮ | ૧૨૨ ૧૨૪ DR. એન્ની બેસન્ટ રોડ, વર્લી, મુંબઈ-૧૮ | 226.13 | 6642960 | 10210267 | 16853227 |
| ૪ | HW | HW0106300050000 | શ્રી ભીખાભાઈ એન. ઉપાધ્યાય શ્રી એમ. જે. ભટ | હાઉસ કોમેટ જેમ કે દુકાનો અને ઓફિસો | HW- ૬૨૧૪ (૧-E) ટનર રોડ, બાંદ્રા (પ.), મુંબઈ-૫૦ | 1650.73 | 71214828 | 117598548 | 188813376 |
| ૫ | PN | PN0609824960000 | શ્રીમતી બચ્ચુભાઈ W દાસચો અને કંપનીના માલિકો જો કોઈ હોય તો દિનશા, W એસ્ટેટ પી ઓ હિતેશકુમાર જયા નિતીભાઈ પરમાર અનવારુલ એસ. અકઝુનાલ્ડ ખાન સોહરાબ ચંદ ખાન સોહરાબ ચંદ ખાન અને શિવરતન શંકરલાલ, સંકરલાલ | AC શેડ કોમર્શિયલ | CTS નં. ૬૧૦ PT કન્યાચા પાડા, કુરાર ગામ, જન. એ. કે. વૈદ્ય માર્ગ નજીક, મલાડ (પૂ.), મુંબઈ-૯૭ | 958.07 | 11744398 | 20559540 | 32303938 |
| ૬ | PS | PS0510328160000 | M/s. અમીર પાકર્સ એમ્યુઝમેન્ટ્સ પ્રા. લિ. | હોટેલ ઈમ્પિરિયલ પેલેસ | હોટેલ ઈમ્પિરિયલ પેલેસ, રોયલ પામા, આરે મિલ્ક કોલોની, ગોરેગાંવ (પૂ.), મુંબઈ-૪૦૦૦૬૩. | 38143.65 | 194876370 | 150689129 | 345565499 |
| ૭ | RN | RN1611760010000 | M/s. વિકાયલાલ ઈન્વેસ્ટમેન્ટ CO OC કપ રામા રઘુ ભોઈર | જમીનનો પ્લોટ (રહેણાંક) | સપના સાડી પ્રિન્ટર્સ ૪૦૩/એ, ભરૂચ રોડ, દહિસર (પૂ.), મુંબઈ-૬૮. | 2766.65 | 16453149 | 7716180 | 24169329 |

આથી તમામ સંબંધિત માલિકો / કરદાતાઓને સૂચિત કરવામાં આવે છે કે તેઓ બાકી રહેલ મિલકત વેરાની બાકી રકમ ૦૭ દિવસની અંદર ચાર્જ સાથે ચૂકવી દે. જો તે ચૂકવવામાં ન આવે તો ઓક્શન કરવામાં આવશે.

સહી/-
Dy. એસેસર & કલેકટર
(કોમ્પ્યુટર)

PRO/2535/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૨૫૬૧૯૭_૧ |
| વિષય | ૧ વર્ષની મુદત માટે એર ક્વોલીટી મોનીટરીંગ & રિસર્ચ લેબોરેટરી ખાતે એનાલીટીકલ સેવાઓની જોગવાઈ. |
| સ્ક્રુટીની ફી | રૂા. ૧૮,૧૫૦/- (+ ૧૮% GST) |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂા. ૨,૧૦,૪૮૦/- |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | તા. ૦૮.૧૨.૨૦૨૫ ૧૧.૦૦ ક.થી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | તા. ૩૦.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | તા. ૩૦.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મિટિંગ | ચી. એન્જિ. (એન્વા. & C.C.). હેડ ઓફિસની ઓફિસમાં ૧૮.૧૨.૨૦૨૫ના ૧૫.૩૦ ક. |
| પેકેટ A & B ખૂલશે | ૦૧.૦૧.૨૦૨૫ના ૧૬.૦૧ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | એર ક્વોલીટી મોનીટરીંગ એન્ડ રીસર્ચ લેબોરેટરીનું કાર્યાલય, BMC માર્કેટ ઓફિસ બિલ્ડિંગ, ન્યુ પેરામાઉન્ટ હા. સો. કમ્પાઉન્ડ., ટિળક રોડ, સાંતાક્રુઝ (પ.), મુંબઈ-૪૦૦૦૫૪. ઈમેલ ID: aqmrldata@gmail.com |

(વેબસાઈટઃ- https://mahatenders.gov.in)

આ ટેન્ડર ટ્રાન્સફરેબલ નથી.

BMC ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
ચીફ એન્જિ. (એન્વા. & કલાઈમેટ ચેન્જ)

PRO/2547/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો

### BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ | પબ્લિક હેલ્થ વિભાગ |
| ડિવિઝન | ડૉ. R. N. કૂપર મ્યુનિ. જન. હૉસ્પિટલ, જુહુ. |
| વિષય | ૧) ડૉ. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલમાં વિવિધ સ્થળોએ હર્મેટિકલી સીલબંધ સ્વિંગ-પ્રકારના દરવાજાના એસેમ્બલી સંબંધિત SITC કાર્યનું અમલીકરણ. મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૩૦૩૭૨_૧<br>૨) ડૉ. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલમાં હોસ્પિટલ બિલ્ડિંગમાં વિવિધ સ્થળોએ પ્રવેશ પર્યાવરણ નિયંત્રણ એકમ માટે SITC ના અમલીકરણનું કાર્ય. મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૩૦૩૫૨_૧<br>૩) ડૉ. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલમાં પહેલા માળે નિષ્ક્રિય થર્મલ એકોસ્ટિક એન્વલપ ઇન્ટરસિટી અને ઓવરહેડ આર્કિટેક્ચરલ સબસિસ્ટમ્સના સુધારણા અને નવીકરણનું કાર્ય. મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૫૦૧૮૨_૧<br>૪) HBT મેડિકલ કોલેજ અને ડો. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલ ખાતે ટાટા કમ્પાઉન્ડના પરિસરમાં પેરિફેરલ યુટિલિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના અપગ્રેડેશન અને મજબૂતીકરણનું કાર્ય. મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૩૦૩૭૫_૧<br>૫) ડૉ. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલની અંદર વિવિધ સુવિધાઓ પર સંકલિત વિદ્યુત પ્રણાલીઓના અમલીકરણ અને આનુષંગિક ઉપકરણોની જમાવટનું કાર્ય. મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૩૦૩૫૮_૧<br>૬) એચબીટી મેડિકલ કોલેજ ખાતે ઓટો લેવલ સૂચક સિસ્ટમ્સનું સપ્લાય ઇન્સ્ટોલેશન પરીક્ષણ અને કમિશનિંગ મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૫૫૬૧૭_૧<br>૭) ડૉ. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલમાં મુખ્ય હોસ્પિટલ બિલ્ડિંગ માટે સંલગ્ન કાર્ય સાથે જીએલ હેવી ગેજ ડિલિવરી લાઇનનું સમારકામ અને ફેરબદલ મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૫૫૬૧૪_૧<br>૮) ડૉ. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલમાં દર્દીની ઇમરજન્સી એટેન્ડિંગ બેલના પુનઃઉત્પત્તિનું ફેરબદલ મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૫૫૬૧૨_૧<br>૯) ડૉ. આર. એન. કૂપર મ્યુનિ. જનરલ હોસ્પિટલ ખાતે ગાર્ડન માટે MS સુરક્ષા ગ્રીલની જોગવાઈ અને ફિક્સિંગ. મહા ટેન્ડર ID. (બિડ નં.) ૨૦૨૫_MCGM_૧૨૨૩૧૧૯_૧ |
| ઈ-ટેન્ડર વેચાણ | ૦૯.૧૨.૨૦૨૫ના ૧૬.૦૦ ક.થી ૧૫.૧૨.૨૦૨૫ના ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ 'A' પેકેટ 'B'ની ખોલવાની તારીખ અને સમય | ૧૬.૧૨.૨૦૨૫ ૧૬.૦૦ ક. પછી ૧૬.૧૨.૨૦૨૫ ૧૬.૧૦ ક. પછી |
| પેકેટ 'C' ખોલવાની તારીખ અને સમય | ૨૪.૧૨.૨૦૨૫ના ૧૬.૦૦ ક. પછી |
| વેબસાઈટ | www.mahatenders.gov.in & http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ A - નામ | શ્રી પ્રણય પવાર - આસીસ્ટન્ટ એન્જિ. (M & E) ડૉ. આર. એન. કૂપર મ્યુનિ. જન. હોસ્પિટલ |
| B - ટેલિફોન (ઓફિસ) | ૦૨૨-૨૬૨૦૭૨૫૭ એક્ષ્ટે. નં. ૧૫૦ |
| C - ઈ-મેલ સરનામું | secooper64@gmail.com |

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (M & E)
H.B.T. મેડિકલ કૉલેજ &
ડૉ. R. N. કૂપર મ્યુનિ.જન. હૉસ્પિટલ

PRO/2553/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

મહારાષ્ટ્ર વિધાનસભા અધિવેશન

# ૭૫,૨૮૬ કરોડ રૂપિયાની વિક્રમજનક પૂરક માગણીઓ

નાગપુર : રાજ્ય સરકારે સોમવારે વિધાનસભામાં ફરી એકવાર ૭૫,૨૮૬ કરોડ રૂપિયાની રેકોર્ડ પૂરક માગણીઓ રજૂ કરી. ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી પહેલા એટલે કે જૂન ૨૦૨૪માં ૯૪,૮૮૯ કરોડ રૂપિયાની પૂરક માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. લાડકી બહીણ યોજના અને ખેડૂતો માટે મફત વીજળી સહિત અનેક યોજનાઓની જાહેરાતને કારણે ખર્ચમાં વધારો થયો હતો. અત્યારે પણ આ લોકપ્રિય યોજનાઓ અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પરના ખર્ચને કારણે વિવિધ કાર્યો યોજનાઓ અને પ્રોજેક્ટ્સ પરનો ખર્ચ વધ્યો છે.

ભારે વરસાદને કારણે, ખેડૂતોને નાણાકીય સહાય, બિયારણ અને અન્ય કામો માટે લગભગ ૧૫,૬૪૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. નાશિકમાં સિંહસ્થ કુંભ મેળાના કામો માટે ત્રણ હજાર કરોડ રૂપિયા આપવામાં આવશે. ૨૦૨૫-

(જુઓ પાનું ૪) ▶▶

## મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ અને યોજનાઓ

ગૌશાળાઓ માટે રૂ. ૧૨૨ કરોડ ૬૪ લાખ, મેટ્રો પ્રોજેક્ટ લોન અને વ્યાજ ચુકવણી માટે રૂ. ૧૫૦૦ કરોડ, સ્વચ્છ મહારાષ્ટ્ર મિશન, અમૃત મિશન, નગરપાલિકાઓ, નગર પંચાયતો માટે રૂ. ૫૫૫૨ કરોડ, મ્યુનિસિપલ કાર્યો અને મ્યુનિસિપલ કાઉન્સિલો માટે રૂ. ૧૦૦૦ કરોડની ખાસ ગ્રાન્ટ, સમૃદ્ધિ હાઇવે પર ઇન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ માટે રૂ. ૫૦૦ કરોડ, પુણે રિંગ રોડ અને જાલના-નાંદેડ એક્સપ્રેસવે પ્રોજેક્ટ્સ માટે લેવામાં આવેલી લોન પર વ્યાજ અને મૂડી યોગદાન માટે રૂ. ૯૨૫ કરોડ, સરકારી ઇમારતો, હોસ્પિટલો, ટેકનિકલ સંસ્થાઓ, કોલેજો વગેરેના બાંધકામ, સમારકામ વગેરે માટે રૂ. ૫૮૯૩ કરોડ, સિંચાઈ યોજનાઓના જાળવણી, સમારકામ અને કામો માટે રૂ. ૩૨૨૩ કરોડ,

(જુઓ પાનું ૪) ▶▶

# 'વંદે માતરમ્'ના નારા સાથે મહારાષ્ટ્ર વિધાનસભાના શિયાળુ સત્રની શરૂઆત

નાગપુરઃ મહારાષ્ટ્ર વિધાનસભા અને વિધાન પરિષદના સભ્યોએ સોમવારે વિધાનસભાના શિયાળુ સત્રના પ્રથમ દિવસે 'વંદે માતરમ્'ના સંપૂર્ણ સંસ્કરણનું પઠન કર્યું હતું. રાષ્ટ્રીય ગીતની ૧૫૦મી જયંતિ નિમિત્તે બંને ગૃહોની કાર્યવાહી 'વંદે માતરમ્'ના પ્રથમ બે શ્લોકના પરંપરાગત પઠન સાથે શરૂ થયા બાદ સત્તાવાર રાજ્ય ગીત 'જય જય મહારાષ્ટ્ર માઝા' રજૂ કરવામાં આવ્યું હતું.

વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નારવેકર અને પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ જણાવ્યું હતું કે દરેક સત્રના પહેલા દિવસે 'વંદે માતરમ્' ની પ્રથમ બે પંક્તિઓનું પઠન કરવાની વિધાનસભાની પરંપરા છે. જો કે આ વર્ષે તેની રચનાને ૧૫૦ વર્ષ પૂરા થયા હોવાથી ગૃહ આખું ગીત રજૂ કરશે.' ત્યારબાદ બંને ગૃહના સભ્યોએ આખું ગીત સંભળાવ્યું હતું.

વિધાનસભા સત્ર દરમિયાન નારવેકરે ચૈનસુખ સંચેતી, કિશોર પાટીલ, રાહુલ પાટીલ, ઉત્તમરાવ જાનકર, રામદાસ મસરામ, સમીર કુણાવર અને સરોજ આહિરેના નામની પણ જાહેરાત કરી હતી. તેઓ સ્પીકરની ગેરહાજરીમાં કાર્યવાહીની અધ્યક્ષતા કરશે.

સંસદમાં થયેલી ચર્ચા બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા લખાયેલી અને જદુનાથ ભટ્ટાચાર્ય દ્વારા સ્વર રચના કરવામાં આવેલી કવિતા વંદે માતરમ્ની ૧૫૦મી વર્ષગાંઠ પર એક વર્ષ સુધી

(જુઓ પાનું ૪) ▶▶

ટૂંકું શિયાળુ સત્ર

# સીએમ-કૉંગ્રેસ નેતા વચ્ચે જીભાજોડી

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા નાના પટોલે વચ્ચે 'ટૂંકા' શિયાળુ સત્ર માટે વિધાનસભામાં જીભાજોડી થઈ હતી. સત્રની શરૂઆત સોમવારે નાગપુરમાં થઈ હતી. નાયબ મુખ્ય પ્રધાન અને નાણાં પ્રધાન અજિત પવારે કાર્યવાહીની શરૂઆતમાં કાર્યવાહીમાં સૂચિબદ્ધ પૂરક માંગણીઓ રજૂ કરી ત્યારે પટોલેએ વાંધો ઉઠાવી ૧૪ ડિસેમ્બરે સમાપ્ત થનારા સત્રના

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




# ઇન્ડિગો ક્રાઇસિસઃ પ્રવાસીઓએ આટલું ધ્યાન રાખવું

મુંબઈઃ ઇન્ડિગોની હાલમાં ચાલી રહેલી ફ્લાઇટની સમસ્યાને કારણે પ્રવાસીઓ હેરાન થઇ ગયા છે. એરલાઇન્સ કંપની તરફથી પ્રવાસીઓને રિફંડ આપવામાં આવી રહ્યું છે, છતાં હજી સુધી કોઇ હેલ્પલાઇન જાહેર ન કરાઇ હોવાની ફરિયાદ પ્રવાસીઓ દ્વારા કરાઇ રહી છે. તેમ છતાં એરલાઇન્સે અમુક વિગતો આપી છે તેમાં ટિકિટ રદ થઇ હોવાથી લઇને રિફંડ સુધીની તમામ વિગતો આપી છે. પ્રવાસીઓ આ માહિતીને આધારે તેમને થઇ રહેલી સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે.

જો તમે આગામી થોડા દિવસોમાં ઇન્ડિગો ફ્લાઇટમાં ઉડાન ભરવાનું આયોજન કરી રહ્યા છો, તો એરપોર્ટ પર જતા પહેલા ફ્લાઇટ સ્ટેટસ તપાસવું મહત્વપૂર્ણ છે.

ઇન્ડિગો ફ્લાઇટ સ્ટેટસ તપાસવા માટે અહીં એક સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા છે

૧. goindigo.in/check-flight-status.html પર જાઓ.

૨. તમારી પીએનઆર વિગતો અને મુસાફરીની તારીખ દાખલ કરો અપડેટેડ ફ્લાઇટ સ્ટેટસ માટે સર્ચ ફ્લાઇટ પર ક્લિક કરો. ■

### રિફંડ સ્ટેટસ કેવી રીતે ટ્રેક કરવું?

એરલાઇને એક નિવેદન જારી કરીને પુષ્ટિ આપી છે કે તે તમામ મુસાફરોના રિફંડ વિનંતીઓનો તાકીદે નિકાલ લાવશે. ઇન્ડિગો વેબસાઇટ પર તમારા રિફંડ સ્ટેટસને કેવી રીતે ટ્રેક કરવું તે અંગે અહીં એક સ્ટેપ-બાય-સ્ટેપ માર્ગદર્શિકા આપવામાં આવી છેઃ

૧. goindigo.in/refund.html પર જાઓ

૨. પીએનઆર વિગતો દાખલ કરો તમારો પીએનઆર / બુકિંગ રેફરન્સ નંબર અને તમારું ઇમેઇલ આઈડી અથવા છેલ્લું નામ દાખલ કરો.

૩. ''રિફંડ સમરી'' પર ક્લિક કરો. આ તમને તમારા રિફંડની વર્તમાન સ્થિતિ, શું તે હજુ પણ પ્રક્રિયામાં છે, પૂર્ણ થયું છે વગેરે બતાવશે . ઉડ્ડયન મંત્રાલયે એરલાઇન્સને મુસાફરો પાસેથી કોઈપણ રિશેડ્યુલિંગ ચાર્જ વસૂલ ન કરવાની સૂચના આપી છે. મંત્રાલયે ઇન્ડિગોને મુસાફરોની સહાય અને રિફંડ પ્રક્રિયા માટે સમર્પિત એકમો સ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો છે. વધુમાં, મંત્રાલયે એરલાઇન્સને ફ્લાઇટ રદ થવા અથવા વિલંબને કારણે ખોવાયેલા કોઈપણ સામાનને ૪૮ કલાકની અંદર શોધીને મુસાફરોને પરત કરવા આદેશ આપ્યો છે. ■

# ઘોડબંદર રોડ પર ત્રણ દિવસ ટ્રાફિકમાં ફેરફાર

થાણેઃ થાણે, મીરા ભાયંદર, મુંબઈ-અમદાવાદ રૂટ પર ટ્રાફિક જામનું કારણ બનેલા ગાયમુખ ઘાટ રોડના એક મહત્વપૂર્ણ ભાગનું ફરી એકવાર જાહેર બાંધકામ વિભાગ અને થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સમારકામ કરવામાં આવશે.

૧૨ થી ૧૪ ડિસેમ્બર દરમિયાન આ કામ કરવામાં આવશે અને ભારે વાહનોની અવરજવર ભિવંડી-વાડા, મુંબઈ-નાશિક હાઇવે, કશેલી-કાલ્હેર જેવા માર્ગો પર વાળવી પડશે. જ્યારે હળવા વાહનોને ઘાટ પરથી એક તરફ વાળવાના રહેશે. તેથી ઘોડબંદર ઘાટ રોડ સહિતના વૈકલ્પિક માર્ગ પર ટ્રાફિક જામ થવાની શક્યતા છે. થાણે ટ્રાફિક નિયંત્રણ શાખાના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ પંકજ શિરસાટે બહાર પાડેલા એક જાહેરનામા મુજબ, આ કામ ૧૨ ડિસેમ્બરે રાતે ૧૨.૦૧ વાગે શરૂ થશે, ૧૪ ડિસેમ્બરે રાતે

(જુઓ પાનું ૪) ▶▶

# ભોજપુરી સ્ટાર પવનસિંહને લોરેન્સ બિશ્નોઇ ગેન્ગના નામે મળી ધમકી

### અભિનેતા સલમાન ખાન સાથે મંચ પર એકત્ર નહીં આવવા ચેતવણી આપી

મુંબઈઃ ભોજપુરી સ્ટાર પવનસિંહને અજાણ્યા શખસો તરફથી ધમકી મળી છે, જેમણે પોતે લોરેન્સ બિશ્નોઇ ગેન્ગના સભ્યો હોવાનો દાવો કર્યો છે અને ફિલ્મ અભિનેતા સલમાન ખાન સાથે મંચ પર એકત્ર નહીં આવવાની ચેતવણી આપી છે. પવનસિંહને ધમકી મળ્યા બાદ આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૯) દીક્ષિત ગેદામે સોમવારે જણાવ્યું હતું કે પોલીસને લેખિત ફરિયાદ મળી છે અને તપાસ બાદ યોગ્ય પગલાં લેવામાં આવશે.

પવનસિંહની મેનેજરે આ પ્રકરણે ફરિયાદ નોંધાવી છે, જેમાં તેણે દાવો કર્યો છે કે લોરેન્સ બિશ્નોઇ ગેન્ગનો સભ્ય હોવાનો દાવો કરનારી વ્યક્તિને તેને કૉલ્સ આવ્યા હતા, એમ ઓશિવરા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

મેનેજરના જણાવ્યા મુજબ તેને ગયા શનિવારથી પવનસિંહને ટાર્ગેટ કરતાં ધમકીભર્યા મેસેજ આવી રહ્યા છે. આથી તેણે પોલીસ રક્ષણ માગ્યું છે.

કૉલ કરનારે ધમકી આપી છે કે પવનસિંહે સલમાન ખાન સાથે કામ નહીં કરવું જોઇએ અને ફિલ્મમાં એકત્ર પણ નહીં આવવું જોઇએ. અન્યથા

(જુઓ પાનું ૪) ▶▶




# થાણેમાં ત્રણ દિવસ 30 ટકા પાણીકાપ

### અનેક વિસ્તારોને થશે અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે શહેરને પાણીપુરવઠો કરનારા પિસે બંધારામાંથી ટેમઘર વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં પાણી લાવનારી ૧,૦૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈન કલ્યાણ ફાટા પાસે મહાનગર ગૅસના કામ દરમ્યાન નુકસાન થયું છે. તેથી પાણીપુરવઠા વિભાગ મારફત પાણીની પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવવાનું હોવાથી થાણે શહેરના અમુક વિસ્તારોમાં ત્રણ દિવસ માટે ૩૦ ટકા પાણીકાપ રહેશે.

થાણે મહાનગરપાલિકાએ પોતાની યોજના માટે ભાતસા નદી પર પિસે બાંધ બાંધ્યો છે, તેમાંથી પાણી ઊંચકીને તેમાંથી શહેરને પાણી પુરવઠો કરવામાં આવે છે, જે શહેરને કરવામાં આવતા પાણીપુરવઠાનો મોટો સ્રોત ગણાય છે. થાણે શહેરને પાણીપુરવઠો કરનારા પિસે બંધમાંથી ટેમઘર વોટર ફિલ્ટરેશન પ્લાટમાં પાણી લાવનારી ૧,૦૦૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનને કલ્યાણ ફાટા પાસે મહાનગર ગૅસના કામ દરમ્યાન નુકસાન થયું હતું. તેથી તાત્કાલિક ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું છે, છતાં તેને સમય લાગવાનો છે. પાઈપલાઈન જૂન અને કૉંક્રીટ પદ્ધતિની બનેલી હોવાથી સમારકામમાં ત્રણ દિવસનો સમય લાગવાનો છે. તેથી થાણે શહેર તરફ આવનારા પાણીપુરવઠામાં ઘટાડો થયો હોવાથી ત્રણ દિવસ માટે શહેરમાં ૩૦ ટકા પાણીકાપ લાગુ કરવામાં આવ્યો છે. તેથી નાગરિકોને પાણી સંભાળીને વાપરવાની સલાહ આપવામાં આવી છે.

થાણે મહાનગરપાલિકા વિસ્તારની લોકસંખ્યા ૨૭

(જુઓ પાનું ૪) ▶▶

# નોટિસને નહીં ગણકારી કન્સ્ટ્રકશન સાઈટના દંડમાં મોટો વધારો કરવાની પાલિકાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં વધતા પ્રદૂષણ માટે જવાબદાર કન્સ્ટ્રકશન સાઈટ સામે આકરા પગલાં લેવાની ચીમકી પાલિકાના નવા એડિશનલ કમિશનર અવિનાશ ઢાંકણે આપી છે. વાતાવરણમાં ધૂળથી પ્રદૂષણ વધારીને નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ નોટિસ ફટકાર્યા બાદ પણ સુધરવાનું નામ નહીં લેનારી કન્સ્ટ્રકશન સાઈટના દંડમાં મોટો વધારો કરવાની ચીમકી પણ પાલિકા પ્રશાસને આપી છે.

નવા નિયુક્ત થયેલા પાલિકાના એડિશનલ કમિશનર અવિનાશ ઢાંકણે સોમવારે બાંધકામ સાથે જોડાયેલા પ્રદૂષણ માટે સંબંધિતોને આકરી કાર્યવાહીનો સામનો કરવાનો સંકેત આપતા કહ્યું હતું કે પહેલી વખત નોટિસ ફટકાર્યા પછી પણ પ્રદૂષણ વધારવાનું ચાલુ જ રાખ્યું તો દંડમાં મોટો વધારો કરવા બાબતે પાલિકા વિચાર કરી શકે છે.

હાલમાં બાંધકામ સ્થળ પર પ્રદૂષણને લગતા નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ માત્ર ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે ત્યારે આ રકમને અવિનાશ ઢાંકણેએ ઓછી ગણાવી હતી. મહારાષ્ટ્ર પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં

(જુઓ પાનું ૪) ▶▶

# ત્ર્યંબકેશ્વરમાં યુવકની હત્યા કરી મૃતદેહ પાલઘરમાં ફેંક્યોઃ પાંચ જણની ધરપકડ

### જમીનના વિવાદમાં માતા-પિતાની કરાયેલી મારપીટનો બદલો આરોપીએ સાથીદારો સાથે મળી ગુનો આચર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ત્ર્યંબકેશ્વરમાં દારૂ પીવડાવ્યા બાદ ગળું દબાવીને યુવકની હત્યા કર્યા બાદ તેના હાથ-પગ બાંધીને મૃતદેહ પાલઘરમાં ફેંકવા બદલ ક્રાઇમ બ્રાન્ચે પાંચ આરોપીની ધરપકડ કરી હતી. જમીનના વિવાદને લઇ યુવકે એક આરોપીનાં માતા-પિતાની મારપીટ કરી હોવાથી તેણે બદલો લેવા પોતાના સાથીદારો સાથે મળીને યુવકને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

પાલઘર પોલીસની ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સંતોષ ઉર્ફે અરૂણ લક્ષ્મણ ધાત્રક, ગોકુળ પાંડુરંગ બેંડકોળી, શિવરામ લક્ષ્મણ વાઘ, ગણેશ બેંડકોળી અને સંજય સંપત પોટકુળે તરીકે થઇ હતી. પાંચેય જણ નાશિકના ઇગતપુરીના રહેવાસી છે.

પાલઘર જિલ્લામાં વૈતરણા ડેમ નજીકથી ૧૨ જુલાઇ, ૨૦૨૫ના રોજ અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો, જેના હાથ-પગ વૃક્ષની વેલથી બાંધવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન મૃતકની ઓળખ નાશિક

(જુઓ પાનું ૪) ▶▶

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**